દૈનિક સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 233 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ભાદ્રપદ વદ-૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 1 October 2024, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ/2013/58486 *
મંગળવાર, ૧ ઓક્ટોબર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# આજે જમ્મુ-કાશ્મીરના ત્રીજા અને અંતિમ તબક્કાનું મતદાન

## ૧૭ ભૂતપૂર્વ પ્રધાનો, આઠ ભૂતપૂર્વ વિધાનસભ્યો અને ચાર અધિકારીઓનું ભાવિ ઘડાશે

*સુરેશ એસ ડુગ્ગર*

જમ્મુ : જમ્મુ ક્ષેત્રના ચાર જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીના ત્રીજા અને અંતિમ તબક્કાની ૨૪ વિધાનસભા ક્ષેત્ર માટેનો પ્રચાર રવિવારે સાંજે પૂરો થયો હતો. પહેલી ઓક્ટોબરે ૧૭ ભૂતપૂર્વ પ્રધાનો, આઠ ભૂતપૂર્વ વિધાનસભ્યો અને ચાર અધિકારીઓનું ભાવિ ઘડાશે. આ ચારમાંથી ત્રણ અધિકારીઓએ તો સ્વૈચ્છિક નિવૃત્તિ લઈને ચૂંટણીમાં ઝંપલાવ્યું છે. અંતિમ તબક્કામાં ભાજપ ચોવીસે ચોવીસ બેઠક પર ચૂંટણી લડી રહી છે, જ્યારે કૉંગ્રેસ ૧૯ બેઠક પર ચૂંટણી લડી રહી છે. કૉંગ્રેસે નેશનલ કોન્ફરન્સ સાથે યુતિ કરી છે અને નેશનલ કોન્ફરન્સ પાંચ સીટ પર ચૂંટણી લડવાની છે. અંતિમ ચરણમાં નગરોટા એક એવી બેઠક છે જેમાં નેશનલ કોન્ફરન્સ અને કૉંગ્રેસ વચ્ચે મિત્રતાભરી લડાઈ થવાની છે. બીજી બાજુ બન્ને પક્ષોએ ચિનૈનીમાં પેન્થર્સ પાર્ટીના નેતા હર્ષદેવ સિંહને સમર્થન આપ્યું છે. પીડીપી, ડીપીએપી, બસપા અને જમ્મુ કાશ્મીર અપની પાર્ટી પણ અનેક બેઠકો પરથી ચૂંટણી લડી રહી છે.

કૉંગ્રેસ અને ભાજપને અંતિમ ચરણમાં બંડખોરીનો સામનો કરવો પડે છે. ભાજપના સિનિયર નેતા પવન ખજૂરિયા ભાજપની ટિકિટ ન મળતાં ઉધમપુર પૂર્વમાંથી બળવાખોર તરીકે ચૂંટણી લડી રહ્યા છે. આ મતદારક્ષેત્રમાં ભાજપના સત્તાવાર ઉમેદવાર નરિન્દર સિંહ ભાઉ છંબ છે. ભાજપના બીજા એક નેતા શિવદેવ સિંહ જમ્મુ ઉત્તરથી અપક્ષ ઉમેદવાર તરીકે ઊભા છે. ભાજપના સિનિયર નેતા ચંદ્રમોહન શર્મા જમ્મુ પૂર્વમાંથી અપક્ષ ઉમેદવાર તરીકે ઊભા છે. જોકે તેઓ પાછા પક્ષમાં આવી ગયા છે અને ચૂંટણીથી હટી ગયા છે. જોકે મતદારપત્ર પર તેમનું નામ રહેશે.

ભાજપના નેતા અને ડીડીસી સભ્ય મૂલ રાજને ટિકિટ ન મળતા તેઓ કૉંગ્રેસમાં જોડાયા છે અને રામનગર

(જુઓ પાનું ૨) ▸▸



**મતદાનની તૈયારી:** જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની ચૂંટણીના ત્રીજા તબક્કાના મતદાન અગાઉ ઈવીએમ મશીનની સુરક્ષા પર ધ્યાન આપી રહેલાં સુરક્ષા અધિકારીઓ (એજન્સી)

# બાંગ્લાદેશ સામે ભારતે રચ્યો ઈતિહાસ

## ટેસ્ટમાં સૌથી ઝડપી ૫૦, ૧૦૦ અને ૨૦૦ રન ફટકાર્યા

કાનપુર: બાંગ્લાદેશ સામેની વરસાદથી પ્રભાવિત બીજી ટેસ્ટ મેચના ચોથા દિવસે સોમવારે ભારતીય બેટ્સમેનોએ ખૂબ જ આક્રમક શરૂઆત કરી હતી. ભારતીય ટીમ ટેસ્ટમાં સૌથી ઝડપી ૫૦, ૧૦૦ અને ૨૦૦ રન કરનારી ટીમ બની હતી.

કાનપુર ટેસ્ટના ચોથા દિવસે ભારતીય બેટ્સમેનોએ ટી-૨૦ અંદાજમાં બેટિંગ કરી હતી. ભારતીય ટીમ ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઝડપી ૫૦, ૧૦૦, ૨૦૦ અને ૨૫૦ રન ફટકારનાર પ્રથમ ટીમ બની ગઈ છે. ટેસ્ટ મેચમાં કોઈપણ ટીમ દ્વારા બનાવેલ આ સૌથી ઝડપી ૨૫૦ રન છે. ઈંગ્લેન્ડે ૨૦૨૨માં રાવલપિંડી ટેસ્ટમાં પાકિસ્તાન સામે ૩૩.૬ ઓવરમાં આ સિદ્ધિ મેળવી હતી.

આ પહેલા ટીમે સૌથી ઝડપી ૨૦૦ રન કરીને ઓસ્ટ્રેલિયાને પાછળ છોડી દીધું હતું. કાંગારુઓએ ૨૦૧૭માં સિડની ટેસ્ટ દરમિયાન પાકિસ્તાન સામે ૨૮.૧ ઓવરમાં આ સિદ્ધિ મેળવી હતી. આ સાથે જ ભારતે ૨૪.૪ ઓવરમાં ૨૦૦નો આંકડો પાર કરી લીધો હતો. આ દરમિયાન વિરાટ કોહલી અને કેએલ રાહુલ ક્રિઝ પર હાજર હતા. આ પહેલા ટીમ ઈન્ડિયાએ સૌથી ઝડપી ૧૫૦ રનનો રેકોર્ડ પણ સુધાર્યો હતો. ભારતે અગાઉ ૨૦૨૩માં પોર્ટ ઓફ સ્પેનમાં વેસ્ટ ઈન્ડિઝ સામે ૨૧.૧ ઓવરમાં ૧૫૦ રન કર્યા હતા. બાંગ્લાદેશ સામે ચાલી રહેલી બીજી ટેસ્ટ મેચની પ્રથમ ઇનિંગમાં ભારતીય બેટ્સમેનોએ શરૂઆતથી જ જોરદાર પ્રદર્શન કર્યું હતું. રોહિત શર્મા અને યશસ્વી જયસ્વાલે માત્ર ત્રણ ઓવરમાં ૫૦ રન પૂરા કર્યા હતા. આ પછી ટીમે ૧૦.૧ ઓવરમાં સૌથી ઝડપી સદી ફટકારી હતી.

આ સાથે ઈંગ્લેન્ડે આ વર્ષે જૂલાઈમાં ટ્રેન્ટ બ્રિજ ખાતે વેસ્ટ ઈન્ડિઝ સામે ૪.૨ ઓવરમાં ફટકારેલી ટીમની સૌથી ઝડપી અડધી સદીનો રેકોર્ડ તોડ્યો હતો. ભારતે ૧૧મી ઓવરમાં ૧૦૦ રન પૂરા કરીને પોતાનો જ રેકોર્ડ સુધાર્યો હતો. ૨૦૨૩માં વેસ્ટ ઈન્ડિઝ સામેની પોર્ટ ઑફ સ્પેન ટેસ્ટમાં ભારતે ૧૨.૨ ઓવરમાં સૌથી ઝડપી ટીમ સદી ફટકારી હતી. ■

# બિહારમાં કોસી અને બાગમતી નદીના બંધ તૂટવાથી પૂરની સ્થિતિ વણસી

પટના: બિહારના દરભંગા જિલ્લામાં કોસી નદી અને સીતામઢીમાં બાગમતી નદીના બંધ તૂટવાને કારણે રાજ્યના કેટલાક ભાગોમાં પૂરની સ્થિતિ સોમવારે વધુ વણસી હતી.

રવિવારે મોડી રાત્રે કોસી નદી ઉફાણ પર હતી અને કરતારપુર બ્લોકની નજીક તેના પાળા તૂટ્યા હતા, જેના લીધે દરભંગાના કિરતારપુર અને ઘનશ્યામપુર ગામ જળમગ્ન બન્યા હતા. જ્યારે સીતામઢી જિલ્લાના રુન્ની સૈયદપુર બ્લોકમાં બાગમતી નદીના પાળામાં લીકેજના સમાચાર મળ્યા હતા. એક અધિકારીના જણાવ્યા અનુસાર પાણીના પાળા ફરી તૂટવાને લીધે પૂરની સ્થિતિ વધુ વણસી છે, પરંતુ સ્થિતિ નિયંત્રણમાં છે. ગભરાવાની જરૂર નથી. તેમણે કહ્યું કે રાજ્યના જળ સંસાધન અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ યુદ્ધના ધોરણે કામ

(જુઓ પાનું ૨) ▸▸

**કોલકાતા બળાત્કાર**

# સુપ્રીમ કોર્ટનો મમતા સરકારને ઠપકો

નવી દિલ્હી : તબીબી સુવિધામાં સીસીટીવી કેમેરાની ગોઠવણી તથા ટોઈલેટ અને વિશ્રાંતી ખંડ બાંધવામાં પશ્ચિમ બંગાળ સરકારની મંથરગતિ અંગે સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી અને રાજ્ય સરકારને આદેશ આપ્યો હતો કે ૧૫ ઓક્ટોબર સુધી કામ પતી જવું જોઈએ. કોલકાતાની આર જી કર મેડિકલ કોલેજ એન્ડ હૉસ્પિટલમાં પોસ્ટગ્રેજ્યુએટ ડૉક્ટરના બળાત્કાર અને હત્યાના કેસની આપમેળે દખલ લઈને સુપ્રીમ કોર્ટ આ કેસ સાંભળી રહી હતી.

સુપ્રીમ કોર્ટે પોતાના એ આદેશને દોહરાવ્યો હતો કે આ કેસની પીડિતાનું નામ અને ફોટો છપાવાની કોઈ મધ્યસ્થીને છૂટ નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે અમે આ અગાઉ જ આ અંગે એક હુકમ બહાર પાડ્યો છે અને કાયદાનું રક્ષણ કરતી

(જુઓ પાનું ૨) ▸▸

# મહિનાના છેલ્લા દિવસે સેન્સેક્સમાં ૧૨૭૨ પોઈન્ટનો કડાકો

## માર્કેટ કેપમાં ₹ ૩.૭૦ લાખ કરોડનું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: મધ્ય પૂર્વમાં વધતા ભૌગોલિક રાજકીય જોખમો અને જાપાનીઝ બજારોમાં નબળાઈ વચ્ચે સેન્સેક્સ ૧,૨૭૨.૦૭ પોઈન્ટના જોરદાર કડાકા સાથે ૮૪,૨૯૯.૭૮ અને નિફ્ટી ૩૬૮.૧૦ પોઇન્ટના કડાકા સાથે ૨૫,૮૧૦.૮૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, આઇસીઆઇસીઆઇ બેન્ક, એચડીએફસી

(જુઓ પાનું ૨) ▸▸

# નેપાળમાં પૂર અને ભૂસ્ખલનનો મૃત્યુઆંક ૨૦૦ થયો

**બચાવકાર્ય:** નેપાળમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનમાં ફસાયેલા લોકોને નેપાળના લશ્કરના જવાનોએ બચાવવાની કામગીરી હાથ ધરી હતી. નેપાળમાં આ વખતે ભારે વરસાદને કારણે ૨૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યો છે (એજન્સી)



કાઠમંડુ: નેપાળમાં વરસાદના કારણે આવેલા પૂર અને ભૂસ્ખલનમાં મૃતકોની સંખ્યા સોમવારે ૨૦૦ થવા પામી હતી. જ્યારે હજુ પણ ૩૦ લોકો ગુમ છે. આ માહિતી પોલીસે આપી હતી.

નોંધનીય છે કે ગયા શુક્રવારથી સતત વરસી રહેલા વરસાદને કારણે પૂર અને ભૂસ્ખલનની સ્થિતિ પેદા થઇ છે. જેના કારણે હિમાલયન દેશમાં તબાહી મચી ગઇ છે. નેપાળ પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ સતત વરસાદ, પૂર, ભૂસ્ખલન અને પાણીમાં ડૂબી જવાને કારણે ઓછામાં ઓછા ૧૯૨ લોકોનાં મોત થયાં છે. તેમણે કહ્યું કે આ આપદામાં દેશભરમાં ૯૪ લોકો ઘાયલ થયા છે, જ્યારે ૩૦ હજુ પણ ગુમ છે.

માયરેપબ્લિકા ન્યૂઝ પોર્ટલે ગૃહ મંત્રાલયના પ્રવક્તા ઋષિરામ તિવારીને ટાંકીને કહ્યું કે સરકારે શોધ, બચાવ અને રાહત કામગીરીને ઉચ્ચ પ્રાથમિકતા આપી છે. અહેવાલમાં જણાવાયું છે કે શોધ, બચાવ અને રાહત કામગીરી માટે દેશભરમાં સુરક્ષા એજન્સીઓને તૈનાત

(જુઓ પાનું ૨) ▸▸


# દિલ્હી 'આપ'ના નેતાઓ વહેલી સવારે રસ્તા પર ઊતર્યા,

નવી દિલ્હી: આતિશી દિલ્હીનાં મુખ્ય પ્રધાન બન્યા બાદ આમ આદમી પાર્ટી વધુ સક્રિય બની ગઈ છે. આજે વહેલી સવારે દિલ્હી આપના નેતાઓ રસ્તાઓ પર ઊતરીને નિરીક્ષણ કરતા જોવા મળ્યા હતાં. સવારે છ વાગ્યે દિલ્હી સરકારના પ્રધાનો, વિધાનસભ્યો અને કાર્યકર્તાઓ તેમને લગતા વિધાનસભા મતવિસ્તારમાં તૂટેલા રસ્તાઓનું નિરીક્ષણ કરતા જોવા મળ્યા હતાં.

આતિશી સરકારે દિવાળી પહેલા રસ્તાઓની હાલત સુધારવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. તાજેતરમાં પૂર્વ મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે મુખ્ય પ્રધાન આતિશીને એક પત્ર લખ્યો હતો. આ પછી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

મુખ્ય પ્રધાન આતિશીએ ઓખલામાં, પ્રધાન ગોપાલ રાયે બાબપુરમાં, સૌરભ ભારદ્વાજે ગણેશ નગર અને મનીષ સિસોદિયાએ પટપરગંજ વિસ્તારમાં તૂટેલા રસ્તાઓનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન પ્રધાનો અને વિધાનસભ્યોએ પણ સ્થાનિક લોકો સાથે વાત કરી હતી અને રસ્તાનું સમારકામ કરાવવાની ખાતરી આપી હતી. ઓખલા વિસ્તારમાં

(જુઓ પાનું ૨) ▸▸



**દિલ્હીના પ્રધાનો રસ્તા પર:** સોમવારે સવારે છ વાગ્યે દિલ્હીના પ્રધાન કૈલાશ ગેહલોત નવી દિલ્હીના નજફગઢ વિસ્તારમાં રસ્તાની હાલત જોવા નીકળી પડ્યા હતા (એજન્સી)



# પીઢ અભિનેતા મિથુન ચક્રવર્તીને દાદાસાહેબ ફાળકે એવોર્ડ

## ૭૦મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહમાં આ એવોર્ડ આપવામાં આવશે

નવી દિલ્હી: મૃગયા, સુરક્ષા, ડિસ્કો ડાન્સર અને ડાન્સ ડાન્સ જેવી ફિલ્મોના સ્ટાર અને પીઢ અભિનેતા મિથુન ચક્રવર્તીને સોમવારે સિનેમા ક્ષેત્રે સરકારની સર્વોચ્ચ મનાતા એવા દાદાસાહેબ ફાળકે એવોર્ડ આપવાનું જાહેર કરવામાં આવ્યું હતું.

મિથુન ચક્રવર્તીને ભારત સરકાર દ્વારા ત્રીજા સૌથી ટોચના નાગરી સન્માન એવોર્ડ પદ્મ ભૂષણ એનાયત કરાયાના ગણતરીના મહિનાઓમાં આ જાહેરાત કરવામાં આવી છે.

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ ખાતાના પ્રધાન અશ્વિની વૈષ્ણવે આ જાહેરાત કરી હતી.

આઠમી ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ ૭૦મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહમાં ચક્રવર્તીને આ એવોર્ડ આપવામાં આવશે, એમ વૈષ્ણવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના એક્સ અકાઉન્ટ પર મિથુન ચક્રવર્તીને દાદાસાહેબ ફાળકે પુરસ્કારથી નવાજવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

ભૂતપૂર્વ દાદા સાહેબ ફાળકે પુરસ્કાર વિજેતા આશા પારેખ, અભિનેતા-રાજકારણી ખુશ્બુ સુંદર અને ફિલ્મ નિર્માતા વિપુલ અમૃતલાલ શાહની બનેલી ત્રણ સભ્યોની જ્યુરીએ મિથુન ચક્રવર્તીને પ્રતિષ્ઠિત સન્માન માટે પસંદ કર્યા છે.

દાદા સાહેબ ફાળકે પુરસ્કારની જાહેરાત વિશે તેમના પુત્ર નમાશી ચક્રવર્તીએ જણાવ્યું હતું કે ૭૪ વર્ષીય ચક્રવર્તી ખૂબ ખુશ છે.

આપણે બધા ખૂબ જ ગર્વ અનુભવીએ છીએ. તે કોલકાતામાં છે, મેં હમણાં જ તેની સાથે વાત કરી. તે સ્વ-નિર્મિત સુપરસ્ટાર અને એક મહાન નાગરિક છે. આને માટે લાંબો સમય રાહ જોવામાં આવી હતી, પરંતુ મને એટલો ગર્વ છે કે આખરે તેમને આ સન્માન આપવામાં આવી રહ્યું છે, એમ નમાશીએ લોસ એન્જલસથી ફોન પર જણાવ્યું હતું.

મિથુન ચક્રવર્તીનું સાચું નામ ગૌરાંગ ચક્રવર્તી છે, તેઓ પુણેની ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયા (એફટીઆઈઆઈ) ના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે, જેમણે મુખ્યત્વે હિન્દી અને બંગાળી સિનેમામાં કામ કર્યું છે.

તેણે મૃણાલ સેનની ૧૯૭૬માં આવેલી ફિલ્મ મૃગયાથી અભિનયની શરૂઆત કરી હતી અને તેના માટે તેમણે શ્રેષ્ઠ અભિનેતાનો પ્રથમ રાષ્ટ્રીય ફિલ્મ

(જુઓ પાનું ૨) ▸▸

## મોદીએ મિથુનને અભિનંદન આપ્યા

નવી દિલ્હી : પીઢ અભિનેતા મિથુન ચક્રવર્તીને દાદાસાહેબ ફાળકે એવૉર્ડ મળ્યો એ બદલ આનંદ વ્યક્ત કરતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મિથુનને સાસ્કૃતિક પ્રતીક તરીકે બીરદાવ્યા હતા.

'એક્સ' પર મૂકેલી પોસ્ટમાં મોદીએ કહ્યું હતું કે મિથુનના ભારતીય સિનેમામાં અદ્વિતીય યોગદાનને માન્યતા આપીને તેને અપાયેલા દાદાસાહેબ ફાળકે એવૉર્ડ બદલ ખુશી વ્યક્ત કરું છું. મીથુન એક સાંસ્કૃતિક વિભૂતિ છે જેના બહુમુખી દેખાવ બદલ બધી પેઢીઓ તેની સરાહના કરે છે. તેને શુભેચ્છા અને અભિનંદન. ચક્રવર્તીએ મૃગયા, સુરક્ષા, ડિસ્કો ડાન્સર વગેરે ફિલ્મોમાં કામ કર્યું છે. તેને સોમવારે સરકાર તરફથી સિનેમાનું સર્વોચ્ચ સમ્માન દાદાસાહેબ ફાળકે એવૉર્ડ આપવાની જાહેરાત થઈ હતી. (એજન્સી)■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સુનિતાને પાછાં લાવવાનું મિશન સફળ થાય એ જરૂરી

**ભારતીય** મૂળનાં અમેરિકન અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ અને બુશ વિલ્મોર છેલ્લા ત્રણ મહિનાથી અવકાશમાં એટલે કે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (આઈએસએસ)માં ફસાયેલાં છે. નાસાના અવકાશયાત્રી સુનિતા અને બુશનું શું થશે તેના પર આખી દુનિયાની નજર છે. બંનેને અવકાશમાંથી પૃથ્વી પર પાછાં લાવવા માટે છેલ્લા ઘણા દિવસોથી સતત પ્રયાસો ચાલી રહ્યા છે પણ કોઈ નિવેડો નહોતો આવતો. છેવટે એલન મસ્કની કંપની સ્પેસએક્સે ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (આઇએસએસ) પર ફસાયેલા આ બંને અવકાશયાત્રીને પાછા લાવવા માટે રેસ્ક્યૂ મિશન શરૂ કર્યું છે.

સ્પેસએક્સ ક્રૂ ડ્રેગન મિશન નામના આ મિશન હેઠળ સ્પેસએક્સ ફાલ્કન ૯ રોકેટ અને ડ્રેગન અવકાશયાનને કેપ કેનેવરલ સ્પેસ ફોર્સ સ્ટેશનના લોન્ચ કોમ્પ્લેક્સ ૪૦ માંથી લોન્ચ કરવામાં આવ્યા છે. મિશન કમાન્ડર નિક હેગ અને એલેકઝાન્ડર ગોરબુનોવ આ મિશન પર રવાના થયાં છે અને બંને સુનિતા અન બુશને પાછાં લાવવામાં સફળ થાય છે કે નહીં તેના પર સૌની નજર છે. બધાં ઈચ્છે છે કે, આ મિશન સફળ થાય કેમ કે સુનિતા અને વિલ્મોર છેલ્લા ત્રણ મહિનાથી ફસાયેલાં છે.

સુનીતા વિલિયમ્સ અને વિલમોર જૂન ૨૦૨૪ માં બોઇંગના સ્ટારલાઈનર અવકાશયાનમાં આઠ દિવસના મિશન પર ગયાં હતાં. બંને જૂનમાં જ પાછાં આવી જવાનાં હતાં પણ બોઈંગના સ્પેસક્રાફ્ટના થ્રસ્ટર્સ અને હિલિયમ લીકમાં ખામી સર્જાતાં પૃથ્વી પર પાછા ફરવાનો કાર્યક્રમ મુલતવી રાખવો પડ્યો હતો. તેના કારણે વિલિયમ્સ અને વિલ્મોર હજી પણ અંતરિક્ષમાં આવેલા ઈન્ટરનેશનલ સ્પેસ સ્પેશન પર ફસાયેલા છે.

અમેરિકાની સ્પેસ એજન્સી નાસાએ આ નિર્ણય લીધો હતો કેમ કે નાસાને અવકાશયાનની પૃથ્વી તરફની સફક જોખમી લાગતી હતી. સાવચેતીને ખાતર સ્ટારલાઇનર કેપ્સ્યુલને પૃથ્વી પર સુનિતા અને વિલ્મોર વિના મોકલાયું હતું. સ્ટારલાઈનર યાન આ મહિને ક્રૂ વિના પૃથ્વી પર પાછું ફર્યું છે તેના કારણે ઘણાંને લાગે છે કે, સુનિતા અને વિલ્મોર પણ સ્ટારલાઈનમાં હોત તો સહીસલામત પાછાં આવી ગયાં હોત. જો કે નાસાનું માનવું છે કે, ખાલી સ્ટારલાઈનર પૃથ્વી પર પાછું ફરે તેમાં અને બે વ્યક્તિને લઈને પાછું ફરે તેમાં બહુ મોટો ફરક છે. જબરદસ્ત સ્પીડે ભાગતા અવકાશયાનમાં વજન હોય ત્યારે તેની ગતિ પર અસર થતી હોય છે ને તેના કારણે સમસ્યા સર્જાઈ શકે છે. આ સમસ્યા ક્યારેક એટલી ગંભીર થઈ જાય કે, આખું અવકાશયાન જ બળીને રાખ થઈ જાય.

ભૂતકાળમાં આ પ્રકારની ઘટનાઓ બનેલી છે. ભારતીય મૂળનાં અવકાશયાત્રી કલ્પના ચાવલાએ ૧૯ નવેમ્બરથી ૫ ડિસેમ્બર ૧૯૯૭ દરમિયાન પોતાની પ્રથમ અવકાશ યાત્રા કરી ત્યારે તેમની અવકાશયાત્રા નિર્વિઘ્ને પાર પડી હતી. કલ્પના ચાવલા ૧૬ દિવસ સુધી અવકાશમાં રહ્યાં હતાં અને વિવિધ સંશોધનો હાથ ધર્યાં હતાં. ૧૬ જાન્યુઆરી, ૨૦૦૩ ના રોજ કલ્પના ચાવલા બીજી વાર અવકાશ યાત્રા માટે રવાના થયાં હતાં. કલ્પનાના કોલંબિયા શટલે ઉડાન ભરી ત્યારે કોઈને કલ્પના નહોતી કે આ મિશન સફળ નહીં થાય.

કલ્પના ચાવલા અવકાશ યાત્રા પરથી પાછાં ફરી રહ્યાં હતાં અને સ્પેસક્રાફ્ટ કોલંબિયા શટલ STS-107 પૃથ્વીથી લગભગ ૨ લાખ ફૂટની ઊંચાઈ પર હતું ત્યારે જ તૂટી પડ્યું હતું. કોલંબિયા સ્પેસ શટલને પૃથ્વી પર પહોંચવામાં ૧૬ મિનિટથી પણ ઓછો સમય લાગવાનો હતો પણ આર ૧૬ મિનિટ પૂરી થઈ જ નહીં. અચાનક સ્પેસક્રાફ્ટ સાથે નાસાનો સંપર્ક તૂટી ગયો અને કોલંબિયા તૂટી ગયું. કોલંબિયા અમેરિકાના ટેક્સાસના ડેલસ વિસ્તારમાં પડ્યું હતું. આ ઘટનામાં કલ્પના ચાવલા સહિત બધા અંતરિક્ષયાત્રીઓનાં મોત થઈ ગયાં હતાં.

કોલંબિયાના અનુભવ પછી નાસા સતર્ક થઈ ગઈ છે અને કોઈ જોખમ લેવા તૈયાર નથી. આ કારણે સુનિતા અને વિલ્મોરને પાછાં સ્પેસલાઈનરમાં પૃથ્વી પર મોકલવાનું જોખમ ના ઉઠાવાયું. તેના બદલે સુનીતા વિલિયમ્સ અને વિલ્મોરને પરત લાવવા માટે ખાસ મિશન હાથ ધરાયું છે. આ મિશનમાં જે યાન મોકલાયું છે તેમાં બે સીટ ખાલી રાખવામાં આવી છે. આ સ્પેસ મિશન પહેલાં પણ સફળ રહ્યું છે. આ અવકાશયાનમાં બે અવકાશયાત્રીઓને નાસાએ ઈન્ટરનેશનલ સ્પેસ સેન્ટર પર મોકલ્યા હતા અને બંને આ વરસના ફેબ્રુઆરીમાં પાછા ફર્યા હતા. એ જ રીતે સુનિતા અને વિલ્મોરને પણ પાછું લઈ અવાશે એવી આશા રખાય છે.

સુનિતા અને વિલ્મોર સહીસલામત આવી જશે પણ સ્ટારલાઈનરના અનુભવે સાબિત કર્યું છે કે, આપણા એટલે કે માનવજાત માટે અવકાશની સફર ધારીએ છીએ એટલી સરળ નથી. આપણે બીજાં ગ્રહો પર વસવાનાં સપનાં જોઈએ છીએ, અવકાશમાં નિવાસ એટલે કે સ્પેસ કોલોની બનાવવાની વાતો કરીએ છીએ પણ આ સપનાંને સાકાર કરવા માટે બહુ મહેનત કરવી પડે એમ છે.

આપણે સૌથી પહેલાં તો અવકાશમાં પહોંચવા માટેની એવી ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમ વિકસાવવી પડે કે જેની મદદથી ગમે ત્યારે અવકાશમાં આવી જઈ શકાય. ભારત જેવા દેશોના તો ગજા બહારની આ વાત છે પણ અમેરિકા સહિતના વિકસિત દેશો પણ જેના પર આંખ મીંચીને ભરોસો કરી શકાય એવી સ્પેસ ટ્રાવેલ સિસ્ટમ નથી વિકસાવી શક્યા. અમેરિકા, રશિયા, ચીન, યુરોપિયન યુનિયન સહિતની સરકારી એજન્સીઓ પાસે આ ક્ષમતા છે પણ તેની મદદથી પાંચ-સાત અવકાશયાત્રીને મોકલી શકાય, સ્પેસ કોલોની ના બનાવી શકાય. ભવિષ્યમાં સ્પેસમાં વસવું હોય તો મોટા પ્રમાણમાં માણસોને મોકલવા પડે ને બીજી ચીજો પણ મોકલવી પડે. તેના માટેની સિસ્ટમ જ નથી.

છેલ્લાં કેટલાંક વરસોથી ખાનગી એજન્સીઓ એ દિશામાં મથ્યા કરે છે પણ એલન મસ્કની સ્પેસએક્સ સિવાય બીજી કંપનીને સફળતા મળી નથી. સુનિતા વિલિયમ્સ અને વિલ્મોરને દુનિયાની વિમાનો બનાવતી સૌથી મોટી કંપની બોઈંગના સ્પેસક્રાફ્ટમાં મોકલાયેલાં પણ એ મિશન સફળ ના થયું. બોઈંગે મોકલેલું પહેલું મિશન પણ સફળ નહોતું થયું અને તેનું મિશન નિષ્ફળ નિવડ્યું હતું. બોઈંગનું સ્ટારલાઇનર આ મહિનાની શરૂઆતમાં ન્યુ મેક્સિકોમાં સુરક્ષિત રીતે કેનેડી સ્પેસ સેન્ટર પર ઉતર્યું હતું. અત્યારે બોઇંગ તેના સ્ટારલાઇનરમાં રહેલી ટેકનિકલ ખામી સુધારવા સતત કામ કરી રહ્યું છે એ જોતાં ભવિષ્યમાં બોઈંગનાં સ્પેસક્રાફ્ટ સ્પેસમાં જઈ શકે એવું બને પણ માત્ર બે કંપની ને મુઠ્ઠીભર એજન્સીઓના જોરે સ્પેસ કોલોનીઓ ના બનાવી શકાય. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

(ઉત્તરાયણ સૌર શરદઋતુ), મંગળવાર, તા. ૧-૧૦-૨૦૨૪, ચૌદસનું શ્રાદ્ધ, ભગવાન સૂર્યનારાયણની પૂજાનો મહિમા

- ભારતીય દિનાંક ૯, માહે આશ્વિન, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ભાદ્રપદ વદ-૧૪
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ભાદ્રપદ, તિથિ વદ-૧૪
- પારસી શહેનશાહી રોજ ૧૮મો રશ્ને, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૮મો રશ્ને, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૪મો ગોશ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૭મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૮મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર પૂર્વાફાલ્ગુની સવારે ક. ૦૯-૧૫ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની.
- ચંદ્ર સિંહમાં સાંજે ક. ૧૬-૦૧ સુધી, પછી કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ), કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૩૦ અમદાવાદ ક. ૦૬ મિ. ૩૧, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૭, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-દ્ભ
- ભરતી : સવારે ક. ૧૧-૨૦, રાત્રે ક. ૨૩-૩૭
- ઓટઃ સાંજે ક. ૧૭-૨૦ મધ્યરાત્રિ પછી ક. ૦૫-૨૨ (તા. ૨)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ - ચતુર્દશી. ચૌદસનું શ્રાદ્ધ, અસ્ર, શસ્ર, અકસ્માતથી મરેલાનું શ્રાદ્ધ, વિષ્ટિ ક. ૦૮-૨૦ સુધી. સૂર્ય મહાનક્ષત્ર હસ્ત, વાહન મોર.
- ઑક્ટોબર માસનાં સંક્ષિપ્ત ગ્રહ દર્શનઃ આજનાં તા. ૧લી ઑક્ટોબરનાં ગ્રહના ઉદય અસ્તઃ ચંદ્ર ઉદયઃ ક. ૦૫-૧૧, ચંદ્ર અસ્તઃ ક. ૧૭-૧૧, બુધ ઉદયઃ ક. ૦૬-૨૮, બુધ અસ્તઃ ક. ૧૮-૨૫, શુક્ર ઉદયઃ ક. ૦૮-૪૪, અસ્તઃ ક. ૨૦-૦૩, મંગળ ઉદયઃ ક. ૦૦-૨૬, અસ્તઃ ક. ૧૩-૩૬, ગુરુ ઉદયઃ ક. ૨૨-૪૫, અસ્તઃ ક. ૧૧-૫૩. શનિ ઉદયઃ ક. ૧૭-૧૫, અસ્તઃ ક. ૦૪-૫૦ (તા. ૧લીએ સૂર્યોદયના સમયે કન્યા રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્યાસ્તના સમયે મીન રાશિ લગ્ન ઉદિત થાય છે.
- સૂર્ય પ્રારંભે હસ્ત નક્ષત્રમાં રહે છે. તા. ૧૦મીએ ચિત્રામાં, તા. ૨૪મીએ સ્વાતિમાં પ્રવેશે છે. મંગળ પ્રારંભે પુનર્વસુ નક્ષત્રમાં રહે છે. તા. ૨૮મીએ પુષ્ય નક્ષત્રમાં પ્રવેશે છે. મંગળ, તા. ૨૦મીએ મિથુનમાંથી કર્ક રાશિમાં પ્રવેશે છે. બુધ પ્રારંભે હસ્ત નક્ષત્રમાં રહે છે. તા. ૬ઠ્ઠીએ ચિત્રામાં, તા. ૧૪મીએ સ્વાતિમાં, તા. ૨૩મીએ વિશાખામાં પ્રવેશે છે. બુધ કન્યા રાશિમાંથી તા. ૧૦મીએ તુલામાં આવે છે. ગુરુ વૃષભ રાશિમાં તા. ૯મીએ સ્તંભી થઈ વક્રી થાય છે. ગુરુ, તા. ૨૬મીએ મૃગશીર્ષ નક્ષત્રમાં પ્રવેશે છે. શુક્ર, પ્રારંભે સ્વાતિ નક્ષત્રમાં રહે છે. તા. ૫મીએ વિશાખામાં, તા. ૧૬મીએ અનુરાધામાં, તા. ૨૭મીએ જયેષ્ઠામાં પ્રવેશે છે. શુક્ર તા. ૧૩મીએ તુલામાંથી વૃશ્ચિકમાં પ્રવેશે છે. શનિ સમગ્ર માસમાં કુંભ રાશિમાં વક્રી ભ્રમણ કરે છે. શનિ શતભિષા નક્ષત્રમાં રહે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. કેતુ કન્યા રાશિમાં ભ્રમણ કરે છે. હર્ષલ વૃષભ રાશિમાં વક્રી ભ્રમણ કરે છે. નેપ્ચૂન મીન રાશિમાં વક્રીભ્રમણ કરે છે. પ્લુટો તા. ૧૨મીએ મકર રાશિમાં માર્ગી થાય છે.
- શ્રાદ્ધ પર્વઃ ચતુર્દશી તિથિએ દિવંગતનું શ્રાદ્ધ આજ રોજ કરવું. આજનું શ્રાદ્ધ યુવાવસ્થામાં મૃત્યુ પામેલા કે અકસ્માતથી કે શસ્રોથી કે અકાળે કે અપમૃત્યુ પામેલા આત્માને શાશ્વત શાંતિ આપે છે. જીવ એ શરીરનું એક પરમાત્માએ આપેલું તત્ત્વ છે. જીવનો આધાર શરીર છે. શરીર નાશવંત છે. જીવ નાશવંત નથી. મૃત્યુ પછી જીવને શરીરનો આધાર જરૂરી બને છે. જીવનના જાણે-અજાણે થયેલા પાપોમાંથી મુક્તિ પામવા માટે શ્રાદ્ધની જરૂર પડે છે. જીવ અને આત્માનું લક્ષ્ય પરમાત્માની પ્રાપ્તિનું છે. મૃત્યુ પછી મૃતાત્માને પરમાત્માનો આધાર પ્રાપ્ત કરાવવા માટે શ્રાદ્ધવિધિ આવશ્યક છે. જીવન દરમિયાનમાં અનેક કર્મોથી બંધાયેલ મનુષ્ય તેના પરિણામ આ જન્મમાં ભોગવી શકતા નથી હોતા. આયુષ્ય એ પરમાત્માની ઈચ્છાને આધીન છે. મૃત્યુ પછી કર્મના બંધનમાંથી મુક્ત કરવા માટે દિવંગતના આત્માને શ્રાદ્ધ વિધિ દ્વારા શાંતિ પ્રાપ્તિ થાય તે ઉદ્દેશ રહેલો છે.
- મુહૂર્ત વિશેષઃ મંગળ-શુક્ર સૂર્ય પૂજન, અર્યમા પૂજન, ધ્રુવદેવતાનું પૂજન, પીપળાનું પૂજન, ભગવાન સૂર્યનારાયણને અર્ઘ્ય પ્રદાન કરવું. કમળનું પુષ્પ અર્પણ કરવું. સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, મંદિરમાં પાટ-અભિષેક પૂજા, વિશેષરૂપે હનુમાન ચાલીસા, સુંદરકાંડ પાંઠ વાંચન, શિવ-પાર્વતી પૂજા, મહાલક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ સહસ્ત્રનામ સ્તોત્ર પાઠ વાંચન.
- આચમનઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ સદ્ગુનો શોખ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ સતત પ્રવૃત્તિમય, ચંદ્ર-નેપ્ચૂન પ્રતિયુતિ રચનાત્મક પ્રવૃત્તિઓમાં વ્યસ્તતા.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-નેપ્ચૂન પ્રતિયુતિ (તા. ૨)

- ગ્રહગોચરઃ સૂર્ય-કન્યા, મંગળ-મિથુન, બુધ-કન્યા, ગુરુ-વૃષભ, શુક્ર-તુલા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર .■

# બુધવારે પીએમ મોદી ઝારખંડની મુલાકાતે

## ૪૦ એકલવ્ય શાળાનું ઉદ્ઘાટન કરશે

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી બીજી ઑક્ટોબર ૨૦૨૪ના રોજ ઝારખંડની મુલાકાત લેશે. બુધવારે બપોરે લગભગ ૨ વાગ્યે તેઓ ઝારખંડના હજારીબાગમાં રૂ. ૮૩,૩૦૦ કરોડથી વધુ મૂલ્યના વિવિધ પ્રોજેક્ટનો શિલાન્યાસ, લોકાર્પણ અને ઉદ્ઘાટન કરશે.

સમગ્ર દેશમાં આદિવાસી સમુદાયોના વ્યાપક અને સર્વગ્રાહી વિકાસની ખાતરી કરવાની તેમની પ્રતિબદ્ધતાને અનુરૂપ પીએમ મોદી કુલ રૂ. ૭૯,૧૫૦ કરોડથી વધુના ખર્ચ સાથે ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન શરૂ કરશે. આ અભિયાન ૩૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૫૪૯ જિલ્લાઓ અને ૨,૭૪૦ બ્લોક્સમાં ૫ કરોડથી વધુ આદિવાસી લોકોને લાભ આપતા લગભગ ૬૩,૦૦૦ ગામોને આવરી લેશે.

ભારત સરકારના વિવિધ ૧૭ મંત્રાલય અને વિભાગો દ્વારા અમલમાં મુકવામાં આવેલા ૨૫ હસ્તક્ષેપો દ્વારા સામાજિક માળખાકીય સુવિધાઓ, આરોગ્ય, શિક્ષણ, આજીવિકામાં નિર્ણાયક અવકાશને સંતૃપ્ત કરવાનો તેનો હેતુ છે.

આદિવાસી સમુદાયો માટે શૈક્ષણિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વેગ આપવા માટે પીએમ મોદી ૪૦ એકલવ્ય મૉડેલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ (ઈએમઆરએસ)નું ઉદ્ઘાટન કરશે અને રૂ. ૨,૮૦૦ કરોડથી વધુની કિંમતની ૨૫ ઈએમઆરએસ માટે શિલાન્યાસ કરશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૩૬૦ કરોડ રૂપિયાથી વધુના વડા પ્રધાન જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન (પીએમ-જેએએનએમએન) હેઠળ બહુવિધ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. તેમાં ૧૩૮૦ કિલોમીટરથી વધુ રોડ, ૧૨૦ આંગણવાડી, ૨૫૦ બહુહેતુક કેન્દ્રો અને ૧૦ શાળા છાત્રાલયોનો સમાવેશ થાય છે.■

# મણિપુર પર પ્રથમ ધ્યાન આપોઃ મલ્લિકાર્જુન ખડગેનો અમિત શાહ પર વળતો પ્રહાર

નવી દિલ્હીઃ મલ્લિકાર્જુન ખડગે અને અમિત શાહે જમ્મુમાં જાહેર રેલીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર કૉંગ્રેસના નેતાની ટિપ્પણીને મુદ્દે એકબીજા સાથે શાબ્દિક યુદ્ધ છેડ્યું છે.

અમિત શાહે તેમના અંગત સ્વાસ્થ્યના મુદ્દાઓમાં 'પીએમ મોદીને ખેંચવા' બદલ ખડગેની નિંદા કર્યાના એક દિવસ પછી કૉંગ્રેસના વડાએ ગૃહ પ્રધાનને વધુ ગંભીર મુદ્દાઓ મણિપુર અને જાતિ આધારિત વસ્તી ગણતરી પર ધ્યાન કેન્દ્રિત કરવા કહ્યું હતું.

રવિવારે જમ્મુમાં એક જાહેર સભાને સંબોધતા મલ્લિકાર્જુન ખડગેએ એવું નિવેદન કર્યું હતું કે વડા પ્રધાન મોદીને સત્તા પરથી હટાવવામાં આવે તે પહેલાં તેઓ મૃત્યુ પામશે નહીં. શાહે ખડગેની આ ટિપ્પણીઓને 'એકદમ અરુચિકર અને શરમજનક' ગણાવી હતી.

ગૃહ પ્રધાન પર વળતો પ્રહાર કરતા મલ્લિકાર્જુન ખડગેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું હતું કે, 'ગૃહ પ્રધાન અમિત શાહે મણિપુર, વસ્તી ગણતરી અને જાતિ આધારિત વસ્તી ગણતરી જેવા ગંભીર મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તમારી સરકારનો પોતાનો સર્વે કહે છે કે શહેરી ગટર અને સેપ્ટિક ટાંકીઓની સફાઈ કરતા ૯૨ ટકા કર્મચારીઓ એસસી, એસટી, ઓબીસી શ્રેણીઓમાંથી આવે છે.'

કૉંગ્રેસ જાતિ આધારિત વસ્તી ગણતરી માટે પ્રતિબદ્ધ હોવાનું ભારપૂર્વક જણાવતાં ખડગેએ કહ્યું હતું કે, ભાજપ જાતિ આધારિત વસ્તી ગણતરીની વિરુદ્ધ છે કારણ કે પછી તે જાણી શકાશે કે એસસી, એસટી, ઓબીસી, ઈસીડબ્લ્યુ અને અન્ય તમામ વર્ગો ક્યા કામ દ્વારા તેમની આજીવિકા કમાઈ રહ્યા છે. તેમની આર્થિક અને સામાજિક સ્થિતિ શું છે? તેમને સરકારી યોજનાઓના કેવા પ્રકારના લાભ મળવા જોઈએ? 'અમે તે પૂર્ણ કરીશું,' એમ તેમણે કહ્યું હતું. ખડગે રવિવારે જમ્મુમાં એક રેલીને સંબોધિત કરતી વખતે 'સિંકોપલ એટેક'નો ભોગ બન્યા પછી બીમાર પડ્યા હતા. તેમણે થોડો વિરામ લીધો અને બોલવાનું ફરી શરૂ કર્યું હતું અને કહ્યું કે તેમની ઉંમર હોવા છતાં વડા પ્રધાન મોદીને સત્તા પરથી હટાવવામાં આવે તે પહેલાં તેઓ મૃત્યુ પામશે નહીં.

મારે વાત કરવી હતી પણ ચક્કર આવવાને કારણે હું બેસી ગયો. કૃપા કરીને મને માફ કરો. હું ૮૩ વર્ષનો છું. હું આટલો વહેલો મરવાનો નથી. જ્યાં સુધી પીએમ મોદીને સત્તા પરથી હટાવવામાં નહીં આવે ત્યાં સુધી હું જીવતો રહીશ, એમ કૉંગ્રેસ અધ્યક્ષે કહ્યું હતું. ખડગે પર પ્રહાર કરતા અમિત શાહે એક્સ પર પોસ્ટમાં કહ્યું હતું કે, ગઈકાલે કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ તેમના ભાષણમાં એકદમ અણછાજતું અને શરમજનક નિવેદન કરીને, તેમના નેતાઓ અને તેમની પાર્ટીને પાછળ રાખી દીધા છે.

ખડગેના સ્વાસ્થ્યની વાત કરીએ તો, મોદીજી પ્રાર્થના કરે છે, હું પ્રાર્થના કરું છું અને આપણે બધા પ્રાર્થના કરીએ છીએ કે તેઓ લાંબુ, સ્વસ્થ જીવન જીવે. તેઓ ઘણા વર્ષો સુધી જીવતા રહે અને તેઓ વિકસિત ભારતનું નિર્માણ જોવા માટે ૨૦૪૭ સુધી જીવે, એમ અમિત શાહે જણાવ્યું હતું. (પીટીઆઈ)■

## પહેલા પાનાનું ચાલુ

### આજે જમ્મુ-કાશ્મીરના

અનામત બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. અંતિમ ચરણમાં ચાર માજી અધિકારી ચૂંટણી લડી રહ્યા છે. મોહન લાલ અને અશોક ભગત (અથનૂર), મોહન લાલ કૈથ (મઢ) અને ડૉ. ભારત ભુષણ (કઠુઆ)નો આમાં સમાવેશ થાય છે. મોહન લાલને ભાજપે અખનૂરમાંથી ટિકિટ આપી હતી, પરંતુ તેઓ મઢથી અપક્ષ ઉમેદવાર તરીકે ઊભા છે.

અંતિમ તબક્કામાં જે માજી પ્રધાનો ઊભા છે એમાં તારા ચંદ (છંબ), મૂલા રામ (મઢ), શામ શર્મા અને અજય સડોત્રા (જમ્મુ ઉત્તર), રમન ભલ્લા અને ચૌધરી ગારુ રામ (જમ્મુ દક્ષિણ-આરએસ પુરા), પવન ગુપ્તા (ઉધમપુર પશ્ચિમ), સુરજિત સિંહ સલાથિયા (સાંબા). દેવેન્દ્ર મન્યાલ અને યશપાલ કુંડલ (રામગઢ), ચંદ્ર પ્રકાશ ગંગા અને મંજિત સિંહ (વિજયપુર), રાજીવ જસરોટિયા (જસરોટા), ચૌધરી લાલ સિંહ (બસોહલી)નો સમાવેશ થાય છે. મનોહર લાલ શર્મા (બિલાવર), હર્ષદેવ સિંહ (ચિનૈની) અને યોગેસ સાહની (જમ્મુ પૂર્વ) પણ મેદાનમાં છે.

સ્ટાર ઉમેદવારોમાં દેવેન્દર સિંહ રાણા (નગરોટા) અને ભાજપના રાષ્ટ્રીય મંત્રી નરિન્દર સિંહ (જમ્મુ દક્ષિણ, આરએસ પુરા)નો સમાવેશ થાય છે. ભૂતપૂર્વ વિધાનસભ્યો બલવંત સિંહ મનકોટિયા (ચિનૈના), આરએસ પઠાનિયા (ઉધમપુર પૂર્વ), રાજીવ શર્મા (છંબ), શિવદેવ સિંહ (જમ્મુ ઉત્તર), ગારુ રામ ભગત (સુચેતગઢ), બલબીર સિંહ (જસરોટા) અને જીવન લાલ (બની)એ ચૂંટણીમાં ઊભા છે. ■

### કોલકાતા બળાત્કાર

એજન્સીઓએ જોવું જોઈએ કે આનો અમલ થાય. સુપ્રીમ કોર્ટે એવો ખુલાસો કર્યો હતો કે આ આદેશ બધા મધ્યસ્થીને લાગુ પડે છે.

બેન્ચે નોંધ લીધી હતી કે સીબીઆઈની તપાસમાં મહત્ત્વના સગડ મળ્યા છે. સીબીઆઈએ કથિત બળાત્કાર અને હત્યા તેમ જ નાણાકીય ગેરરીતિની તપાસમાં તેનાં નિવેદનો આપ્યાં છે.

સુનાવણી વખતે સર્વોચ્ચ અદાલતે સીબીઆઈ વતી દલીલ કરતા સોલિસિટર જનરલ તુષાર મહેતાને પૂછ્યું હતું કે જેમના પર નાણાકીય ગેરરીતિનો આક્ષેપ છે એવા કેટલા લોકો હજી આર. જી. કર હૉસ્પિટલમાં કામ કરી રહ્યા છે. તેમણે યોગ્ય કાર્યવાહી માટે રાજ્ય સરકારને માહિતી આપવાનું કહ્યું હતું (એજન્સી)■

### નેપાળમાં પૂર

કરવામાં આવી છે અને અત્યાર સુધીમાં ૪૫૦૦થી વધુ આપત્તિગ્રસ્ત લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

ઘાયલોને મફત સારવાર આપવામાં આવી રહી છે, જ્યારે પૂરથી પ્રભાવિત અન્ય લોકોને ભોજન અને અન્ય કટોકટીની રાહત સામગ્રી આપવામાં આવી છે. કાઠમંડુ પોસ્ટ અખબારે જણાવ્યું કે દેશભરમાં ઘણા રસ્તાઓ ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત છે અને રાજધાની કાઠમંડુ તરફ જતા તમામ માર્ગો હજુ પણ અવરોધિત છે, જેના કારણે હજારો પ્રવાસીઓ ફસાયેલા છે. ■

### બિહારમાં કોસી

કરી રહ્યા છે. બિહારના જળ સંસાધન પ્રધાન વિજય કુમાર ચૌધરીના જણાવ્યા અનુસાર રાજ્યના જુદા જુદા ભાગોમાંથી અત્યાર સુધીમાં પાળા તૂટવાની કુલ છ ઘટનાઓ નોંધાઇ છે. તેમાંથી કેટલાકનું સમારકામ થઇ ચૂક્યું છે અને અન્યનું કામ ચાલું છે. એક અન્ય અધિકારીના જણાવ્યા અનુસાર સીતામઢીના મધકૌલ ગામમાં બાગમતી નદીના પાળા અને પશ્ચિમ ચંપારણમાં ગંડક નદીના પાળા વધુ પડતા પાણીના દબાણને કારણે ક્ષતિગ્રસ્ત થયા હતા, જેના પરિણામે વાલ્મિકી ટાઇગર રિઝર્વમાં પૂર આવ્યું હતું. જો કે પૂરના લીધે રાજ્યમાં કોઇ જાનહાનિ થયાના વાવડ નથી. જળ સંસાધન પ્રધાને વધુમાં જણાવ્યું કે ઉત્તર બિહારમાં પૂરની સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ઉત્તર પ્રદેશના વારાણસી અને ઝારખંડના રાંચીથી નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (એનડીઆરએફ)ની વધુ છ ટીમો તૈનાત કરવામાં આવી રહી છે. ■

### દિલ્હી 'આપ'ના

તૂટેલા રસ્તાઓનું નિરીક્ષણ કરતી વખતે મુખ્યપ્રધાને આતિશીએ કહ્યું કે દિલ્હીના પૂર્વ મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ અને મેં સતત બે દિવસ સુધી નિરીક્ષણ કર્યું. અમે જોયું કે દિલ્હીના રસ્તા તૂટેલા હતા. આજે દિલ્હી સરકારના તમામ પ્રધાનો રસ્તા પર ઊતરી આવ્યા છે. મેં દક્ષિણ દિલ્હીની જવાબદારી લીધી છે. ગઈકાલે બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આગામી ત્રણ-ચાર સપ્તાહમાં રસ્તાઓ પરના ખાડાઓ પૂરાઈ જશે. અમે દિવાળી સુધીમાં દિલ્હીના લોકોને ખાડામુક્ત રસ્તા આપીશું.

દિલ્હી સરકારના પ્રધાન સૌરભ ભારદ્વાજે કહ્યું કે આજે અમે ગણેશ નગરના રસ્તાઓની સમીક્ષા કરી છે. અધિકારીઓને રસ્તાઓનું સમારકામ કરવા સૂચના આપવામાં આવી છે. તેઓને તાત્કાલિક રસ્તાઓનું સમારકામ કરાવવા જણાવાયું છે, જ્યારે અરવિંદ કેજરીવાલ જેલમાં હતા ત્યારે તેમની પાછળના ઘણા કામો ભાજપે અટકાવ્યા હતા. હવે તેઓ બહાર આવ્યા છે. હવે દિલ્હીમાં તમામ કામોને વેગ મળશે.

ગોપાલ રાયે દિલ્હીના બાબરપુર વિસ્તારમાં રસ્તાઓની સ્થિતિનું નિરીક્ષણ કર્યું. તેમણે કહ્યું, ''દિલ્હીમાં વરસાદ પછી, રસ્તાઓ પર દરેક જગ્યાએ ખાડા પડી ગયા છે, જ્યારથી અરવિંદ કેજરીવાલને જેલમાં નાખવામાં આવ્યા છે, ત્યારથી દિલ્હીના રસ્તાઓની હાલત ખરાબ થઈ ગઈ છે. અમે જાતે નક્કી કર્યું છે કે અમે રસ્તાઓનું નિરીક્ષણ કરીશું અને શક્ય તેટલી વહેલી તકે રિપેર કરાવીશું.''

સ્વાતિ માલીવાલે આમ આદમી પાર્ટી પર નિશાન સાધ્યું હતું. કિરારીના ખરાબ રસ્તાઓ બાબતે તેણે સોશિયલ મીડિયા પર લખ્યું કે 'ઈખ ૧ એ ઈખ ૨' ને પત્ર લખીને કહેવું પડ્યું કે દિલ્હીના રસ્તાઓ ખૂબ ખરાબ છે. ■

### મહિનાના છેલ્લા દિવસે

બેન્ક સહિતના ઇન્ડેક્સ હેવીવેઇટ શેરોમાં પ્રોફિટ બુકિંગને કારણે થયેલા ધોવાણથી બેન્ચમાર્કને ભારે ફટકો લાગ્યો હતો. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે જેએસડબ્લ્યુ સ્ટીલ ૨.૮૨ ટકા, એનટીપીસી ૧.૨૭ ટકા, ટાટા સ્ટીલ ૧.૧૭ ટકા, એશિયન પેઈન્ટ્સ ૦.૫૫ ટકા અને ટાઈટન ૦.૧૯ ટકા વધ્યા હતા.

જ્યારે રિલાયન્સ ૩.૨૩ ટકા, એક્સિસ બેન્ક ૩.૧૨ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૭૦ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૨.૫૮ ટકા, નેસ્લે ૨.૧૨ ટકા, ટેક મહિન્દ્ર ૨.૧૦ ટકા, મારુતિ ૧.૯૯ ટકા, બજાજ ફિનસર્વ ૧.૮૮ ટકા, સ્ટેટ બેન્ક ૧.૮૮ ટકા, તાતા મોટર્સ ૧.૭૮ ટકા, ઈન્ફોસિસ ૧.૬૪ ટકા અને ભારતી એરટેલ ૧.૪૬ ટકા ઘટ્યા હતા.

આ કડાકા સાથે બીએસઇ પર લિસ્ટેડ કુલ શેરોનું માર્કેટ કેપિટલ રૂ. ૩.૫૭ લાખ કરોડ ઘટીને રૂ. ૪૭૪.૩૫ લાખ કરોડ નોંધાયું હતું. શેરબજારમાં કડાકા પાછળ મુખ્ય કારણોમાં મધ્યપૂર્વના દેશોમાં વધી રહેલી તંગદિલી ઉપરાંત જાપાની માર્કેટની નબળાઇ, વિદેશી ફંડોની વધી રહેલી વેચવાલી અને ચીન તરફ ફંટાવાની શરૂઆત તેમ જ ઊંચા વેલ્યૂએશન્સની ચિંતા સાથે ઊંચા મથાળે પ્રોફિટ બુકિંગનો સમાવેશ થાય છે.

સત્રની શરૂઆતે સેન્સેક્સ ૪૦૦ પોઈન્ટ નીચામાં ખુલ્યો અને નિફ્ટી ૨૬,૧૦૦ની નીચે ખુલ્યો હતો. જ્યારે બપોરના સત્રમાં જ સેન્સેકસ ૧૨૩૩ પોઇન્ટના તોતિંગ કડાકા સાથે ૮૪,૪૦૦ની નીચે ઘૂસી ગયો છે. નિફ્ટી પણ ૩૬૦ પોઇન્ટના કડાકા સાથે ૨૫,૮૦૦ નજીક પહોંચ્યો હતો.

જ્યારે ટ્રેન્ડથી વિપરીત નિફ્ટી મેટલ ઈન્ડેક્સ બપોરના સત્રમાં ૧૨૦ પોઇન્ટના જોરદાર ઉછાળા સાથે ૧૦,૨૦૦ની સપાટીએ પહોંચ્યો હતો. ચીનની માગ નીકળવાની આશા વચ્ચે આ સુધારો જોવા મળ્યો છે.

બજારના અમુક વિશ્લેષક માને છે કે કડાકાનું મુખ્ય કારણ પણ ચાઇના છે. સેક્ટોરલ મોરચે, નિફ્ટી મેટલ ૧.૧૬ ટકા સુધી ઉછળ્યો હતો. પોતાની ધીમી અર્થવ્યવસ્થાને વેગ આપવા માટે ચીન દ્વારા અનેક પગલાંની થયેલી જાહેરાતને પગલે મેટલ શેરોમાં લાવલાવ જોવા મળી હતી. ■

### પીઢ અભિનેતા

પુરસ્કાર જીત્યો હતો. તેણે ૧૯૯૨માં તાહાદર કથા (શ્રેષ્ઠ અભિનેતા) અને ૧૯૯૮માં સ્વામી વિવેકાનંદ (શ્રેષ્ઠ સહાયક અભિનેતા)ના વધુ બે રાષ્ટ્રીય પુરસ્કારો મેળવ્યા હતા.

મિથુન ચક્રવર્તીએ ૧૯૮૨ની સુપરહિટ ડિસ્કો ડાન્સરમાં તેમની વિશિષ્ટ નૃત્ય શૈલીથી સ્ટારડમ મેળવ્યું હતું, 'આઈ એમ અ ડિસ્કો ડાન્સર' અને 'યાદ આ રહા હૈ' જેવા ચાર્ટબસ્ટર ગીતો દ્વારા ભારતમાં ડિસ્કો ડાન્સિંગના યુગની શરૂઆત કરવાનું શ્રેય આપવામાં આવે છે.

ત્યારબાદ મુઝે ઈન્સાફ ચાહિયે, હમ સે હૈ જમાના, પસંદ અપની અપની, ઘર એક મંદિર, કસમ પેદા કરને વાલે કી અને કમાન્ડો જેવી ઘણી હિટ ફિલ્મો આપી હતી. ૧૯૯૦ માં અમિતાભ બચ્ચન દ્વારા અભિનીત ફિલ્મ અગ્નિપથમાં તેમની ભૂમિકા માટે પણ તેમની પ્રશંસા કરવામાં આવી હતી. રાજ્યસભાના ભૂતપૂર્વ સભ્ય મિથુન ચક્રવર્તી ૨૦૨૧ની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી પહેલા ભારતીય જનતા પાર્ટી (ભાજપ)માં જોડાયા હતા. ચક્રવર્તીએ ૨૦૦૯ થી ૨૦૧૮ સુધી લોકપ્રિય ડાન્સ રિયાલિટી શ્રેણી ડાન્સ ઈન્ડિયા ડાન્સમાં મુખ્ય ન્યાયાધીશ અથવા 'ગ્રાન્ડમાસ્ટર' તરીકે પણ સેવા આપી હતી. ૨૦૨૩માં વહીદા રહેમાનને દાદા સાહેબ ફાળકે પુરસ્કાર આપવામાં આવ્યો હતો. (પીટીઆઈ)■

# ભાવનગર જિલ્લાની જીવાદોરી સમાન શેત્રુંજી ડેમ છલકાયો: નીચાણવાળા ગામોને એલર્ટ કરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: સૌરાષ્ટ્રનો સૌથી મોટો અને ભાવનગરના પાલીતાણા નજીક આવેલ શેત્રુંજી ડેમ ઓવરફ્લો થતાં ભાવનગરવાસીઓમાં આનંદની લાગણી ફેલાઈ ગઈ હતી.

શેત્રુંજી ડેમ સોમવારે સવારે પાંચ કલાકે ૧૦૦ ટકા ભરાતા પાલીતાણા તથા તળાજા તાલુકાના અસરગ્રસ્ત ગામડાઓને એલર્ટ કરવામાં આવ્યા હતા.

છેલ્લા થોડા દિવસથી ડેમના ઉપરવાસમાં વરસાદ વરસતો હોવાથી શેત્રુંજી ડેમમાં પાણીની સારી આવક થતા આજે તા.૩૦ ના સવારે પાંચ કલાકે શેત્રુંજી ડેમ ૧૦૦ ટકા ભરાઈ ગયો હતો.

શેત્રુંજી ડેમ ૧૦૦ ટકા ભરાતા પાલીતાણા તાલુકાના અસરગ્રસ્ત ગામો નાની રાજસ્થળી, લાપાળીયા, લાખાવાડ, માયધાર અને મેઢા તેમ જ તળાજા તાલુકાના ભેગાળી, દાત્રડ, પિંગળી, ટીમાણા, સેવાળીયા, રોયલ, માખણીયા, તળાજા, ગોરખી, લીલીવાવ, તરસરા અને સરતાનપરને એલર્ટ જાહેર કરવામાં આવ્યા હતા.

સોમવારે સવારે છ વાગ્યાની સ્થિતિએ ૨૦ ગેટ એક ફૂટ જેટલા ખોલવામાં આવ્યા હતા, જ્યારે ગેટ ખોલવાના સમયે ૧૮૦૦ ક્યૂસેક પાણીની આવક ચાલુ હતી. ■

# સરદાર સરોવર ડેમ છલોછલ: આજે મુખ્ય પ્રધાન નર્મદાનાં વધામણાં કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સરદાર સરોવર નર્મદા ડેમની જળ સપાટી ૧૩૮.૬૧ મીટરે પહોંચી ગઈ છે. ડેમ હવે સંપૂર્ણ ભરાવવામાં માત્ર ૬ સેન્ટિમીટર જ બાકી છે. ત્યારે આવતીકાલે ૧૧ વાગે રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ મા નર્મદાનાં વધામણાં કરશે. આ કાર્યક્રમ માટે તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. મુખ્ય પ્રધાન સાથે ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ પણ આવશે અને કેવડિયાના બ્રાહ્મણો દ્વારા વિધિ સાથે મા નર્મદાનાં વધામણા કરવામાં આવશે. આ વધામણાં બાદ નર્મદાના ૧૦થી વધુ દરવાજા ખોલવામાં આવશે, નર્મદા નદી બે કાંઠે વહેતી થશે. જેના પગલે ભરૂચ-નર્મદા અને વડોદરાના ૪૨ જેટલા ગામને એલર્ટ કરવામાં આવ્યા છે.

ગુજરાત રાજ્યની જીવાદોરી સરદાર સરોવર નર્મદા ડેમની જળસપાટી આ વખતે કાચબા ગતિથી આગળ વધી રહી છે, કારણ કે ગત વર્ષે વહેલું પાણી છોડ્યું હતું. તેના કારણે સ્થિતિ બહુ ખરાબ થઈ હતી. જો કે, આ વખતે સરદાર સરોવર નર્મદા ડેમ ડેમના મેનેજમેન્ટ પૂરતી કાળજી રાખી રહ્યા છે અને હાલ તબક્કાવાર ડેમમાંથી પાણી છોડાતા ચાલુ વર્ષે કોઈ નુકસાન થયું નથી.

સરદાર સરોવર નર્મદા ડેમ ૧૩૮.૬૧ મીટરે છે. સોમવારે પાણીની આવક ૮૧,૫૦૮ ક્યૂસેક જેટલી થઈ હતી અને ડેમના ૩ ગેટ ૧.૩૦ મીટર ખોલીને ૮૦,૯૮૦ ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. સરદાર સરોવર નર્મદા ડેમની મહત્તમ જળસપાટી ૧૩૮.૬૮ મીટર છે અને ડેમની જળસપાટી ૧૩૮.૬૧ મીટરે પહોંચતા હવે માત્ર ૬ સેન્ટિમીટર ખાલી રહ્યો છે. જો કે ચોમાસાની આ સિઝનમાં આ વખતે ડેમ ૧ ઑક્ટોબર ૨૦૨૪ એટલે આવતીકાલે સંપૂર્ણ ભરાઈ જશે.

સરદાર સરોવર નર્મદા ડેમ ૧૬ સપ્ટેમ્બર ૨૦૧૭માં ભરાયો હતો, ત્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અહીંયા આવીને નર્મદા પૂજન કર્યું હતું. ૭ વર્ષથી સતત સરદાર સરોવર નર્મદા ડેમ મહત્તમ સપાટી વટાવી રહ્યો છે. ચાલુ વર્ષે ૨૦૨૪માં પણ ૧ ઑક્ટોબર ૨૦૨૪એ ફરી નર્મદા ડેમ છલોછલ ભરાશે. ■

# રાજ્યમાં સાંકડા પુલના સ્ટ્રક્ચર્સને પહોળા કરવા ૨૪૫ કરોડ રૂપિયા વપરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં માર્ગો પરના સાંકડા પુલ-સ્ટ્રક્ચર્સને પહોળા કરી ટ્રાફિકજામ થવાની સમસ્યામાંથી લોકોને મુક્તિ અપાવવા માટે મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો હતો. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ટ્રાફિક અને માર્ગ અકસ્માત અટકવવા માટે રાજ્યમાં ૨૦ જેટલા માર્ગો-રસ્તાઓ પર રોડની સાપેક્ષમાં સાંકડા હોય તેવા ૪૧ હયાત પુલ અને સ્ટ્રક્ચર્સ પહોળા કરવાની કામગીરી માટે ૨૪૫.૩૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા હતા. માર્ગ અને મકાન વિભાગ હવે આવા સાંકડા પુલ અને સ્ટ્રક્ચર્સને રસ્તાઓની પહોળાઈને અનુરૂપ વાઇડનિંગ કરવાની કામગીરી હાથ ધરશે.

રાજ્યમાં ૪૧ પુલો કે સ્ટ્રક્ચર્સ છે જેની પહોળાઈ રસ્તાઓની પહોળાઈ કરતા સાંકડી છે. આના પરિણામે આવા પુલો-સ્ટ્રક્ચર્સ પર ટ્રાફિકજામ થવાની સમસ્યા ઊભી થાય છે. મુખ્ય પ્રધાનના ધ્યાને આ બાબત આવતા તેમણે લોકોને ટ્રાફિકજામની સમસ્યા ભોગવવી ન પડે તેમ જ ઝડપી અને સલામત વાહનવ્યવહાર થઈ શકે તે હેતુથી આ ૨૪૫.૩૦ કરોડ રૂપિયા સાંકડા પુલો અને સ્ટ્રક્ચર્સના વાઇડનીંગ માટે ફાળવ્યા હતા. ■

# રાજ્ય સરકાર મગફળી, સોયાબીન, અડદની ટેકાના ભાવે ખરીદી કરશે: ૯૦ દિવસ સુધી ખરીદી ચાલશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્ય સરકારના કૃષિ વિભાગે ખેડૂતો માટે મહત્ત્વનો નિર્ણય કર્યો હતો. રાજ્ય સરકારે કેટલીક કૃષિ પેદાશોની ટેકાના ભાવે ખરીદી કરવાની જાહેરાત કરી હતી. રાજ્ય સરકાર મગફળી, સોયાબીન, અડદની ટેકાના ભાવે ખરીદી કરશે. ૩ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર સુધી ખેડૂતો નોંધણી કરાવી શકશે. લાભ પાંચમ પછીના દિવસે રાજ્ય સરકાર ખરીદી શરૂ કરશે. ૯૦ દિવસ સુધી ટેકાના ભાવે ખરીદી ચાલશે.

આ વર્ષે રાજ્યમાં મગફળી, અડદ અને સોયાબીનના પાકોનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થયું છે. તેથી રાજ્ય સરકાર મગફળી, સોયાબીન અને અડદની ટેકાના ભાવે ખરીદી કરવાનો નિર્ણય લેવાયો છે. લાભ પાચમના પછીના દિવસે રાજ્ય સરકાર ખેડૂતો પાસેથી મગફળી સહિત અડદ અને સોયાબીન ખરીદી કરશે. લાભ પાંચમ પછીના ૯૦ દિવસ સુધી ખરીદી ચાલશે.

ખેડૂતો આગામી ૩ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર સુધી મગફળી, અડદ, સોયાબીનની ટેકાના ભાવે વેચાણ માટે રજિસ્ટ્રેશન કરાવી શકશે. રજિસ્ટ્રેશન નાફેડના ઈ સમૃધ્ધિ પોર્ટલ પરથી રજિસ્ટ્રેશન થશે. ૧૫૦થી વધુ કેન્દ્રો પર નાફેડના માધ્યમથી ખરીદી થશે.

સરકાર મગફળી, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી કરશે. ટેકાના ભાવે વેચાણ કરવા માટે ખેડૂતોએ ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવવું પડશે. નાફેડના ઇ-સમૃદ્ધિ પોર્ટલ પર ખેડૂતોએ જણસનું રજિસ્ટ્રેશન કરાવવું પડશે અને ત્યારબાદ ખરીદી કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે ગુજરાતના ખેડૂતો પાસેથી પી.એસ.એસ. હેઠળ ટેકાના ભાવે ૬૧,૩૭૨ લાભાર્થી ખેડૂતો પાસેથી રૂ. ૬૭૧ કરોડથી વધુ કિંમતના ૧,૧૮,૦૦૦ મે. ટન જથ્થાની ખરીદી કરવામાં આવી હતી. ગત વર્ષના પ્રમાણમાં રાજ્યના મહત્તમ ખેડૂતો ટેકાના ભાવે ખરીદીનો લાભ લે તે માટે રાજ્ય સરકાર દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. ■

# અમદાવાદના ચાણક્યપુરીમાં અસામાજિક તત્ત્વોનો આતંક: ચાર આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં અસામાજિક તત્ત્વોનો ત્રાસ દિનપ્રતિદિન વધી રહ્યો છે. પોલીસ કે કાયદાનો જાણે કોઈ ડર ન હોય તેમ ગુંડા તત્ત્વો બેફામ બનીને આતંક મચાવતા રહે છે. સોમવારે મોડી રાતે શહેરના ચાણક્ય પુરી વિસ્તારના ચાણક્યપુરીમાં આવેલા શિવમ આર્કેડ એપાર્ટમેન્ટમાં અસામાજિક તત્ત્વોએ આતંક મચાવ્યો હતો. તલવારો સાથે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ પેદા કર્યો હતો. તલવારો સાથે સોસાયટીમાં ઘૂસેલા અસામાજિક તત્ત્વો સામે સોસાયટીના ચેરમેને સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને ૪ આરોપીઓની ધરપકડ કરી હતી અને ૧૧ આરોપીઓ વિરુદ્ધ રાયોટીંગ અને હત્યાનો ગુન્હો નોંધ્યો હતો.

અમદાવાદ પોલીસ ડીસીપીએ આ સમગ્ર મામલે જણાવ્યું હતું કે, પંકજ પટેલ નામના મકાન માલિકે પોતાનું મકાન ૪ દિવસ પહેલા અર્જુન સોલંકી નામના વ્યક્તિને પ્રતિ દિવસ ૭૦૦ રૂપિયાના ભાડે આપ્યું હતું. રાત્રે અર્જુન સોલંકી નીચે ઉતર્યો ત્યારે સોસાયટીના ચેરમેનને શંકા જતા એની પૂછપરછ કરતા મામલો ગરમાયો હતો, અર્જુન સોલંકી દ્વારા તેના કેટલાક મિત્રોને બોલાવવામાં આવ્યા હતા અને સોસાયટીમાં મારામારી કરી હતી.

લુખ્ખાઓ દારૂ પીને આવ્યા હતા અને તલવાર લઈને મારામારી કરી હતી. જેમાં સોસાયટીના લોકો ડરી જતા તેમણે પોલીસને જાણ કરી હતી. ભાડુઆત અર્જુન સોલંકી અને તેની સાથે આરોપી રવિ ઠાકોર, સંજય ઠાકોર અને અક્ષય ઠાકોરને પોલીસ દ્વારા પકડી લેવામાં આવ્યા હતા. આ કૃત્યમાં ૪ આરોપીનો સાથ આપનારા પરાગ ઠાકોર અને અન્ય ૧૧ વિરુદ્ધ રાયોટિંગ અને હત્યાનો પ્રયાસ કર્યા હોવાનો ગુનો નોંધાયો હતો. આ કેસ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવતા વધુ ખુલાસા થવાની શક્યતા છે. ■

# અમદાવાદમાં અનુપમ ખેરના ફોટાવાળી પાંચસોની નકલી નોટો પધરાવીને ૧.૬૦ કરોડની છેતરપિંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં નકલી નોટોથી અસલી સોનું ખરીદવાનો મોટો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. છેતરપિંડી કરનારાઓએ એક મોટા સોનાના વેપારી સાથે ૨૧૦૦ ગ્રામ સોનાનો સોદો કર્યો હતો. આ પછી તેણે વેપારીને નકલી નોટો પધરાવી દીધી હતી. આ નકલી નોટ પર ગાંધીજીની નહિ, પરંતુ અભિનેતા અનુપમ ખેરની તસવીર છપાયેલી હતી. આ બે શખ્સોએ ૨૧૦૦ ગ્રામ સોનું ખરીદીને વેપારીને ૧.૬૦ કરોડનો ચુનો લગાડ્યો હતો.

બેંકોમાં જે રીતે કરન્સી બંડલ બનાવવામાં આવે છે. એ જ રીતે, આ નકલી નોટોના બંડલ બનાવવામાં આવ્યા હતા, અને તે બંડલો વ્યવસ્થિત રીતે ગોઠવાયેલા હતા. બીજી એક રસપ્રદ વાત એ હતી કે, બેંકના નામ સાથે પણ ગફલા કર્યા હતા. આ કાર્ડની સીલ પર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના બદલે સ્ટાર્ટ બેંક ઓફ ઈન્ડિયા લખેલું હતું. આ સમગ્ર મામલે માણેક ચોકના વિસ્તારમાં સર્રાફા દુકાન ચલાવનાર મેહુલ ઠક્કરની આ ફરિયાદ પર પોલીસે અજાણ્યા લોકો સામે ફરિયાદ નોંધી હતી.

અમદાવાદ પોલીસે નકલી નોટો સંબંધિત આ મામલે તપાસ શરૂ કરી છે, પોલીસને શંકા છે કે આ છેતરપિંડી ગેંગ રાજસ્થાનની હોઈ શકે છે. આ નકલી નોટો પર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના બદલે રિસોલ બેંક ઓફ ઈન્ડિયા લખેલું છે. ■

# બર્ડ ડાયવર્સિટી રિપોર્ટ જાહેર: ગુજરાતમાં ૧૮થી ૨૦ લાખની વિવિધ પક્ષીઓની વસ્તી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં વન વિભાગ દ્વારા તૈયાર કરાયેલા બર્ડ ડાયવર્સિટી રિપોર્ટ: '૨૦૨૩-૨૪' વન અને પર્યાવરણ પ્રધાન મુળુભાઈ બેરાએ જાહેર કર્યો હતો. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, અંદાજિત ૧૮થી ૨૦ લાખની વિવિધ પક્ષી વસ્તી સાથે ગુજરાત સાચા અર્થમાં 'પક્ષી જીવન' માટે પણ સમગ્ર દેશમાં સ્વર્ગ તરીકે ઊભરી આવ્યું છે.

મુળુભાઈએ રિપોર્ટ અંગે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, ગુજરાત સહિત ભારતભરમાં આગામી તારીખ ૨થી ૮ ઓક્ટોબર દરમિયાન 'વન્ય જીવ સંરક્ષણ' સપ્તાહ ઉજવવામાં આવી રહ્યું છે, ત્યારે રાજ્યમાં સાચા અર્થમાં વન્ય જીવોનું સંરક્ષણ અને સંવર્ધન થઈ રહ્યું છે. પશુ-પક્ષીઓની વિશેષ સાર સંભાળ- કાળજી માટે રાજ્ય સરકાર દ્વારા 'કરુણા અભિયાન', પશુ હેલ્પલાઇન- ટોલ ફ્રી નંબર અને પશુઓનું ફરતું દવાખાનું સહિત અનેકવિધ નવીન સેવા પ્રકલ્પો શરૂ કરવામાં આવ્યા છે

દેવભૂમિ દ્વારકામાં સૌથી વધુ ૪૫૬ પક્ષી પ્રજાતિઓની વિવિધતા નોંધાઈ છે. જ્યારે સરહદી કચ્છ જિલ્લામાં ૧૬૧ પ્રજાતિઓના ૪.૫૬ લાખ જેટલા પક્ષીઓ જોવા મળ્યા છે. આ સાથે જ જામનગર, મહેસાણા, બનાસકાંઠા તેમજ અમદાવાદ એ પક્ષી જગતમાં નોંધપાત્ર ફાળો આપે છે. કચ્છના રણના વિશાળ મીઠાના ફ્લેટ્સ, સ્થળાંતર ઋતુ દરમિયાન હજારો ગ્રેટર ફ્લેમિંગોના આગમનના સાક્ષી બને છે જે સફેદ રણને ગુલાબી રંગમાં પરિવર્તિત કરે છે. રાજ્ય સરકાર પક્ષી-પ્રાણી સંરક્ષણ અને સંવર્ધનને વિશેષ પ્રાધાન્ય આપી રહી છે જેના ભાગ રૂપે ગુજરાતમાં સ્થિત નળ સરોવર, નડા બેટ, બોરીયા બેટ, થોળ વગેરે જેવા સ્થળો અંદાજે ૫૦ હજારથી પણ વધુ સ્થાનિકો તથા યાયાવર એટલે કે વિદેશી પક્ષીઓના 'હોટસ્પોટ' તરીકે જાણીતા થયા છે.

વન પ્રધાને કહ્યું હતું કે, ગુજરાત પ્રતિ વર્ષ શિયાળામાં, યાયાવર એવા 'બાર-હેડેડ' હંસનું સ્વાગત કરે છે. આ અદ્દભૂત પક્ષીઓ ૭,૦૦૦ મીટરથી વધુની ઊંચાઈએ 'હિમાલય' પરથી પ્રવાસ શરૂ કરે છે અને શિયાળાની ઠંડીથી બચવા માટે ગુજરાતની ભૂમિને તેમનું હંગામી આશ્રયસ્થાન- ઘર બનાવે છે. જામનગરની આબોહવા 'માર્શ ફ્લેમિંગો', 'પેલિકન' અને 'ક્રેન્સ'ને આવકારે છે એવી જ રીતે, ગુજરાતના દરિયાકિનારે મેન્ગ્રોવ ઇકોસિસ્ટમ સ્થાનિક અને યાયાવર પક્ષીઓ બંને માટે ટકાઉ વાતાવરણ પૂરું પાડીને સમૃદ્ધ પક્ષી જૈવ વિવિધતામાં વધારો પણ કરે છે.

વન પ્રધાને રાજ્યના વિવિધ જિલ્લાઓમાં પક્ષીઓની આંકડાકીય વિગતો આપતા જણાવ્યું હતું કે, જામનગર વિવિધ ૨૨૧ પ્રજાતિઓની સાથે ૪ લાખથી વધુ પક્ષીઓની સંખ્યા ધરાવે છે. અમદાવાદ પણ રાજ્યના પક્ષી જીવનમાં નોંધપાત્ર યોગદાન આપે છે. જેમાં ૩.૬૫ લાખથી વધુ પક્ષીઓની વસ્તી સાથે ૨૫૦થી વધુ વિવિધ પ્રજાતિઓ હોવાનું ગૌરવ અમદાવાદ ધરાવે છે. સરહદી એવા નડા બેટ વેટલેન્ડ કોમ્પ્લેક્સમાં એક લાખ કરતા વધુ પક્ષીઓ વસે છે. 'રામસર સાઈટ'ની વાત કરીએ તો કચ્છના છારી ઢંઢની કુલ ૨૨,૭૦૦ હેક્ટર જમીનમાં ૧૫૦થી વધુ પ્રજાતિઓના ૩૦,૦૦૦થી વધુ પક્ષીઓ માટે સુરક્ષિત નિવાસસ્થાન સાબિત થયું છે. આજ રીતે, પોરબંદરમાં આવેલી મોકરસાગર 'રામસર સાઈટ' ૧૦૦થી વધુ પ્રજાતિઓના અંદાજે ૩૦,૦૦૦ પક્ષીઓનું નિવાસસ્થાન બન્યું છે.

વન અને પર્યાવરણ રાજ્ય પ્રધાન મુકેશભાઈ પટેલે રિપોર્ટ અંગે જણાવ્યું હતું કે, સ્થાનિક તથા યાયાવર પક્ષીઓના સર્વેક્ષણ માટે ગુજરાત વન વિભાગ દ્વારા પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવ્યું છે. જેના આધારે ગુજરાતમાં પક્ષી વિવિધતા સર્વેક્ષણની આંકડાકીય માહિતી પ્લેટફોર્મ પર નિયમિત અપલોડ કરવામાં આવે છે. આ સર્વેક્ષણમાં વિવિધ પ્રદેશો, જળાશયો અને રામસર સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સર્વેક્ષણમાં એનજીઓ, વિવિધ યુનિવર્સિટીઝ તેમજ વૈજ્ઞાનિકો-પક્ષીવિદોના સહયોગથી ડેટા તૈયાર કરવામાં આવે છે.

મુકેશભાઈએ કહ્યું હતું કે, ઈ-બર્ડ પ્લેટફોર્મના અસરકારક ઉપયોગથી માહિતી સંગ્રહ અને વ્યવસ્થાપન કરી સર્વેક્ષણમાં ૩૯૮ ઈ-બર્ડ ચેકલિસ્ટમાંથી ડેટાનો ઉપયોગ કરીને ૩૦૦થી વધુ પક્ષીઓની પ્રજાતિઓનું દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે. આ વર્ગીકરણમાં સ્થાનિક, યાયાવર, નિવાસી-સ્થળાંતર પક્ષીઓનો અભ્યાસ કરી ડેટા તૈયાર કરવામાં આવે છે. જેમાં બનાસકાંઠા, જામનગર, કચ્છ, અમદાવાદ, પોરબંદર, સુરત, દેવભૂમિ દ્વારકા જેવા વિવિધ જિલ્લાઓમાં ૧૩ નજીકના જોખમી, ચાર જોખમમાં મૂકાયેલા, સાત સંવેદનશીલ અને એક ગંભીર રીતે જોખમી જાતિઓનું અવલોકન કરવામાં આવ્યું હતું.

રાજ્યની 'રામસર સાઇટ્સ'માં નળ સરોવર અને ખીજડિયા પક્ષી અભયારણ્ય મુખ્ય ભાગ ભજવે છે. પક્ષી ગણતરી દરમિયાન નળ સરોવર ખાતે પ્રભાવશાળી ૨૨૮ વિવિધ પક્ષીઓની પ્રજાતિઓનું તથા ખીજડિયા પક્ષી અભયારણ્યમાં ૨૦૦થી વધુ પ્રજાતિઓનું તલસ્પર્શી નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. પક્ષીઓના 'હોટસ્પોટ' એવા નળ સરોવર ખાતે સૌથી વધુ ૩.૬૨ લાખથી વધુ પક્ષીઓ, જ્યારે ખીજડિયામાં ૧.૫૦ લાખથી વધુ પક્ષીઓ નોંધાયા છે.

આમ, ઈ-બર્ડ પ્લેટફોર્મ માત્ર ગુજરાતમાં જ નહિ પરંતુ સમગ્ર દેશમાં કાર્યરત છે. ભારત સહિત વૈશ્વિક સ્તરે પક્ષી સંવર્ધન, સંરક્ષણ અને જતન કરવાના ઉદ્દેશ્યથી અનેકવિધ નોંધપાત્ર પ્રયાસો ચાલી રહ્યા છે. ■

# કચ્છ પર મિશ્ર વાતાવરણ: મોડી રાત્રિથી વહેલી સવારે થતી ઝાકળવર્ષા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:સમગ્ર ઉત્તર ભારતની સાથે સરહદી જિલ્લા કચ્છમાં મિશ્ર વાતાવરણની આણ બરકરાર રહેવા પામી છે. વહેલી સવારે ૨૨થી ૨૪ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે ઠંડીના ચમકારા બાદ દિવસ ચઢતાની સાથે જ મહત્તમ તાપમાનનો આંક ૩૬થી ૩૮ ડિગ્રી સેલ્સિયસ જેટલું ઊંચે ચઢી જતા ચૈત્રી ગરમી જેવો અહેસાસ નવરાત્રી પર્વના દિવસોમાં થઇ રહ્યો છે.

રાત્રિથી વહેલી સવાર દરમ્યાન પડી રહેલી ગુલાબી ઠંડી લોકોને પંખા ધીમા કરવા મજબૂર કરી રહી છે,

માર્ગો રાત્રી દરમ્યાન થતી ઝાકળવર્ષાથી ભીના થઇ જાય છે જયારે દસ વાગ્યા બાદ સ્વચ્છ આકાશ સાથે મહત્તમ તાપમાનનો આંક ૩૭ ડિગ્રી સે.પર પહોંચી જતાં વાતાવરણ હૂંફાળું બની જાય છે.

ભુજમાં આજે લઘુતમ ૨૪ અને મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી આસપાસ રહેતા ૧૨ ડિગ્રીનો તફાવત રહ્યો હતો. વાતાવરણમાંથી ભેજ અદ્રશ્ય થતાં અને પવન પણ મંદ પડી જતાં ગરમીની અનુભૂતિ ૪૨ ડિગ્રી સે.જેટલી થવા પામી રહી છે જે વિશ્વના ઇજિપ્ત, અલ્જેરિયા, સાઉદી અરેબિયા જેવા ગરમ પ્રદેશોની સમકક્ષ છે.

ભારે ગરમીના કારણે બપોરની પાળીમાં રહેલાં ભૂલકાંઓને ભારે હાલાકી પડી રહી છે અને સંખ્યાબંધ બાળકો બીમાર પડી રહ્યાં છે.

અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા ખાતે પણ દિવસ-રાતના તાપમાનમાં ૮ ડિગ્રી જેટલો તફાવત રહેવાની સાથે અહીં પણ દિવસે ગરમી રાત્રે ગુલાબી ઠંડકનો તાલ સર્જાયો હતો. કંડલા બંદરમાં ૩૫ ડિગ્રી મહત્તમ તાપમાન રહેતાં આસપાસના ગાંધીધામ,અંજાર આદિપુરમાં આંશિક ગરમીની આણ યથાવત રહી હતી.

સૂર્યાસ્ત બાદ કચ્છના મોટા ભાગનાં મથકોમાં લઘુતમ તાપમાનનો આંક ૨૨થી ૨૫ ડિગ્રીની આસપાસ રહેતાં રાત્રે ઠંડી અનુભવાઈ રહી છે. હજુ કડકડતી ઠંડી પડવાને સમય બાકી હોઈ, આ ગરમી ક્યાં જઈને અટકશે તે વાત ટોક ઓફ ધી ટાઉન બનવા પામી છે. ■

# અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા હથિયારોના કારોબારનો પર્દાફાશ: છ લોકોની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં ચાલી રહેલા હથિયારોના કારોબારનો પર્દાફાશ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે કર્યો હતો, છેલ્લા ત્રણ દિવસથી સતત ચાલતા આપરેશનમાં ક્રાઇમ બ્રાન્ચને મોટી સફળતા મળી હતી. ક્રાઈમ બ્રાન્ચે નવ પિસ્ટલ, શોટગન અને ૩૫ જીવતા કારતૂસ જપ્ત કર્યા હતા. આ મામલે પોલીસે ઉત્તર પ્રદેશના ચાર અને જુહાપુરાના બે આરોપીની ધરપકડ કરી હતી. આરોપીઓ કયાંથી હથિયાર લાવતા હતા અને કોને આપતા હતા તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ઝડપેલા હથિયારોમાં ૧ નંગ ૧૨ બોરની પિસ્ટલ, ૧ પિસ્ટલ, ૨ નંગ દેશી કટ્ટા, ૨ નંગ કારતૂસ ઝડપી પાડી છે, આરોપીઓ યુપીથી હથિયાર લાવીને અમદાવાદ તેમ જ આસપાસના વિસ્તારોમાં તે વેચતા હોઈ શકે તેવી શંકા પોલીસને લાગી રહી છે. ઝડપાયેલા તમામ આરોપીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી સમયમાં નવરાત્રિ, દશેરા અને દિવાળી સહિતના તહેવારોની સિઝન નજીક છે. તે અગાઉ અમદાવાદમાંથી આ પ્રકારના ઘાતક હથિયારો મળી આવવા તે મોટા ષડયંત્ર તરફ અંગુલિનિર્દેશ કરે છે. ■

# કચ્છ સરહદેથી ત્રણ માસ પૂર્વે ઝડપાયેલા પાકિસ્તાની ઘૂસણખોર વિરુદ્ધ ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:કચ્છના સીમાવર્તી વિઘાકોટ પાસેથી ઝડપાયેલા પાકિસ્તાની ઘૂસણખોર વિરુદ્ધ વિધિવત ગુનો દાખલ થયો છે.

ગત ૨૯મી જૂન,૨૦૨૪ના સવારે વિઘાકોટ પાસેની સંવેદનશીલ બલવીર સીમાચોકી પિલર નં.૧૧૨૫ પાસે સામેપારથી ગેરકાયદેસર રીતે ભારતની સીમા ઓળંગીને આવી ગયેલા ૩૮ વર્ષીય અફઝલ મહમ્મદ મહમ્મદ સરવલ સિરાયતી (રહે. કોટગુમાન, તહેસીલ પશરુલ સિયાલકોટ-પંજાબ (પાકિસ્તાન)ની સરહદી સલામતી દળે હાથ ધરેલી પ્રાથમિક તપાસમાં એ માનસિક રીતે અસ્વસ્થ હોવાનું જાણવા મળ્યું હતું અને તેની પાસેથી કંઇ સંદિગ્ધ વસ્તુ મળી ન હતી. હાલ આ ઘૂસણખોરીના બનાવ અંગે નરા પોલીસ મથકે બીએસએફના ઇન્સ્પેક્ટરે અફઝલ વિરુદ્ધ ફોરેન્સ એક્ટ તળે ગુનો દાખલ કરાવ્યો છે. ■

# અમદાવાદથી રાજકોટને જોડતો હાઈવે બિસમાર: મસમોટા ખાડાઓથી વાહનચાલકો પરેશાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ચોમાસા દરમિયાન થયેલા ધોધમાર વરસાદના કારણે રાજ્યના અનેક શહેરના માર્ગો ધોવાઈ ગયા છે, આ બિસમાર હાઈવેના કારણે લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. અમદાવાદથી રાજકોટને જોડતા હાઈવે પર પણ મસમોટા ખાડાનું સામ્રાજ્ય છે. હાઈવે પર ખાડાઓના કારણે ટ્રાફિકજામ થઇ રહ્યો છે. જેમાં ટ્રાફિક જામથી વાહનચાલકોને ભારે હાલાકી પડી રહી છે.

તંત્ર દ્વારા માત્ર માટી ભરીને પુરાણ કરાય છે તથા વરસાદથી માટીનું પુરાણ ધોવાતા ફરી ખાડા પડે છે. ખાડાના કારણે ટ્રાફિકજામ થાય છે આવી સ્થિતિમાં પોલીસ પણ લાચાર બની છે.

હાઈવે પર ટોલ ટેક્સ ભરવા છતાં હાઈવેની આવી સ્થિતિ કેમ થઈ જાય છે તે અંગે વાહનચાલકો સવાલ કરી રહ્યા છે. રોડ પર પડેલા ખાડાઓને કારણે વાહનચાલકોને પડતી મુશ્કેલી, વાહનોમાં થતું નુકસાન, તેથી બગડતું ઈંધણ અને સમયના વેડફાટ માટે કોણ જવાબદાર તેવો સવાલ તેઓ કરી રહ્યા છે. સ્થાનિકોએ પણ તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે રસ્તાઓ રિપેર કરાય તેવી માગ કરી રહ્યાં છે. ■

# ચણિયાચોળી અને કેડિયા ભાડે લેવાનો ટ્રેન્ડ વધ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નવરાત્રિને આડે આંગળીના વેઢે ગણી શકાય તેટલો સમય બાકી છે ત્યારે ખેલૈયાઓ છેલ્લી ઘડીએ તૈયારી કરવામાં વ્યસ્ત છે. ગામઠી અને ભરતકામવાળી કચ્છી ચણિયાચોળી ટ્રેન્ડમાં હોય જ છે, પરંતુ આ વખતે પ્લેન ચણિયો અને હેવી દુપટ્ટાવાળી ચણિયાચોળી ટ્રેન્ડમાં છે. નવરાત્રિની શોપિંગ કરવી હોય તો અમદાવાદની બે જગ્યા છે. જ્યાં તમે દિવસે કે રાતે જાઓ એટલે ભીડ તો જોવા મળે જ. આ બે જગ્યા છે લો ગાર્ડન અને રાણીનો હજીરો. આ બંને જગ્યાએ એકથી એક ચડિયાતા ચણિયાચોળી તથા ઓર્નામેન્ટ્સ મળે છે, પરંતુ જો તમારે માત્ર એક દિવસ પૂરતા જ ચણિયાચોળી પહેરવાની જરૂર હોય તો તમે ભાડે પણ લાવી શકો છો.

અમદાવાદના બજારોમાં આ વર્ષે ચણિયાચોળી અને કેડિયા ભાડે લેવાનો ટ્રેન્ડ વધ્યો છે. માર્કેટમાં ત્રણ થી ૧૫ હજારમાં વેચાતા મળતા ચણીયાચોળી માત્ર ૩૦૦, ૫૦૦, ૭૦૦ અને ૧૦૦૦, ૧૫૦૦ અને ૨ હજાર સુધી ભાડે મળી રહ્યા છે. આ સાથે ઓર્નામેન્ટ્સ ભાડે લેવાનો પણ ઓપ્શન મળી રહે છે. પુરુષોમાં કેડિયાની સાથે ઓર્નામેન્ટ્સ તો ખરા જ, પરંતુ આકર્ષક પાઘડીના ઘણા ઓપ્શન મળી રહે છે. એટલે જો તમારે કંઇ મોટો ખર્ચો ન કરવો હોય તો ચણિયાચોળી અને કેડિયું ભાડે લઇને પહેરી લેવા તે એક બેસ્ટ ઓપ્શન છે.

આ વર્ષે ચણીયા ચોળીમાં વિવિધ નવી ડિઝાઈનો આવી છે. તેમાં પણ જો હજી તમે ચણિયાચોળી ખરીદી ન હોય કે પછી ખરીદી કરવાનો સમય ન મળતો હોય તો તમે ભાડે લાવીને ગરબા રમી શકો છો. દર વર્ષ કરતા આ વર્ષે ભાડાની ચણિયાચોળીની ડિમાન્ડ ખૂબ જ વધારે છે. પહેલા નોરતાથી દશેરા સુધી બુકિંગ થયા છે. ■

# અજિત પવારની એનસીપીને લીધે ૨૮ બેઠકમાં મહાયુતિ નબળી પડી છે

## દેવેન્દ્ર ફડણવીસ પછી ભાજપના નેતા મોહન જગતાપના નિવેદનથી ખળભળાટ

*મુંબઈ:* 'નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના કારણે ભારતીય જનતા પક્ષ રાજ્યની ૨૮ સીટ પર પાછળ છે એવું વિવાદાસ્પદ નિવેદન ભાજપના નેતા મોહન જગતાપે કર્યું છે.' જે બેઠકો પર ભાજપના ઉમેદવારો જીત મેળવે છે એ જ બેઠકો પર અજિત પવાર જૂથ દ્વારા દાવો કરવામાં આવ્યો છે' એમ જણાવી જગતાપે 'ભાજપન નેતા પંકજા મુંડે અને એનસીપી નેતા ધનંજય મુંડે વચ્ચે નિકટતા કેટલી? એવો સવાલ પણ તેમણે ઉઠાવ્યો છે. આવા નિવેદન કરી 'મને ઉમેદવારી આપતા હો તો તમારા પક્ષમાં સામેલ કરો' એમ મોહન જગતાપે રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એસપી)ના પ્રમુખ શરદ પવાર અને ઠાકરે જૂથના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેને લખેલા પત્રમાં ખુલ્લે આમ જણાવ્યું છે.

મોહન જગતાપે દલીલ કરી છે કે 'અજિત પવાર મહાયુતિમાં જોડાવાથી ભાજપને નુકસાન થઈ રહ્યું છે, જે બેઠકો પર ભાજપના વિધાનસભ્યો ચૂંટાઈ આવ્યા છે એ બેઠકો પર અજિત પવાર જૂથ દાવો કરી રહ્યું છે. ભાજપના કાર્યકરોએ શું કેવળ મજૂરી જ કરતા રહેવાની? ભાજપને આડકતરી રીતે નુકસાન જ છે ને? મારી જાણકારી મુજબ અજિત પવાર જૂથ ભાજપની ૨૮ બેઠક પર દાવો કરી રહ્યું છે. ભાજપની આ ૨૮ બેઠક જોખમમાં છે.'

આ વખતે મોહન જગતાપને શરદ પવાર જૂથ તરફથી આમંત્રણ મળ્યું હોવાની ચર્ચા છે એ વિશે પૂછવામાં આવતા જગતાપે સ્પષ્ટપણે જણાવ્યું કે 'જો ચૂંટણીમાં ઉમેદવારી આપવાના હો તો મને પક્ષમાં સામેલ કરો.' આ વક્તવ્ય પછી તેઓ શું વલણ અપનાવે છે એ મહત્ત્વનું સાબિત થઈ શકે છે.

# અમરાવતીમાં ૪.૨ની તીવ્રતાનો ધરતીકંપ

*નાગપુર:* મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લામાં સોમવારે બપોરે ૪.૨ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. અમરાવતી જિલ્લાના ચિખલધરા તાલુકાના અમઝરી અને તેતુ ગામો નજીક બપોરે ૧.૩૭ વાગ્યે ભૂકંપ આવ્યો હતો, એમ નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (એનસીએસ) એ જણાવ્યું હતું. કોઈ જાનહાનિ કે સંપત્તિને નુકસાન ન થયું હોવાનું અમરાવતીના નિવાસી નાયબ કલેક્ટર અનિલ ભાટકરે જણાવ્યું હતું.

પ્રારંભિક માહિતી અનુસાર, ભૂકંપનો આંચકો ૧૩ કિમીની ઊંડાઈએ હતો. ભાટકરે જણાવ્યું હતું કે ચિકલધરા, કટકુંભ, ચર્ની, પચડોંગરી તાલુકાઓ અને મેલઘાટ વિસ્તારમાં સ્થળોએ હળવા આંચકા અનુભવાયા હતા. જિલ્લાના પરતવાડા શહેર અને ધર્નીના ભાગોમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા, એમ તેમણે ઉમેર્યું હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર, અકોટ તાલુકાના રુધાડી, ખિરકુંડ અને પ્રિંપી જૈનપુર ગામો અને પડોશી અકોલા જિલ્લામાં તેલ્હારા તાલુકાના હિવરખેડમાં હળવા આંચકા અનુભવાયા હતા.

# સાયબર ફ્રોડ વિવિધ રાજ્યમાં ૩૬ સ્થળે સીબીઆઈની રેઈડ

*પુણે:* સીબીઆઇ (સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશન)એ વિવિધ રાજ્યમાં ૩૬ સ્થળે રેઇડ પાડી હોઇ પુણેમાં પણ રેઇડ પાડવામાં આવી હતી, જેમાં ૧૦ જણની ધરપકડ કરાઇ હતી. વિવિધ દેશના નાગરિકોને જાળમાં ફસાવી તેમને છેતરનારા સાયબર ગુનેગારો વિરુદ્ધ આ કાર્યવાહી કરવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. સીબીઆઇએ પુણેથી ૧૦, હૈદરાબાદથી પાંચ અને વિશાખાપટ્ટનમથી ૧૧ જણની ધરપકડ કરી હતી. આમ સાયબર ફ્રોડ સંબંધે પાડવામાં આવેલી રેઇડમાં કુલ ૨૬ લોકોની ધરપકડ કરાઇ હતી અને મોબાઇલ, લેપટોપ સહિત ઇલેક્ટ્રોનિક ગેજેટ્સ જપ્ત કરવામાં આવ્યા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

નવમા પાનાનું ચાલુ

### પશ્ચિમ રેલવેના

છઠ્ઠી રેલવે લાઇન નાખવાનું કામકાજ ચાલુ કરવામાં આવશે. આ કામકાજને કારણે ચોથી ઓક્ટોબર સુધી દરરોજ ૧૫૦થી ૧૭૫ ઉપનગરીય ટ્રેન સેવાઓ રદ થવાની ધારણા છે, જ્યારે સ્પીડ પરના રિસ્ટ્રિક્શનો ધીમે ધીમે હટાવવામાં આવશે.

પશ્ચિમ રેલવેએ આ અંગે આજે એક નિવેદન બહાર પાડીને સ્પષ્ટતા કરી હતી કે પશ્ચિમ રેલવેના દૈનિક મુસાફરોએ ગોરેગાંવ અને કાંદિવલી વચ્ચે ઝડપના નિયંત્રણોને કારણે સોમવાર અને શુક્રવાર (૩૦ સપ્ટેમ્બરથી ૪ ઓક્ટોબર) વચ્ચે વિલંબનો સામનો કરવો પડશે. આ બાબત બંને નવી રેલ લાઇન નાખવા માટે જરૂરી છે, તેથી લોકલ ટ્રેનોની મૂવમેન્ટ વધુ ઝડપી અને ટેક્નિકલ મુશ્કેલીઓ વિના થશે, એમ પશ્ચિમ રેલવેના અધિકારીએ દાવો કર્યો હતો.

### કામનું જબરજસ્ત પ્રેશર

થોભાવી હતી અને બાદમાં મોબાઇલ સાથે દરિયામાં ઝંપલાવ્યું હતું. સિનિયર ઇન્સ્પેક્ટર રોહિત ખોતે કહ્યું હતું કે ટ્રાફિક વિભાગ તરફથી અમને માહિતી મળ્યા બાદ પોલીસ ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસને બ્રિજ પર સુશાંતની કાર મળી આવી હતી. કારનો રજિસ્ટ્રેશન નંબર આરટીઓને પોલીસે મોકલ્યો હતો, જેના પરથી માલિકનું નામ, સરનામું અને મોબાઇલ નંબર સહિતની માહિતી મળી આવી હતી. સુશાંત તેની પત્ની, સાત વર્ષની પુત્રી અને સાસુ સાથે પરેલ વિસ્તારમાં રહેતો હોવાનું જાણવા મળતાં પોલીસની ટીમને ત્યાં મોકલવામાં આવી હતી.

પોલીસે સુશાંતની પત્નીનો સંપર્ક સાધ્યો હતો અને તેને પોલીસ સ્ટેશનમાં બોલાવવામાં આવી હતી, જ્યાં પૂછપરછ દરમિયાન તેણે જણાવ્યું હતું કે સુશાંતને કામનું જબરજસ્ત પ્રેશર હતું. શિવડી પોલીસે આ પ્રકરણે તપાસ આદરી હતી. પોલીસને કોઇ સુસાઇડ નોટ મળી આવી નહોતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. સુશાંત બેન્કની દક્ષિણ મુંબઈની બ્રાન્ચમાં મેનેજર તરીકે કામ કરતો હતો. સપ્તાહના અંતે તે પત્ની અને પુત્રીને લોનાવલા ફરવા માટે લઇ ગયો હતો. સોમવારે તે ઓફિસ જઇ રહ્યો હોવાનું કહી ઘરેથી નીકળ્યો હતો, પણ તે અટલ સેતુ પર પહોંચી ગયો હતો, જ્યાંથી તેણે દરિયામાં છલાંગ લગાવી દીધી હતી, એમ પોલીસે જણાવ્યું હતું. પોલીસ અધિકારીએ કહ્યું હતું કે અંધારું થતાં સર્ચ ઓપરેશન બંધ કરી દેવાયું હતું.

મંગળવારે ફરી સર્ચ ઓપરેશન શરૂ કરાશે. પોલીસે એ વિસ્તારના માછીમારોનો સંપર્ક કર્યો છે અને કોઇ મૃતદેહ મળે તો પોલીસને જાણ કરવાનું તેમને કહેવામાં આવ્યું છે. માર્ચ મહિનામાં ૪૩ વર્ષની ડોક્ટર કિંજલ શાહે અટલ સેતુ પરથી દરિયામાં ઝંપલાવ્યું હતું. ઘણી શોધ ચલાવ્યા છતાં તેનો મૃતદેહ મળી આવ્યો નહોતો. ડોંબિવલીના એન્જિનિયર કે. શ્રીનિવાસે (૩૮) જુલાઇમાં અટલ સેતુ પરથી દરિયામાં ઝંપલાવી આત્મહત્યા કરી હતી. એ અગાઉ તેણે પત્ની સાથે વાત કરી હતી. ઑગસ્ટમાં મુલુંડની ૫૭ વર્ષની મહિલાએ અટલ સેતુ પરથી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. કૅબ ડ્રાઇવર અને ટ્રાફિક પોલીસે તેને બચાવી લીધી હતી.

### ૨૦૦ મિ.મી. વરસાદ

રેલવેના ટ્રેક પર પાણી ભરાઈ જતા કલાકો સુધી મધ્ય રેલવે ખોરવાઈ જતા લાખો મુંબઈગરા બેહાલ થઈ ગયા હતા. બુધવારે સાંજે બેથી ત્રણ કલાકની અંદર જ શહેરમાં ૨૦૦ મિલીમીટર સુધીનો ભારે વરસાદ પડી ગયો હતો, તેને કારણે મધ્ય સહિત હાર્બર લાઈનના અનેક સ્ટેશનોના રેલવે ટ્રેક પાણી નીચે ડૂબી જતા રેલવે કલાકો સુધી ખોરવાઈ ગઈ હતી.

બુધવારના બનાવ બાદ સુધરાઈ સહિત રેલવે પ્રશાસનને ભારે ટીકાનો સામનો કરવો પડ્યો હતો. તેથી ભવિષ્યમાં આવા બનાવોનું પુનરાવર્તન થાય નહીં તે માટે પાલિકા મુખ્યાલયમાં સોમવારે એક બેઠક બોલાવી હતી. આ બેઠકમાં રેલવે અધિકારીઓ, પાલિકાના બ્રિજ, સ્ટોર્મ વોટર ડ્રેનેજ ડિપાર્ટમેન્ટ સહિત રોડ ડિપાર્ટમેન્ટના અધિકારીઓ સામેલ હતા.

પાલિકાના એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ) અભિજિત બાંગરે જણાવ્યું હતું કે ચોક્કસ વિસ્તારોમાં રેલવે ટ્રેકની નીચે આવેલા નાળાઓ સાંકડા છે, તેથી આ નાળાઓને પહોળા કરવા માટે રેલવે વિભાગને વિનંતી કરવામાં આવી છે. કેટલાક જરૂરી કામ માટે સુધરાઈએ આપેલા ભંડોળમાંથી રેલવે ખર્ચો કરશે તો અમુક કામ પાલિકાએ પૂરા કરશે.

### આખું વર્ષ પાટાઓની સફાઈ કરો

બેઠક દરમિયાન કમિશનર ભૂષણ ગગરાણીએ રેલવે ટ્રેકની નીચે આવેલા તથા તેની બાજુમાં આવેલા નાળાઓની અને ચેનલોની સફાઈની સહિત તેમને પહોળા કરવા તેમ જ રેલવે ટ્રેક અને કલ્વર્ટની સફાઈ સહિત તેની જાળવણીના કામ ફક્ત ચોમાસા પહેલા અને તે બાદ પૂરતા ન રાખતા આખા વર્ષ દરમિયાન કરવામાં આવે તેના પર ધ્યાન આપવાનો નિર્દેશ આપ્યો હતો.

### હિંદમાતા કેમ જળબંબાકાર થયું?

સુધરાઈએ બે વર્ષ પહેલા હિંદમાતામાં પાણી ભરાવાની સમસ્યાને દૂર કરવા માટે ૧૧૦ કરોડ રૂપિયાના ખર્ચે પહેલી વોટર ટેન્ક બાંધી હતી. ગયા અઠવાડિયે બુધવારે પડેલા મુશળધાર વરસાદ દરમિયાન હિંદમાતા જળબંબાકાર થઈ ગયું હતું. તેથી કરોડો રૂપિયા ખર્ચીને બાંધેલી વોટર ટેન્ક સામે જ પ્રશ્ન નિર્માણ થઈ ગયો છે. ત્યારે પાલિકાના ઉચ્ચ અધિકારીએ સ્પષ્ટતા કરી હતી કે કલાકના પંચાવન મિલીમીટર સુધી વરસાદ પડે તો જ આ ટેન્ક કામની છે. આ ટેન્ક સુધી પાણી પહોંચાડનારા પંપથી લઈને અન્ય સિસ્ટમની ક્ષમતા કલાકના પંચાવન મિલીમીટર સુધી વરસાદની જે છે. જ્યારે ગયા અઠવાડિયામાં કલાકમાં અમુક જગ્યાએ ૧૦૦ મિલીમીટર તો અમુક જગ્યાએ ૨૦૦ મિલીમીટરથી વધુ વરસાદ પડયો હતો, જેમાં દાદરમાં કલાકના ૧૦૦ મિલીમીટર જેટલો વરસાદ પડ્યો હતો. તેથી પંપમાં પાણી પહોંચાડનારા પંપની લઈને પાઈપલાઈન સુધીની સિસ્ટમ પાણીના ફોર્સનું વહન કરી શકી નહોતી અને હિંદમાતા જળબંબાકાર થઈ ગયો હતો.

### ચૂંટણીની જાહેરાતનું

પૃષ્ઠભૂમિમાં મહત્ત્વની ગણવામાં આવી હતી.

કેબિનેટની બેઠકમાં રાજ્યના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ પછી ૩૮ જેટલા મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. જેમાં રાજ્યમાં હોમગાર્ડ જવાનોના ભથ્થામાં નોંધપાત્ર વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને આનાથી આશરે ૪૦ હજાર હોમગાર્ડને ફાયદો થશે, તેમજ કોટવાલોના મહેનતાણામાં દસ ટકાનો વધારો થશે અને સહાનુભૂતિની નીતિનો પણ અમલ કરવામાં આવશે. ગ્રામ રોજગાર સેવકોને હવે દર મહિને આઠ હજાર રૂપિયા આપવામાં આવશે.

રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને મીઠાગરની ૨૫૫ એકર જમીન ઝૂંપડપટ્ટી પુનર્વસન પ્રોજેક્ટ માટે આપવાની માગણી કરી છે અને આ જમીન લીઝ પર સરકારને આપવામાં આવશે. સરકાર આ જમીન અદાણીના નેતૃત્વ હેઠળની ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ કંપનીને લીઝ પર આપશે.

ઉપરાંત, રાજ્ય સરકારે ભૂતપૂર્વ ન્યાયમૂર્તિ સંદીપ શિંદે સમિતિના બીજા અને ત્રીજા અહેવાલને સ્વીકારવાનો નિર્ણય કર્યો છે. સંદીપ શિંદે સમિતિની સ્થાપના કુણબી-મરાઠા અને મરાઠા-કુણબી પ્રમાણપત્રો ઐતિહાસિક નોંધને આધારે પ્રોટોકોલ નક્કી કરી આપવા માટે કરવામાં આવી હતી. આસમિતિએ ગયા ડિસેમ્બર મહિનામાં સરકારને પોતાનો અહેવાલ સોંપ્યો હતો. આ અહેવાલને સ્વીકારવામાં આવ્યો હતો.

રાજ્ય સરકાર દ્વારા કયા મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા?

- કોટવાલોના પગારમાં ૧૦ ટકાનો વધારો, સહાનુભૂતિની નીતિ પણ લાગુ કરવામાં આવશે (મહેસૂલ વિભાગ)
- ગ્રામ રોજગાર સેવકને દર મહિને ૮,૦૦૦ રૂપિયા આપવાનો નિર્ણય તેમજ પ્રોત્સાહન સબસિડી (આયોજન વિભાગ)
- ઓરેન્જ ગેટથી મરીન ડ્રાઇવ સબવેના કામમાં ઝડપ આવશે. એમએમઆરડીએ (નગર વિકાસ વિભાગ)ને વ્યાજમુક્ત ગૌણ લોન સહાયની મંજૂરી
- થાણે મેટ્રો રેલ પ્રોજેક્ટના કામમાં ઝડપ આવશે, ૧૨ હજાર ૨૦૦ કરોડની સુધારેલી યોજનાને મંજૂરી (નગર વિકાસ વિભાગ)
- થાણેથી બોરીવલી સબવે (નગર વિકાસ વિભાગ) માટે લોન તરીકે ૧૫,૦૦૦ કરોડ એકત્ર કરવામાં આવશે.
- દેશી ગાયોના ઉછેર માટે સબસિડી યોજના. (પશુપાલન વિભાગ)
- લાતુર જિલ્લામાં હાસાળા, ઉંબડગા, પેઠ, કવ્હા કોલ્હાપુર ડેમનાં કામોની મંજૂરી (જળ સંસાધન વિભાગ)
- બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા, ધુળે (મહેસૂલ વિભાગ)ને ગ્રામજનોના વિકાસ માટેની જમીન
- કેન્દ્રની મીઠાગરની જમીનો રાજ્ય સરકારોને ટ્રાન્સફર કરવામાં આવશે, ગરીબો માટેની આવાસ યોજનાઓને ઝડપી બનાવવામાં આવશે (હાઉસિંગ વિભાગ)
- પાલઘર જિલ્લાના મુરબે ખાતે બહુહેતુક બંદર પ્રોજેક્ટ જેએસડબ્લ્યુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપર (બંદર વિભાગ)
- ધારાવીમાં અયોગ્ય ઝૂંપડપટ્ટીના રહેવાસીઓ માટે પરવડી શકે એવા ભાડાની આવાસ યોજના. ધારાવી રિહેબિલિટેશન પ્રોજેક્ટ (હાઉસિંગ ડિપાર્ટમેન્ટ) માટેની જવાબદારી
- રાજ્યમાં હોમગાર્ડના ભથ્થામાં નોંધપાત્ર વધારો. ૪૦ હજાર જેટલા હોમગાર્ડ જવાનોને લાભ મળશે (ગૃહ વિભાગ)
- શ્રી સિદ્ધિવિનાયક ગણપતિ મંદિર સમિતિના સભ્યોની સંખ્યા વધારીને ૧૫ કરાશે (કાનૂન અને ન્યાય વિભાગ)
- મોટાભાગના કર્મચારીઓ (સામાન્ય વહીવટ વિભાગ) માટે એક દિવસનો ટેકનિકલ બ્લોક માફ કરાયો
- બાર્ટીના આધારે વનાર્ટી સ્વાયત્ત સંસ્થા બનાવાશે (અન્ય પછાત બહુજન કલ્યાણ)
- મેટ્રો-થ્રીના અસરગ્રસ્તો (મહેસૂલ વિભાગ)ના પુનર્વસન માટે સ્ટેમ્પ ડ્યુટીમાં કન્સેશન
- ૨૦૦૫ (ગ્રામીણ વિકાસ વિભાગ) પછી જોડાતા જિલ્લા પરિષદના કર્મચારીઓ માટે એક સમયનો વિકલ્પ
- પંચગંગા નદીના પ્રદૂષણ માટે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટને અપગ્રેડ કરવામાં આવશે (ઉદ્યોગ વિભાગ)
- રાજ્યમાં વિશેષ શિક્ષકની પદની રચના. ૪૮૬૦ પોસ્ટ્સ (શાળા શિક્ષણ)
- સરકારી ગેરંટી ફીના દરમાં ઘટાડો કરવાનો નિર્ણય. ગેરંટી ફી માફ કરવામાં આવશે નહીં (નાણા વિભાગ)
- ભૂતપૂર્વ ન્યાયાધીશ સંદીપ શિંદે સમિતિ (સામાન્ય વહીવટ વિભાગ)નો બીજો-ત્રીજો અહેવાલ સ્વીકાર્યો
- રાજ્યમાં લશ્કરી શાળાઓ માટે હવે સુધારેલી નીતિ. (શાળા શિક્ષણ)
- દાડમ, સીતાફળ એસ્ટેટ બનશે, ઉત્પાદકોને મોટો ફાયદો (કૃષિ વિભાગ)
- મહેસૂલ આવક (મહેસૂલ વિભાગ) વધારવા સ્ટેમ્પ એક્ટમાં સુધારો

### ધારાવીમાં અપાત્ર રહેવાસીઓ માટે એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ સ્કીમ

*મુંબઈ:* મહારાષ્ટ્ર સરકાર દ્વારા ધારાવી રિડેવલપમેન્ટમાં અપાત્ર રહેવાસીઓ માટે અફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ સ્કીમ અમલમાં મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સોમવારે મળેલી કેબિનેટની બેઠકમાં ધારાવીના અપાત્ર ઝૂંપડાના રહેવાસીઓ માટે પરવડી શકે એવા ભાડાની આવાસ યોજના ઘડી કાઢવાને મંજૂરી આપવામાં આવી હતી. આ બેઠકની અધ્યક્ષતા મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કરી હતી.

આ સંદર્ભે ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટે તાત્કાલિક ઝૂંપડપટ્ટીનો સર્વે પૂર્ણ કરવો જોઈએ અને પાત્ર અને અપાત્ર ઝૂંપડપટ્ટી ધારકોની સંખ્યા નક્કી કરવી જોઈએ. તે મુજબ તેમના માટે આવશ્યક જમીનનો પ્લોટ પણ નક્કી કરવાનો હોય છે.

ક્રેડિટ લિંક સબસિડી હેઠળ રાજ્ય સરકાર પર કોઈ આર્થિક જવાબદારી ન આવે તેની કાળજી લેવી જોઈએ. આ જવાબદારી સ્પેશિયલ પર્પઝ કંપનીની રહેશે. આ નીતિ અન્ય કોઈપણ પ્રોજેક્ટ પર લાગુ થશે નહીં, એવો નિર્ણય સોમવારે કેબિનેટની બેઠકમાં લેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

## પારસી મરણ

ફલી અરેદેશીર બારીયા તે મરહૂમ નરગીશના ધની. તે મરહૂમો ખોરશેદ અરદેશીર બારીયાના દીકરા. તે અદીલના પપ્પા. તે મરહૂમો ફિરોઝ, કુમી, પીલુને એમીના ભાઈ. તે મરહૂમો જર મેરવાનજી શરોફના જમાઈ. (ઉં.વ. ૮૮) રે.ઠે. ૩૬ દેવછાયા, તારદેવ રોડ, હાજીઅલી, સોબો સ્નતરલ મોલની સામે, તુલસીવાદી તારદેવ-મુંબઈ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયા: ૧-૧૦-૨૪ને દિને બપોરે ૩.૪૦ વાગે. બાતલીવાલા અગ્યારીમાં છેજી.

શેરૂ જાહાંગીર વકીલ તે મરહૂમ જાહાંગીર જાહાબકશ વકીલના ધણિયાની. તે મરહૂમો રતનબાઈ સોરાબજી કુવરજી ડ્રાઈવરના દીકરી. તે શીરાઝ, સનોબર, મેહરવાન ને રશનાના માતાજી. તે સરિતા, ફીલી, વીસતાસપ ને મરહૂમ નોશીરના સાસુજી. તે મરહૂમો જાલ, બાનુ ને ગુલના બહેન. તે કૈવાન ને શાહીનના મમઈ. (ઉં.વ. ૯૮) રે.ઠે. ૨૩/૨૪, હોરમઝ બાગ બિલ્ડિંગ, કાશીનાથ રોડ, તારદેવ, મુંબઈ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયા: તા. ૧-૧૦-૨૪ને દિને બપોરે ૩.૪૦ વાગે બાતલીવાળા અગ્યારીમાં છેજી.

સુનની ગુસ્તાદ ઈરાની તે ગુસ્તાદ બમન ઈરાનીના ધન્યાની. તે મરહૂમો જોલી રુસી ભરૂચાના દીકરી. તે ઝુબીન ને ચેરાગના માતાજી. તે જેહાન ચેરાગ ઈરાનીના સાસુ. તે જેસમીનના બહેન. તે ઝારોન ચેરાગ ઈરાનીના બપઈ. (ઉં.વ. ૭૧) રે.ઠે. આર-૧૦, ગોદરેજ બાગ, નેપીયનસી રોડ, મુંબઈ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયા: તા. ૨-૧૦-૨૪ને દિને બપોરે ૩.૪૦ વાગે. ઉપરની હોદીવાલા બંગલીમાં છેજી.

### ચેતવણી અવગણનાર

એલ એન્ડ ટીના કબજામાં છે. પાલિકાના કે-પૂર્વ વૉર્ડે થોડા સમય પહેલા જ આ સ્થળનું ઈન્સપેક્શન કર્યું હતું અને એ સમયે ત્યાં અમુક ત્રુટિઓ હોવાની જાણ તેમણે કૉન્ટ્રેક્ટર એલ ઍન્ડ ટીને કરી હતી. ડીફેક્ટ લાઈબિલિટી પીરિયડમાં પાલિકાએ જો કોઈ ત્રુટિ જણાઈ આવે તો તેને પરિપૂર્ણ કરવા કૉન્ટ્રેક્ટર અને એમએમઆરસીએલ બંધાયેલા છે. પાલિકાએ ૨૪ ઑગસ્ટ ૨૦૨૪ અને ૨૯ ઑગસ્ટ, ૨૦૨૪ના એમએમઆરસીએલને પત્ર લખી કહ્યું હતું કે જે ત્રુટીઓ જે તેને પરિપૂર્ણ કરવા માટે કૉન્ટ્રેક્ટર જવાબદાર છે. તેથી આ દુર્ઘટનાના સ્થળે રહેલી ત્રુટીઓ માટે એમએમસીએલઆર અને કૉન્ટ્રેક્ટર જવાબદાર છે એવો નિષ્કર્ષ સમિતિના અહેવાલમાં કાઢવામાં આવ્યો છે.

### એમવીએની

તેમાં પણ મુંબઈમાં વર્સોવા અને ભાયખલા બેઠકો પર ખેંચતાણ થઈ રહી છે. સુપ્રિયા સુળેએ એક સમાચાર સંસ્થાને એવી માહિતી આપી હતી કે બેઠકોની વહેંચણીની ચર્ચા સોમવારે પણ ચાલી રહી હતી અને પહેલી ઓક્ટોબરે પણ ચર્ચા ચાલુ રહેવાની છે. આગામી ૩-૪ દિવસમાં બેઠકોની વહેંચણીના ફોર્મ્યુલાને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે.

### વિક્રોલીમાં

કોઈ ઈજા પહોંચી નહોતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડની ગાડી પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. જોકે ત્યાં સુધીમાં આખી બસ બળીને ખાક થઈ ગઈ હતી. આ આગને લીધે એલ.બી.એસ. માર્ગ પર થોડો સમય માટે ટ્રાફિક જામ થઈ ગયો હતો.

### એકનાથ શિંદે

સમતોલ આહાર ગણાય છે. માનવ આહારમાં દેશી ગાયના દૂધનું મહત્ત્વ, આયુર્વેદ ચિકિત્સામાં પંચગવ્યનો ઉપયોગ અને જૈવિક ખેતી પદ્ધતિમાં દેશી ગાયના છાણ અને ગૌમૂત્રનું મહત્ત્વ જોતાં દેશી ગાયોની સંખ્યામાં ઘટાડો ચિંતાનો વિષય બની રહ્યો છે. આ કારણસર પશુપાલકોને સ્વદેશી ગાયોના ઉછેર માટે પ્રોત્સાહિત કરવા તેમને 'રાજ્ય માતા - ગોમાતા' તરીકે જાહેર કરવામાં આવી છે.

### મહાયુતિની બેઠકોની

ઉત્તર તેમ જ પશ્ચિમ મહારાષ્ટ્ર સહિત વિવિધ પ્રદેશોમાં પાર્ટીના કાર્યકરો સાથે મુલાકાત કરી હતી. દેવેન્દ્ર ફડણવીસે એવી માહિતી આપી હતી કે શિવસેના, ભાજપ અને એનસીપી વચ્ચે બેઠકોની વહેંચણી અંગેની ચર્ચાઓ 'સારી રીતે આગળ વધી રહી છે, લગભગ ૮૦ ટકા બેઠકો પર ચર્ચા પૂરી થઈ ગઈ છે અને નિર્ણય લેવામાં આવ્યો છે. માત્ર ૨૦ ટકા બેઠકો પર અંતિમ નિર્ણય બાકી છે.'

### આદિત્યની યુવાસેના

આ દેખાવ અકબંધ રહ્યો છે, પરંતુ આ વખતે સેનેટ ચૂંટણીની પ્રક્રિયાને અદાલતમાં પડકારવામાં આવી છે. સેનેટની ચૂંટણીમાં જીત્યા બાદ આદિત્ય ઠાકરે દ્વારા પોતાના નિવાસસ્થાન 'માતોશ્રી'ની બહાર વિજયની ઉજવણી ધૂમધામથી કરવામાં આવી હતી, પરંતુ હવે આ મામલો અદાલતમાં જતા શું ચૂંટણીના પરિણામોને રદ કરવામાં આવશે કે શું તેવો પ્રશ્ન પૂછવામાં આવી રહ્યો છે.

## હિન્દુ મરણ

મૂળ ગામ ધ્રોલ, હાલ-મુંબઈ ગો.વા. હરીલાલ ડોસાભાઈ આડેશરાના પુત્ર સ્વ. ઠાકોરલાલ આડેશરા (ઉં.વ. ૮૨) સોમવાર, તા. ૩૦-૯-૨૪ના અવસાન પામેલ છે. તે સ્વ. નિર્મળાબેનના પતિ. મીના, શિરિષ, વિમલના પિતાશ્રી. વિજયભાઈના સસરા. કોમલ, માનસી, વિશ્મા, કુદલીપરાજના દાદા. આસ્થા, કુનાલના નાના. પ્રાર્થનાસભા તા. ૧-૧૦-૨૪ના ૪થી ૬. સ્થળ: શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ.ટી. રોડ, ડાયમંડ ટોકિઝની સામે, બોરીવલી (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

સ્વ. દમયંતીબેન સોમૈયા તથા સ્વ. જમનાદાસ રાઘવજી સોમૈયા કચ્છ ગામ-અંજાર હાલ નાશિકવાળાના મોટા પુત્ર મહેશકુમાર (ઉં. વ. ૭૫) ૨૮-૯-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મોહનલાલ સોમૈયાના ભત્રીજા. તે કમલાબેનના પતિ. તે સ્વ. ભુલચંદભાઈ થાવરદાસ દાવડાના જમાઈ. તે મિનલ સંજય માણેક, ભાવિનના પિતા. તે સ્વ. હંસાબેન ચોથાણી, સ્વ. ભરત, સ્વ. દિપક, શિરીષ, જયશ્રીબેન મોદી, આશાબેન ઠક્કર, કલ્પનાબેન પટેલ, પ્રિતીબેન ઠક્કરના ભાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ વાકું, હાલ મુંબઈ ઘાટકોપર નિવાસી માધવજી લાલજી પલણ (ઉં. વ. ૯૬) ૨૯-૯-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ચંદ્રાવતિના પતિ. સ્વ. ભાવેષ અને ભાવના હરીષ રૂપારેલના પિતાશ્રી. રીટા અને સ્વ. રાધાના સસરા. સ્વ. વસંત, સ્વ. કમળા, સ્વ. લતાના કાકા. ભાવિન, ભૂમી, લીશા, કુનાલ, મનેષ, વંદના, નિષ્મા, જય, માન્સીના બાપૂજી. પ્રાર્થનાસભા તેમ જ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી દશાશ્રીમાળી વૈષ્ણવ**

અનીડા નિવાસી હાલ મલાડ અશોકભાઈ મોદી (ઉં. વ. ૭૧) તે ભાનુબેન નંદલાલ મોદીના પુત્ર તથા મીનાબેનના પતિ. ચૈતાલી તથા હર્ષના પિતા. રવિકુમાર તથા હિરલના સસરા. શૈલેષભાઈ તથા સંજયભાઈના ભાઈ. ધીરજલાલ હીરાલાલ પારેખના જમાઈ તે ૨૮-૯-૨૪ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાટણ**

પાટણ વસાવાડાના હાલ મુંબઈ નિવાસી સુધાબેન (સવિતાબેન) ચીનુભાઈ શાહ (ઉં. વ. ૯૬) ૨૯-૯-૨૪ના રવિવારે સ્વર્ગવાસ થયેલ છે. તે સ્વ. દીપક, સ્વાતિ, અવની અને મિહિરના માતુશ્રી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

મૂળ ગામ તુણા (અંજાર) હાલે થાણા ડૉ. લાલજી શેઠિયા (ઉં. વ. ૮૨) ૨૭-૯-૨૪ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. પાર્વતીબેન માવજી શેઠિયાના પુત્ર. તે સ્વ. ઉષાબેન અને વિજયાના પતિ. પ્રશાંત અને દિપલના પિતા. સ્વ. શિવલાલ, લક્ષ્મીકાંતના ભાઈ. પારૂલ અને જગદીશભાઈના સસરા. તે જયેશ, મિતેષ, ભાવિક, જતીન, રેણુ અને પ્રતિમાના કાકા. બન્ને પક્ષની પ્રાર્થનાસભા લોટ્સ હોલ, બીજા માળે, ટીપ ટોપ પ્લાઝા, એલ.બી.એસ. માર્ગ, મુલુંડ ચેકનાકા પાસે, થાના મંગળવારના ૧-૧૦-૨૪ ૪.૩૦ થી ૬. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગામ ટોડિયા (નખત્રાણા)વાળા સ્વ. કિશોરભાઈ કેશવજી પોપટના ધર્મપત્ની ગં.સ્વ. કમલાબેન (ઉં.વ. ૯૫) સ્વ. હરિરામભાઈ જેઠાભાઈ બારૂ ગામ ખોંભડીવાળા હાલે કોલ્હાપુરના સુપુત્રી. લધારામ હરિરામ બારૂ, સરસ્વતીબેન તન્નાના બેન. તે સ્વ. કૌશલ્યાબેન, દિનેશભાઈ, વાસંતીબેન, સ્વ. જગદીશભાઈ, પ્રદીપભાઈ, પૂજાબેન (પ્રતિમા)ના માતાજી. તે તક્ષશીલાબેન, સ્વ. પ્રતાપભાઈ મજેઠિયા, વિવેક, અશ્વિનભાઈ ભીંડેના સાસુ. તે કમલેશ, કેનીલ (વિક્કી), મેહુલ, અનિકેત (સોનુ), જુગના, પ્રશાંત, કામિની (કોમલ), કલ્પેશ સચદેના દાદી રવિવાર, તા. ૨૯-૯-૨૪ના રામશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧-૧૦-૨૪ના ૫.૩૦થી ૭.૦૦ સ્થળ: બાલાજી બેન્કવેટ હોલ (ગોપૂરમ), ડૉ. આર.પી. રોડ, મુલુંડ (વેસ્ટ). (લૌકિક વ્યવહાર બંધ છે.)

**મેઘવાળ**

ગામ ચલાલા હાલ મુંબઇ મહાલક્ષ્મી સ્વ.મુળીબેન કાળાભાઈ ગોહિલ (ઉં. વ. ૮૨) શનિવાર તા.૨૧.૦૯.૨૦૨૪ના અવસાન પામ્યા છે. તે સ્વ.કાળાસાતા ગોહિલના પત્ની. વાલીબેન, હિરજીભાઈ, ભાણજી, રૂપાલીના માતુશ્રી. બેચર ખુમાણ, લક્ષ્મણ બાબરીયા અને દેવુબાઈના સાસુ. તેમનું બારમું બુધવાર ૨.૧૦.૨૪ સાંજે ૫ ક. નિવાસસ્થાન મહાલક્ષ્મી બી-૧/૧૭૦૫ રાખવામાં આવેલ છે.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

ગામ ઝાલોદ (દેવગઢ બારીયા) હાલ વિલેપાર્લે ભાનુભાઇ કનૈયાલાલ દેસાઈના ધર્મપત્ની અનસૂયાબેન (ઉં. વ. ૮૮) તે શેફાલીબેન લેનિન મહેતા, સ્વાતિ અમીષ મહેતા, નેહા ચેતન કાણકિયાના માતુશ્રી. સ્વ.ગુલાબદાસ મોદીના દીકરી, સ્વ.દેવબેન, સ્વ.કનૈયાલાલ, સ્વ.કૃષ્ણકાંત મોદીના બહેન, તા.૨૯/૯/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**પરજીયા સોની**

અમૃતલાલ ગોવિંદભાઇ ધકાણ (ઉં. વ. ૮૩) આસોદરવાળા તા.૨૬/૯/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ. સ્વ.લાલજીભાઈ વીરજીભાઈ ધાણક જેતપુરવાળાના જમાઈ. સ્વ.ધીરુભાઈ, સ્વ.મગનભાઈ, સ્વ.વિનુભાઈ, મહેન્દ્રભાઈના ભાઈ. મનીષના પિતા. નિખિલ તથા તેજલ ભાવિનકુમાર અઢિયાના મોટાપપ્પા. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ ભાટિયા**

કુમારી આયરા ઉદેશી (ઉં. વ. ૧૬) મૂળ દ્વારકાના હાલ ઘાટકોપર નિવાસી તે સ્વ. કુસુમ અને જયરાજ ઉદેશીની પૌત્રી. રાધિકા જગદીશની સુપુત્રી. ગ.સ્વ. કિલ્પા દેવેન, ચિ.અતુલ -પૂનમ, ચિ.રાજેશ -રૂપાની ભત્રીજી, સ્વ.પ્રમિલાબેન અને વિઠ્ઠલદાસ વેદની દોહીત્રી, ચિ.મીત, પ્રિયલ, તન્વી, દિવ્યમ, શિવમ, વેદાંત અને નિર્મિતની બહેન. તા.૨૯-૯-૨૪ના શ્રીજીચરણ પામી છે. પ્રાર્થનાસભા બુધવાર તા.૨-૧૦-૨૪ના ૪-૬. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગરોડિયા નગર, ઘાટકોપર(ઈ) લૌકિક વ્યહવાર બંધ છે.

**બાલાસિનોર દશાનીમા વણિક**

સ્વ. ચંદનબેન અને ઓચ્છવલાલ કડકીયા (લટકારી)ની સુપુત્રી. કોકિલાબેન પરીખ (ઉં. વ. ૮૭) તે સ્વ. વસંતભાઇના પત્ની. પ્રતીક્ષ, રૂપેશ, દીપેન, નૃપાના માતુશ્રી. તે નીતા, ભૈરવી, પ્રિયા તથા અનીશકુમારના સાસુ. તે સ્વ. કમળાબેન અને શાંતિલાલ ચંદુલાલ પરીખના પુત્રવધૂ. તા. ૨૯-૯-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧-૧૦-૨૪ના ૫થી ૭. ઠે. સુખમની બિલ્ડિંગ, બોમાંજી પેટીટ રોડ, પારસી જનરલ હોસ્પિટલ પાસે, કેમ્પસ કોર્નર, મુંબઇ-૩૬. પ્રાર્થનાસભા બાદ લૌકિક પ્રથા બંધ રાખવામાં આવી છે.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જામનગર નિવાસી હાલ મલાડ, ગં.સ્વ. ભારતીબેન વિનોદરાય દયાળજી દોશી (ઉં.વ. ૭૪) સ્વ. પરાગના માતુશ્રી. રાખીબેનના સાસુ. તનયના દાદી. સ્વ. ડાયાભાઈ, સ્વ. સુરેશભાઈ, સ્વ. ચંદનબેન, નીરૂપમાબેન, રેણુકાબેનના ભાભી. સ્વ. ધીરજલાલ તારાચંદ કોઠારી, સ્વ. ગુલાબબેન ઝાટકિયા, સ્વ. જયાબેન બજરિયા, સ્વ. મીનાબેન દોશી, અ.સૌ. કોકિલાબેન સંઘરાજકાના બેન. અ.સૌ. હર્ષાબેન વસંતભાઈ લાઠીયાના વેવાણ રવિવાર, તા. ૨૯-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧-૧૦-૨૪ના ૧૦થી ૧૨.૦૦ સ્થળ: પાવનધામ, મહાવીર નગર, કાંદિવલી (વેસ્ટ).

**દશા શ્રીમાળી મુર્તીપૂજક જૈન**

લીંબડી નીવાસી હાલ વિલેપારલે સ્વ.સવિતાબેન સ્વ.ચંપકલાલ શાહના પુત્ર કિશોરચંદ્ર શાહ (ઉં. વ. ૭૫) તે સ્વ. મહાસુખલાલ, સ્વ.વિનોદરાય, સ્વ.સુધાબેન, દિનકરરાય, શોભનાબેન શાહના ભાઈ તા.૨૭-૯-૨૪ના શુક્રવાર અરીહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશા શ્રીમાળી જૈન**

પાટણ નિવાસી મહાદેવાજીની શેરી હાલ મુંબઈ સ્વ.રમાબેન અને સુરેન્દ્રભાઈ શાહના સુપુત્ર બિરેનભાઈ તે ચિતલબેનના પતિ. વર્ધન અને તનિષાના પિતા. સ્મિતિના સસરા. મીનાબેન, સુરેશભાઈના જમાઈ તા.૨૯-૯-૨૪ અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા સ્થળ: પાટીદાર સમાજ હોલ, ફ્રેન્ચ બ્રિજ, ઓપેરા હાઉસ, ધરમ પેલેસની બાજુમાં બુધવાર તા.૨-૧૦-૨૪ના ૪ થી ૬.

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

સ્વ. રમીલાબેન શાહ (ઉં. વ. ૯૫) ઢંઢેરવાડો પાટણના નિવાસી સ્વ.ચંપકલાલ મણિલાલ શાહના ધર્મપત્ની. સ્વ.રાકેશભાઈ, પિયુષભાઈ, મોહિનાબેન, દક્ષાબેન, તૃપ્તિબેન, મીનાબેનના માતૃશ્રી. કાશ્મીરાબેન, મનિષાબેન, સ્વ.જીતુભાઈ, સ્વ.અનિલભાઈ, નરેન્દ્રભાઈ, દીપેનભાઈના સાસુ. હિંમતલાલ પોપટલાલની દીકરી. સ્વ.સુરેશભાઈ, પ્રદિપભાઇ, સુકેતુભાઈ, સ્વ. નિરંજનાબેન, મિનાક્ષીબેનના બેન. કિંજલ, નીશા, ધરા, નિધિ, અનંતના દાદી. તા.૨૯/૯/૨૪ના અરિહંતશરણ થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

અમૃતવેલ નિવાસી હાલ મીરારોડ સ્વ. લાલચંદ મોતીચંદ લાખાણી તથા લીલાવતીબેનના સુપુત્ર ધનસુખભાઇ (ઉં. વ. ૭૬) તે તા.૨૯/૯/૨૪ના અરિહંતશરણ પામેલ છે. ચારૂલતાબેનના પતિ. સ્વ.જયંતીલાલ ભાઈચંદ ઝાટકીયાના જમાઈ. સ્વ. ભરતભાઈ, સ્મિતાબેનના ભાઈ. મેહુલ તથા હેતલ વિશાલ વાડેચાના પિતા. સ્વ. કિરીટભાઈ, રાજેશભાઈ, સ્વ. દીપકભાઈ, સ્વ.મુકેશભાઈ, નીતિનભાઈ, સ્વ. રિટાબેન સંજયભાઈ ઝોન્સા તથા કોયલ મનોજભાઈ જોષીના બનેવી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી દેરાવાસી જૈન.**

ધાંગદ્રા નિવાસી હાલ અંધેરી સ્વ.રમેશચંદ્ર શાંતિલાલ શાહના પત્ની ઉષાબેન (ઉં. વ. ૭૭) તા.૨૯-૦૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે હીરાબેન ચીમનલાલ વોરાના સુપુત્રી. સંજય, મેહુલ, રેશમા, ધવલના માતુશ્રી. જયણા, રિશિતા, પ્રણવ, નૈઋતીના સાસુ. સ્વ.ભદ્રાબેન, સ્વ.રમાબેન, સ્વ.સુરેન્દ્રભાઈ, મૃદુલાબેનના ભાભી. સ્વ.ધીમંતભાઈ, પ્રવીણભાઈ, સ્વ.પદમાબેન, પ્રવિણાબેનના બહેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

દેવપુરના વીરજી રવજી ગાલા (ઉં. વ. ૮૩) તા. ૨૯-૯-૨૪ના રોજ અવસાન પામ્યા છે. સાકરબાઈના પતિ. નાનબાઈ રવજીના પુત્ર. કિરણ, કમલેશ, ભારતી, ગીતાના પિતા. મણિલાલ, ગઢશીશા વિજયા ગોવિંદજી, પાનબાઈ શામજીના ભાઈ. ગઢશીશા મમીબાઈ મોહનલાલ નાગજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. વીરજી રવજી ગાલા, એ/૪૦૩, વીણા બીના, એ.ડી.માર્ગ, શિવડી, મુ.૧૫.

રામાણીયાના કસ્તુરબેન દામજી રાંભીયા (ઉં. વ. ૮૧) તા.૨૯-૯-૨૪ના અવસાન પામેલ છે. રત્નકુક્ષીણી લક્ષ્મીબેન નેણશીના પુત્રવધૂ. દામજીના પત્ની. કેતન, પ્રજ્ઞા, હીના, જ્યોતિના માતા. મોટી ખાખર દેવકાંબેન હેમરાજ ઉમરશી ગંગરના પુત્રી. કલ્યાણજી, નાની ખાખર મણીબેન કલ્યાણજી, રાયણ મોંઘીબેન પ્રેમજી, નવીનાળ જવેર લાલજી, ગેલડા વસુમતી નાનજીના બેન. પ્રા.શ્રી માટુંગા ક.મૂ.શ્વે. જૈન સંઘની નારાણજી શામજી વાડી. બીજે માળે, ટા. ૪ થી ૫.૩૦. નિ: દામજી રાંભીયા. ૧૪૦૧, રીષભ ટાવર, ૫૮૧, એસ.બી.માર્ગ, પ્રભાદેવી, મું-૨૫.

ગુંદાલાના પ્રેમજી દેવજી સતરા (ઉં. વ. ૮૯) તા. ૨૮-૯-૨૦૨૪ના અવસાન પામ્યા છે. માતુશ્રી હાંસબાઈ દેવજી (બુધુબાપા) મુરજીના સુપુત્ર. હીરબાઈના પતિ. ગુંદાલાના વેલબાઈ લખમશી (બુધુબાપા) દેવજીના જમાઈ. ભરત, હર્ષદ, જયેશ, ઈલા, વીણા, લતાના પિતાશ્રી. ગુંદાલાના દામજી દેવજી, ભોરારાના મણીબેન ધનજી મોરારજી, ગુંદાલાના જવેરબેન ઝંડુલાલ વીરજીના ભાઈ. પ્રા. માટુંગા ક.શ્વે.મૂ.જૈન સંઘ : નારાણજી શામજી વાડી, ૧લે માળે, ટા. ૪ થી ૫.૩૦. નિ. હર્ષદ પ્રેમજી સતરા : ૪૦૧, પારસમણી ટાવર, નાયગાંવ ક્રોસ રોડ, દાદર-ઈ. મું-૧૪.

વાંકીના હેમાબેન પ્રેમજી સાવલા (ઉં. વ. ૭૭) તા.૨૯-૯-૨૪ ના અવસાન પામેલ છે. માંકબાઈ ડુંગરશી આશારીયાના પુત્રવધૂ. સ્વ. પ્રેમજીના પત્ની. લક્ષ્મીચંદ, ઉલ્કાના માતા. દેશલપુરના સ્વ.રતનબેન ખીમજી દેવજી સોનીના પુત્રી. કુમુદ મધુસુદન, વસંત, ખુશાલ, હરીશ, સુરેશ, કિશોરના બેન. પ્રા. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં.કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા. ૪ થી ૫.૩૦. નિવાસ : હેમાબેન સાવલા. ૧૭, સત્યમ સોસાયટી, ચીંપલુકર રોડ, અનુપમ હોસ્પિટલની પાછળ, ડોંબિવલી (ઈસ્ટ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# તન-મન-ધનથી રહો તરોતાજા




## કેવી રીતે તબક્કા વાર કરવું આવું આયોજન?

ગૌરવ મશરૂવાલા
feedback@bombaysamachar.com

એક માણસે આખી જિંદગી ઘણી મહેનત કરી અને મોટી રકમ બચાવી. મૃત્યુ સમીપ આવ્યું છે એવું એને લાગ્યું ત્યારે પત્નીને બોલાવીને કહ્યું : ‘મારા મૃત્યુ પછી મારી ઈચ્છા છે કે બધા જ પૈસા હું સાથે લઈ જાઉં. આથી તું મારું ધન મારી સાથે શબપેટીમાં મૂકી દેજે....’

પત્નીએ પણ બધું ધન શબપેટીમાં મૂકી દેવાનું વચન આપ્યું. પતિના મૃત્યુ પછી એને શબપેટીમાં સૂવડાવવામાં આવ્યો ત્યારે કાળી સાડી પહેરીને બેઠેલી પત્નીની બાજુમાં એની મિત્ર બેઠી હતી. બધી વિધિ પૂરી થવા આવી અને શબપેટીને કબરમાં દફનાવવાનો વખત આવ્યો ત્યારે પત્નીએ કહ્યું : એક મિનિટ ...’

એણે ઊભી થઈને પોતાના હાથમાંનું બોક્સ શબપેટીમાં મૂકી દીધું. દફનવિધિ માટે આવેલા અંડરટેકરોએ શબપેટી બંધ કરી અને કબરમાં મૂકવાનું શરૂ કર્યું. પત્નીના મિત્રે કહ્યું, : ‘ તું પતિની સાથે એનું બધું ધન પણ દફનાવી દે એવી મૂર્ખ તો નથી એ મને ખબર છે, છતાં તેં બોક્સ મૂકી દીધું તેનું મને આશ્ચર્ય થાય છે.’ વફાદાર પત્નીએ જવાબ આપ્યો :

હું ધર્મે ખ્રિસ્તી છું. મેં આપેલું વચન મારે પાળવું જ રહ્યું. મેં પતિને વચન આપ્યું હતું કે એનું બધું ધન હું એની શબપેટીમાં મૂકી દઈશ....’ તો શું તે ખરેખર બધું જ ધન એની સાથે દફનાવી દીધું?! ’ મિત્રે પૂછ્યું. સામે જવાબ મળ્યોઃ

‘હા, મેં મૂકી દીધું. મેં જેટલાં નાણાં હતાં એ બધાં મારા અકાઉન્ટમાં મૂકી દીધા અને તેનો ચેક એમના નામે લખીને શબપેટીમાં મૂકી દીધો...! ’

મૃતક એ ચેક વટાવી શક્યા હશે કે નહીં એ આપણને ખબર નથી, પણ એટલી જરૂર ખબર પડે છે કે એ માણસે નિવૃત્તિ માટે પહેલેથી જ પ્લાનિંગ કરી લીધું હશે અને તેથી જ એ પોતાની પાછળ ઘણું બધું ધન મૂકી ગયો. હવે આપણે મુદ્દાની વાત પર આવીએ.

બચત અને રોકાણ આપણી પહેલી કમાણી હાથમાં આવે એ જ દિવસથી શરૂ થઈ જવાં જોઈએ. નિવૃત્તિ પછીની જરૂરિયાતો પૂરી કરી શકાય એ માટેની નાણાંની જોગવાઈ નિવૃત્તિના ઓછામાં ઓછા એક દાયકા પહેલાં શરૂ થઈ જવી જોઈએ. આથી શરૂઆતમાં કોઈ લોન હોય તો તે ચૂકતે કરી દેવાનો પ્રારંભ કરી દેવો. વ્યાજની ચુકવણી આપણા માટે ખર્ચ અને ધિરાણ આપતી સંસ્થા માટે આવક હોય છે. કોઈકની આવક થાય તે માટે પોતાની આવકનો ઉપયોગ કરવાનું કોઈને ગમે ખરું? ના જ ગમે. બધાને કમાણી વહાલી હોય છે, ખર્ચ નહીં. બીજું, નિવૃત્તિ પછીના સ્થાયી ઘરનો પણ વિચાર કરવાનો હોય છે. જો તમારી પાસે પોતાનું ઘર ન હોય તો તે ખરીદી લેવા માટેનું આયોજન કરવાની જરૂર પડે છે. લોકો ઘર ખરીદવા માટે પોતાના નિવૃત્તિ વખતે મળતા ભંડોળ પર આધાર રાખે છે. હકીકતમાં આ સૌથી મોટી ભૂલ કહેવાય, કારણ કે ઘર ખરીદવા માટે જીવનભરની મૂડી વાપરી નાખ્યા બાદ કંઈ જ બચતું નથી અથવા તો ઘણી ઓછી રકમ બાકી રહે છે.

ઘરની વ્યવસ્થા થઈ ગયા પછી અન્ય મોટા ખર્ચ પર ધ્યાન આપવું. તેમાં સંતાનોનો ઉચ્ચ અભ્યાસ અને એમનાં લગ્નનો સમાવેશ થાય છે. ઘણા વાલીઓ પોતાના નિવૃત્તિકાળના જીવનનિર્વાહ કરતાં સંતાનોનાં શિક્ષણ અને લગ્નને વધારે મહત્ત્વ આપતા હોય છે. આ પારિવારિક બાબત છે તેથી તેના વિશે જીવનસાથી અને સંતાનો સાથે વાતચીત કરીને નિર્ણય લેવો જોઈએ.

આપણે આજકાલ જોઈએ છીએ તેમ બદલાયેલા સંજોગોમાં ઘણાં સંતાન ધારે તોપણ માતા-પિતાની સેવા કરવા માટે સક્ષમ હોતાં નથી. તેમાં એની આવકથી માંડીને વિચારો, વર્તન અને દૂર વસવાટ જેવાં પરિબળો કારણભૂત હોય છે. આથી આપણે સંતાનોની જરૂરિયાતો પૂરી કરવાની સાથે સાથે પોતાના નિવૃત્તિકાળની આવશ્યકતાઓ સંતોષવા પર પણ લક્ષ આપવું જોઈએ.

સંતાનના ઉચ્ચ અભ્યાસ માટે થોડા પૈસા પોતે કાઢો અને થોડાની એમને લોન લેવા દો એવું શક્ય છે. તમે જે કંઈ કરો, તે આપસી સમજણપૂર્વક અને સભાનપણે લેવાયેલો નિર્ણય હોવો જોઈએ. જો તમે સંતાનોની જરૂરિયાતો પોતે જ સંતોષવા માગતા હો તો તેના માટે અલગ ભંડોળ એકઠું કરવું.

કોઈકે સાચું જ કહ્યું છેઃ નિવૃત્તિનો સમય ઘણો જ સરસ મજાનો હોય છે. તેમાં કંઈ કરવાનું પણ ન હોય અને કંઈ થશે તેની ચિંતા પણ કરવાની ન હોય. વાસ્તવમાં, જો નિવૃત્તિ માટેનું આયોજન ન કર્યું હોય તો ઉપરોક્ત કહ્યું તેનાથી તદ્દન જુદી જ પરિસ્થિતિ સર્જાય પછી કહેવું પડે કેઃ નિવૃત્તિનો સમય જરાય સારો નથી અને તેની ચિંતામાં સપડાઈ જવાય છે..

આવે વખતે શું કરવું ? ■

## તમારાં રોકાણમાં વિવિધતા લાવો એટલે શું?

feedback@bombaysamachar.com
ફાઈનાન્સના ફંડા
મિતાલી મહેતા



અહીં આ સાથે પ્રગટ કરેલું ચિત્રને જોઈને પહેલો વિચાર મનમાં એ જ આવે છે ને કે અરે, આપણા ખોરાક અને રોકાણ વચ્ચે શું સંબંધ ?! વાત બરાબર છે આવો જ વિચાર આવે એ સ્વાભાવિક છે.

ચાલો સમજીએ.... સમતોલ આહારના ફાયદાઓ વિશે આપણે બધા જ જાણીએ છીએ કે સારા સ્વાસ્થ્ય અને શરીરની સમગ્રપણે વૃદ્ધિ માટે સમતોલ આહાર ખૂબ જ આવશ્યક છે. આપણું શરીર વ્યવસ્થિત રીતે કાર્યરત રહે એ માટે સમતોલ આહાર શરીરને આવશ્યક બધું જ પોષણ પૂરું પાડે છે.

ફળ- શાકભાજી- દૂધ અને દૂધની બનાવટો સાથે કાર્બોહઈડ્રેટ્સ અને પ્રોટિન્સ બધું જ મહત્ત્વનું છે. શરીરનું સ્વાસ્થ્ય શ્રેષ્ઠ રીતે જળવાઈ રહે એ માટે દરેકે પોત પોતાના શરીરની જરૂરિયાત પ્રમાણે દરરોજ આમાંથી યોગ્ય ખોરાક ગ્રહણ કરવો જોઈએ. આમાંની કોઈ એક જ વસ્તુ ખાઈને તંદુરસ્ત જીવન જીવી શકાય નહીં. આ જ પ્રમાણે એક સુદ્રઢ પોર્ટફોલિયો બનાવવા માટે એમાં રોકાણનાં સાધનોમાં પણ વિવિધતા હોવી જરૂરી છે.

જેવી રીતે આપણું શરીર યોગ્ય આહાર વગર વિભિન્ન રોગ, થાક, ઈન્ફેક્શન તેમ જ કુપોષણનો શિકાર બની શકે છે એવી જ રીતે જો તમારા પોર્ટફોલિયોમાં રોકાણ કરેલા એસેટમાં યોગ્ય પ્રકારની વૈવિધ્યતા ન હોય તો તમારો પોર્ટફોલિયો પણ જોખમ અને તકલીફનો સામનો કરી શકે છે.

અહીં આગળ જતાં એક શબ્દનો વારંવાર ઉપયોગ થશે. એ શબ્દ છે : ‘એસેટ’. હવે આપણે વાત આગળ વધારીએ એ પહેલા સરળ શબ્દોમાં સમજી લઈએ કે એસેટ એટલે શું ? એસેટ એટલે એવું રોકાણ જે તમને લાંબા અથવા ટૂંકા ગાળે આવક રળી આપે.

હવે જાણીએ પોર્ટફોલિયોમાં વૈવિધ્યતા હોવી એટલે શું ? બીજા શબ્દોમાં, પોર્ટફોલિયોમાં વિવિધ

એસેટની ફાળવણી કરવી એટલે શું?

પોર્ટફોલિયોમાં એસેટની યોગ્ય વિવિધતા હોવી એટલે પોર્ટફોલિયોમાં વિવિધ એસેટનો એવી રીતે સમાવેશ કરવો, જેમાં જોખમ અને વળતરનું યોગ્ય સંતુલન કરવામાં આવ્યું હોય તેવી વ્યૂહરચના ગોઠવવી અર્થાત રોકાણ માટેની કુલ રકમનું વિવિધ એસેટ ક્લાસમાં યોગ્ય રીતે વિભાજન કરવું. વર્ષોથી જાણીતી એ કહેવત યાદ છે ને કે ‘બધાં જ ઈંડાં એક સાથે એક જ ટોપલીમાં ન મૂકવા.’ એસેટ ક્લાસમાં વિવિધતાનો પણ આ જ અર્થ છે.


હવે, એ પણ સમજીએ કે એસેટની વિવિધ શ્રેણી છે અને દરેક એસેટના પોતાના ખાસ લક્ષણ છે. જુદી જુદી એસેટ ક્લાસનાં જોખમ પણ જુદાં જુદાં હોય છે અને તેમાંથી મળતા વળતર પણ ભિન્ન પ્રકારના હોય છે. આથી દરેક એસેટ ક્લાસ ચોક્કસ સમયગાળામાં જુદી જુદી રીતે વર્તે છે ! મુખ્ય રીતે બધા એસેટ ક્લાસને બે શ્રેણીમાં વિભાજિત કરવામાં આવ્યા છે - નાણાકીય એસેટ અને રિયલ એસેટ. એક રોકાણકાર તરીકે તમે નાણાકીય એસેટ અને રિયલ એસેટ વચ્ચે ચયન કરી શકો છો. જ્યારે નાણાકીય એસેટ એક કાનૂની કરાર છે, જેમાં ઈક્વિટી અને ડેબ્ટ બંનેનો સમાવેશ થાય છે,જ્યારે રિયલ એસેટ વાસ્તવિક એસેટ છે. એમાં પ્રોપર્ટી, ગોલ્ડ અને સંગ્રહ કરી શકાય એવી મૂલ્યવાન વસ્તુઓનો સમાવેશ થાય છે. જો કે નાણાકીય એસેટ વધારે પ્રચલિત છે કેમ કે તે વધુ પ્રવાહી પ્રકારની છે એટલે કે આવી એસેટને જલ્દીથી વેચી શકાય છે અને તેમને વેચવાનો ખર્ચ પણ સરખામણીમાં ઓછો આવે છે. એક સુદ્રઢ પોર્ટફોલિયોમાં આ બંને પ્રકારની એસેટ ક્લાસનું યોગ્ય મિશ્રણ હોવું જરૂરી છે.

ચાલો, હવે એ સમજીએ કે ઈક્વિટી અને ડેબ્ટ એટલે શું?

ઈક્વિટી એ કંપનીની માલિકીમાં ભાગીદારી છે. જ્યારે તમે કોઈ કંપનીના શેર્સમાં રોકાણ કરો છો ત્યારે તમે તમારા રોકાણના ભાગ જેટલી માત્રામાં એ કંપનીના આંશિક ભાગીદાર બનો છો. પરિણામે, ન કેવળ તમને કંપનીના નફામાં ભાગીદારી મળે છે, પરંતુ એની નુકસાનીમાં પણ તમારો હિસ્સો હોય છે. ડિવિડન્ડના સ્વરૂપે અને મૂડીમાં થતી વૃદ્ધિના સ્વરૂપે તમને તમારા રોકાણ ઉપર વળતર મળે છે. જોકે, અહીં તમારી મૂડી સુરક્ષિત હોતી નથી.

બીજી તરફ, જ્યારે તમે ડેબ્ટ આધારિત એસેટ ક્લાસમાં રોકાણ કરો છો ત્યારે તમે એક દેણદારની ભૂમિકા ભજવો છો. દાખલા તરીકે, જ્યારે તમે બેંકમાં ફિક્સ્ડ ડિપોઝિટ ખોલાવો છો ત્યારે તમે તમારા નાણાં બેંકને ઉધાર આપો છો. પછી જેવી રીતે એક દેણદાર, લેણદાર પાસેથી વ્યાજ વસૂલે છે તેવી જ રીતે તમે બેંકને ધીરેલ નાણાં સામે બેન્ક પાસેથી વ્યાજ પામો છો ! ડેબ્ટ રોકાણનાં સાધન સરખામણીમાં ઓછું જોખમ ધરાવે છે કેમ કે સામાન્ય રીતે તમારી મૂડી આવાં રોકાણોમાં સુરક્ષિત રહે છે. ટૂંકમાં અહીં આવો કંઈક સિનારિયો સર્જાય છે :

એક આક્રમક રોકાણકાર પોતાની મૂડીને ઈક્વિટીનાં સાધનોમાં વધુ રોકે છે, પરંતુ જોખમ-ભીરુ રોકાણકાર ડેબ્ટનાં સાધનો અને મની માર્કેટ ઈન્સ્ટ્રુમેન્ટ્સમાં રોકાણ કરવાને પ્રાધાન્ય આપે છે, પરંતુ યાદ રાખો, તમારી પસંદગી તમારી લક્ષિત ભંડોળની રકમ ઉપર અસર કરે છે ! ■



## ભાવનાત્મક સંતુલન મજબૂત કરવા દરરોજ કરો વૃક્ષાસન

feedback@bombaysamachar.com
યોગાસન
દિવ્યજ્યોતિ ‘નંદન’

જો આપણી લાગણીઓ સુખદ અને સંતુલિત નહીં હોય, તો આપણે હંમેશાં કોઈને કોઈ દુઃખ કે મુશ્કેલીમાં અટવાયેલા રહીશું. યાદ રાખો, દુઃખ કે સમસ્યાઓ હંમેશાં ભૌતિક સ્વરૂપમાં નથી હોતી, કેટલીકવાર તે ભાવનાત્મક સ્વરૂપમાં પણ હોય છે અને જો આપણી સમસ્યાઓ ભાવનાત્મક હોય, તો તેમાંથી છુટકારો મેળવવો વધુ મુશ્કેલ હોય છે. સતત ભાવનાત્મક અસંતુલનને કારણે, આપણે ઊંડી નિરાશામાં ડૂબી જઈએ છીએ અને કેટલીકવાર હતાશાની ચુંગાલમાં પણ ફસાઈ જઈએ છીએ. આપણે ભાવનાત્મક હતાશાથી પીડિત છીએ કે કેમ તે તપાસવાની શ્રેષ્ઠ રીત એ છે કે આપણે દરરોજ મોટાભાગે દુઃખી છીએ કે હતાશ છીએ? જો હા, તો તે ખતરનાક છે અને તેનાથી બચવું જરૂરી છે. આ માટે આપણે દરરોજ વૃક્ષાસન કરવું જોઈએ.

### વૃક્ષાસનના ફાયદા

વૃક્ષાસન શારીરિક અને માનસિક સંતુલન બનાવવા માટેનું આસન છે. તેનાથી શરીર અને મન બંને સંતુલિત રહે છે. વૃક્ષાસન કરવાથી પગ, પગની ઘૂંટી, પિંડી, ઘૂંટણ અને જાંઘના સ્નાયુઓ મજબૂત થાય છે. આ આસન આપણી કરોડરજ્જુને પણ મજબૂત બનાવે છે. તે હિપ સાંધાને લવચીક અને મુલાયમ રાખવામાં પણ ખૂબ મદદરૂપ છે. નિયમિત રીતે વૃક્ષાસન કરવાથી આંખ, કાન અને ખભા મજબૂત થાય છે. આ આસન કરવાથી છાતી વિસ્તૃત થાય છે અને એકાગ્રતા વધારવામાં અને સારો મૂડ જાળવવામાં પણ મદદરૂપ થાય છે.

### કેવી રીતે કરવું

વૃક્ષાસન કરવાની શ્રેષ્ઠ રીત છે તાડાસન મુદ્રામાં ઊભા રહો. આ પછી, જમણા ઘૂંટણને વાળો અને જમણા પગના અંગૂઠાને ડાબી જાંઘ પર શક્ય તેટલું ઊંચો રાખો. ધ્યાનમાં રાખો કે આ કરતી વખતે, હીલ્સ ઉપરની તરફ હોવી જોઈએ અને પગની આંગળીઓ જમીન તરફ દબાણ કરતી હોવી જોઈએ. આ દરમિયાન, ઊંડો શ્વાસ લો અને તમારી છાતીને ઊંચી કરો. હવે ધીમે ધીમે ડાબા પગ પર આખા શરીરના વજનને સંતુલિત કરવાનો પ્રયાસ કરો. જ્યારે સંતુલન ચુસ્ત થઈ જાય, ત્યારે ધીમે ધીમે બંને હાથ ઉપર ઊભા કરો અને માથાની ઉપર નમસ્કાર મુદ્રામાં બંને હથેળીઓને એકસાથે જોડો. શરૂઆતમાં આ મુદ્રામાં સંતુલન રાખવું મુશ્કેલ છે. પરંતુ ધીમે ધીમે સંતુલન વિકસિત થવા લાગે છે અને થોડા દિવસોની પ્રેક્ટિસ પછી, તમે આંખના પલકારામાં આવું સંતુલન જાળવવામાં નિષ્ણાત બનશો.

### સીધા આગળ જુઓ

જ્યારે નમસ્કારની મુદ્રામાં બંને હથેળીઓ માથાની ઉપર જોડાઈ જાય ત્યારે બરાબર ૯૦ ડિગ્રી આગળની તરફ જુઓ અને લાંબા સમય સુધી સતત એક જ જગ્યાએ જોતા રહો. આનાથી આંખોની કસરત થાય છે અને દૃષ્ટિ સુધરે છે. શરૂઆતમાં, આ મુદ્રાને ૩૦ થી ૪૦ સેકન્ડ સુધી પકડી રાખો, પછી ધીમે ધીમે તેને વધારતા જાઓ જ્યાં સુધી તમે તેને સરળતાથી અને પીડા વિના કરી શકો. આ દરમિયાન, શક્ય તેટલી વાર સામાન્ય રીતે શ્વાસ લો અને સરળતાથી જેટલી વાર શક્ય હોય આ પ્રક્રિયાને સંપૂર્ણપણે પુનરાવર્તિત કરો.

### પહેલા અને પછી શું કરવું?

વૃક્ષાસન કરતા પહેલા બુદ્ધકોણાસન, વિરભદ્રાસન અને ઉત્થિત ત્રિકોણાસન કરવું ફાયદાકારક છે. જ્યારે વૃક્ષાસન કર્યા પછી અર્ધ બદ્ધ પદ્મોમત્તાસન અને ઉત્થિત હસ્ત પાદંગુસ્ઠાસન કરવું ફાયદાકારક છે. જો તમને વૃક્ષાસન કરવામાં મુશ્કેલી પડી રહી હોય, તો શરૂઆતમાં તમે દીવાલની નજીક ઊભા રહી શકો છો, એટલે કે આસન કરવા માટે તમે દીવાલનો સહારો લઈ શકો છો. પરંતુ જો તમને માથાનો દુખાવો હોય અથવા હાઈ બ્લડ પ્રેશર હોય તો વૃક્ષાસન કરવાનું ટાળો.

જો તમે અનિદ્રાથી પીડાતા હોવ તો પણ તમારે વૃક્ષાસન કરવાનું ટાળવું જોઈએ. જો જાંઘ અથવા પગની ઘૂંટીઓમાં કોઈપણ પ્રકારનો ઘા હોય, છાતી અને ખભા વધુ પડતા જકડાઈ ગયા હોય તો પણ આ આસન કરવાનું ટાળવું જોઈએ. આ પહેલાં, વ્યક્તિએ જાંઘ અને ખભાની જડતા દૂર કરવાનો પ્રયાસ કરવો જોઈએ. ■

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠક્કર

# કાગડાને પણ શ્રાદ્ધ ઉપર શ્રદ્ધા નથી..લો,બોલો !

ચંબુડા, ભીત ઉપર છાપરા ઉપર બેઠેલા કાગડાઓનો ફોટો શું કામ ટીંગાડ્યો છે? '

અરે ટોપા, આ શ્રાદ્ધનો કાગવાસનો ફોટો છે ને આ કાગરૂપમાં મારા દાદા, દાદી, બા, બાપુજી, કાકા બધા ખીર પૂરી ખાવા બેઠા છે. ને પેલું સામે છેડે કાગડાનું નાનું બચ્ચું દેખાય છે તે મારાથી નાનોભાઈ ગુજરી ગયો એ બેઠો છે. ને પે....લો દૂર હેલ્મેટ પહેરી બૂમરાહની જેમ બોલિંગ કરતો જોયો ? એ હું પોતે છું.'

'અરે ,પણ હેલ્મેટ પહેરી કાગવાસ ? '

'હા, કારણકે બાપુજીનો સ્વભાવ ગરમ હતો ને ચાંચ-બાંચ મારી લે તો ...જો સાવચેતી રાખી હોય તો સલામતી જળવાય ને મારી ચંપા તો બાપુજીને જીવતા પણ આમ જ ખાવાનું નાખતી ને મેં એ પ્રથા હજી જાળવી રાખી છે ....ને જો, પેલા ખીરની વાટકીથી થોડા દૂર શાંત મુદ્રામાં ઊભેલો કાગડો જોયો ? એ મારા સગ્ગા એકના એક બાપુજી છે .એમને ડાયાબિટીશ છે એટલે ખીરથી થોડા દૂર રહેશે પણ કાગડીબાની નજર જો આઘીપાછી થઈ તો એકાદ ટીપું પી લે. એ જીવતા ત્યારે બાજુવાળાના ત્યાં ખીર ખાઈ આવતા. મને લાગે છે એ આજે કોઈની અગાસી પર બાથી છુપાઈને ખીર ખાઈ આવ્યા હશે. એ બા થી બહુ ડરતા.'

'પણ ચંબુડા, મને એ સમજાવ કે તું આ બધાને ઓળખી કેવી રીતે જાય છે? બધાના ચહેરા તો એક સરખા છે. ને તું હજી ક્યાં કાગડો બન્યો છે? '

'અરે ઠાકરિયા, યુ નો? બાપુજી પીતા પીતા જ પતી ગયેલા..'

'પીતા પીતા ?! '

'અરે,પેલું નહીંએ દૂધ દૂધ પીતાં પીતાં ગયા ! '

'આ તો મારું બેટું જબરું.'

જબરું નઇ, એકદમ જબરું. એક્ચ્યુલી એ માણસ હતા ને ચંપા દૂધ ન આપતી તો એ કાંદિવલીમાં રખડતી ગાયોનું દૂધ ડાયરેક્ટ પીતા.. અમને શરમ આવતી ને ગાતાં પણ હતા કે 'બાપુજી છોડ દો આંચલ, જમાના ક્યા



કહેગા..' પણ આંચલ ન છોડયા ને એક વાર બદલાના ભાવથી દૂધ પીતી વખતે જ ગાય ધડામ કરતી બાપુજી પર નીચે બેસી ગઈ, જેવી ગાય નીચે બેઠી કે બાપુજી ઉપર...મને લાગે છે ત્યારથી બાપુજી એ દૂધની બાધા લીધી હશે. '


'ના બકા, પણ મને લાગે છે કે જીવતાજીવત બાપુજીની કોઈ વાત કે સલાહ તારા ગળે ન ઊતરી હોય તો હવે મર્યા પછી તારી ખીર ગળે ક્યાથી ઊતરે?'

ભોગ એમના, અરે ન ફાવે તો કા-કા કરતાં બીજે જઈને રહેવાનું. મર્યા પછી પણ હું મારી ફરજ ચૂક્યો નથી. એ જીવતા ત્યારે ગમે તેમ કરી કાગવાસ જેટલું તો આપવાનું જ. બાપા છે યાર, બાપા પ્રત્યે આપણને લાગણી ન હોય તો બીજા કોને હોય? અરે, એક દિવસ તો એવું બન્યું કે સવારે ૧૨ ની આસપાસ મે કાગવાસ માટે ટહેલ નાખી ત્યાં તો 'કા-કા-કા-કા' ની કર્કશવાણીથી આખું આકાશ ગુંજી ઉઠ્યું ને 'તુમને પુકારા ઓર હમ ચલે આયે' ની જેમ ધીરે ધીરે આખી જમાતે વન બાય વન છાપરા પર લેંડિંગ કર્યું. પછી કાગવાસની રાહ જોતાં જોતાં 'કા-કા-કા-કા'ની કાગારોળ મચાવી દીધી ને એ કાગારોળથી મારી છટકી ને હું ભડક્યો ... 'હે કાગમંડળી, થોડીવાર તમારી આ કર્કશવાણી ને વિરામ આપો અને ચૂપ રહો નઇતર....'

'નઇતર શું કરીશ હે! ...તું કોને ચૂપ રહેવાનું કહે છે એનું ભાન છે ?કાગડાના રૂપમાં તું ભલે મને ઓળખી શક્યો નથી પણ 'રિસ્તેમે તો હમ તુમ્હારે બાપ લગતે હૈ' નામ હૈ મેરા ચંપકલાલ. માણસ હતો ત્યારે તું મને ચૂપ કરતો પણ હવે મને કોઈ માઈનો લાલ બોલતો નઇ અટકાવી શકે.તને ખબર નથી, પણ હાલમાં હુ કાગમંડળનો પ્રમુખ છું. યુ નો , અમારા કાગડાના માળામાં કોયલે ઇંડાં મૂકેલા છતાં મેં અને તારી બાએ ઉછેર્યા ને સેવ્યા ને પાછા કોયલને પાછાં આપ્યાં . એ કમાલ કરવા બદલ આ વર્ષે પંખીજગત તરફથી સજ્જન કપલનો કાગચંદ્રક આપવામાં આવેલો (તાળીઓ). છતાં અમારી લુચ્ચામાં ગણતરી કરો છો ? અરે, અમે કોઈ લબાડ નેતા કે જુઠા માણસને ચાંચ મારી છે ? નઈને? તો પછી 'જૂઠ બોલે કૌવા કાટે ' ગાઈને અમને શું કામ બદનામ કરો છો? (તાળીઓ). અને બીજું ફુરસદમાં ભગવાને કોઈ ગગીને રૂપાળી બનાવી ને બીજી બાજુ કોઈ ગગાને સમયના અભાવે કોતરેલા માલપુવા જેવો બનાવ્યો, પણ જો બંનેનું ચોકઠું ગોઠવાઈ ગયું તો અમને વચ્ચે લાવી બોલશે 'કાગડો દહીથરું લઈ ગયો', પણ જો ઊલટું બન્યું તો કેમ કોઈ ન બોલ્યું કે 'વાંદરી સફરજન લઈ ગઈ !' (તાળીઓ). તમે કૂતરા પાળો, પોપટ પાળો પણ માં બાપને ઘરડાઘરવાળા પાળે, પણ માઇન્ડ વેલ, ઘરડા ઘરમાં શોભે... ઘરડાઘરમાં નઇ. કપડાં અમે નથી પહેરતા ને નાગાઈ તો તમે કરો છો? પણ અમને જ હવે શ્રાદ્ધ ઉપર શ્રદ્ધા રહી નથી હવે મૂળ વાત સાંભળી લે. અમારી થોડી ફરિયાદ છે. એને વોટ્સએપ કરું છું, એ જો મંજૂર હશે તો જ કાગવાસ ખાઈશું...બરાબર? બધાએ કા-કા બોલી સૂર પુરાવ્યો. ને મેં વોટ્સએપ કર્યો :

'ખીર રખડતી ગાયોના દૂધની ન બનાવવી.. અમુલ ગોલ્ડ આવકાર્ય. ડ્રાયફ્રૂટ ન નાખવું,,ચવાતું નથી. ને ચાંચ તૂટી જાય તો અહીં ચાંચના ડોક્ટર નથી ...વાસ ૧૨.૩૦ ની આસપાસ જ આપવી એ પછી મોડું થાય તો ખુલ્લું ટિફિન મૂકવું. ડાયાબિટીશની ખીર અલગ આપવી . અને છેલ્લે કેટલાક જુવાન કાગડાઓ માટે પિઝા, બર્ગર કે પાસ્તાની વ્યવસ્થા રાખવી. અગર ઉપરની શરતો મંજૂર ન હોય તો અમે સર્વે કાગડાઓ અમારા માળા ઉપર 'માણસવાસ' નાખવાનું ચાલુ કરશું . કબૂલ? અમે તનથી કાળા છીએ ને તમે મનથી.....'

લિ. કાગમિત્ર મંડળવતી ચંપકલાલના જયશ્રી કૃષ્ણ શું કહો છો? ■



feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
સંધ્યા સિંહ

# વિશ્વનો સૌથી ઘાતક રોગઃ હૃદય રોગ

દર વર્ષે વિશ્વમાં ૨ કરોડ ૫ લાખથી વધુ લોકો વિવિધ પ્રકારના હૃદય રોગના કારણે મૃત્યુ પામે છે. તેમ છતાં, વિશ્વના મોટાભાગના દેશો હૃદય રોગને એટલા ગંભીર નથી લેતા કે તેમની પાસે આ રોગનો સામનો કરવા માટે કોઈ વિશેષ યોજના હોય અથવા અન્ય રોગોની તુલનામાં તેની સાથે વ્યવહાર કરવામાં કોઈપણ પ્રકારની પ્રાથમિકતા આપતા હોય. આના પરથી અંદાજ લગાવી શકાય છે કે આજે પણ લોકો વિવિધ પ્રકારના હૃદય રોગ પ્રત્યે કેટલા બેદરકાર છે. ખરેખર હૃદયરોગ એ કોઈ એક રોગ નથી, આ અનેક પ્રકારના રોગોનું જૂથ છે. જેમ કે કોરોનરી આર્ટરી ડિસીઝ. આમાં, ફેટી સામગ્રી ધમનીઓમાં જમા થાય છે, જેના કારણે તે સાંકડી અથવા આખરે બંધ થઈ જાય છે. જેના કારણે હાર્ટ એટેક અથવા અન્ય ઘણા પ્રકારના સ્ટ્રોક આવી શકે છે. આમાં સામાન્ય રીતે મૃત્યુનું જોખમ રહેલું છે.

અન્ય સામાન્ય હૃદય રોગ છે મિટ્રલ વાલ્વ પ્રોલેપ્સ. વાસ્તવમાં તે હૃદયના ચાર વાલ્વમાંથી એક છે. આ એક નાનો ફ્લેપ છે જે વાસ્તવમાં લોહીને ખોટી દિશામાં વહેતા અટકાવે છે. જો મિટ્રલ વાલ્વમાં કોઈ સમસ્યા ઊભી થાય તો શરીરમાં લોહીનો પ્રવાહ ખોરવાઈ જાય છે. મિટ્રલ વાલ્વમાં થતી મુખ્ય સમસ્યાઓમાંની એક એ છે કે તે ખૂબ જ લવચીક બની જાય છે, જેના કારણે લોહી પંપ કરી શકતું નથી. બીજા પ્રકારની સમસ્યાને મિટ્રલ રિગર્ગિટેશન કહેવામાં આવે છે.

આ સમસ્યામાં વાલ્વ લીક થઈ જાય છે અને લોહી આમ-તેમ વહેવા લાગે છે. ત્રીજી સમસ્યા મિટ્રલ સ્ટેનોસિસ છે, જેના કારણે વાલ્વ જોઈએ તેટલો ખુલતો નથી. આ રીતે, જો મિટ્રલ વાલ્વ સંબંધિત હૃદય રોગ હોય, તો ચાલતી વખતે વચ્ચે-વચ્ચે ચક્કર આવે છે, શ્વાસ લેવામાં તકલીફ, થાક લાગે છે, હૃદયના ધબકારા અનિયમિત થઈ જાય છે. આ સમસ્યા સામાન્ય રીતે નિયમિત ધૂમ્રપાન, કેફીન પદાર્થોનું વધુ પડતું સેવન અને આલ્કોહોલની લતને કારણે થાય છે. મિટ્રલ વાલ્વ પ્રોલેપ્સની સમસ્યા ત્યારે થાય છે જ્યારે કોઈના હૃદયને સામાન્ય કરતાં અનેકગણું વધુ કામ કરવું પડે છે. તેનાથી બચવા માટે શરીરની નિયમિત તપાસ કરતા રહેવું જરૂરી છે.

હૃદય સંબંધિત બીજો મુખ્ય રોગ છે રુમેટિક હૃદય રોગ. આ ત્યારે થાય છે જ્યારે આપણી હૃદય રોગ સંબંધિત બીમારીનું નિદાન થઈ શકતું નથી. વાસ્તવમાં આ સ્ટ્રેપ થ્રોટ અથવા સ્ટ્રેપ્ટોકોક્સ બેક્ટેરિયાને કારણે થતો ચેપ છે, જેના કારણે ગળામાં ભારે દુખાવો થાય છે, સોજો આવી જાય છે, સતત તાવ આવે છે, માથામાં દુખાવો રહે છે, ઊલ્ટી થાય છે, ઊબકા આવે છે અને વ્યક્તિ શરીરમાં અત્યંત નબળાઈ અનુભવે છે. સ્ટ્રેપ થ્રોટ માટે, સામાન્ય રીતે એન્ટિબાયોટિક્સના ભારે ડોઝ આપવામાં આવે છે, જેની ઘણીવાર આડઅસર થાય છે. હૃદયરોગનું કોઈ એક ચોક્કસ કારણ નથી, તેના ઘણાં કારણો હોઈ શકે છે - આપણી અસ્વસ્થ જીવનશૈલી અને આહાર, હોય કોલેસ્ટ્રોલ, વાયુ પ્રદૂષણ, વારંવાર શારીરિક નિષ્ક્રિયતા, ડાયાબિટીસ, તણાવ, સ્થૂળતા, સતત તમાકુનો ઉપયોગ અને પારિવારિક પૃષ્ઠભૂમિ. જે લોકોનાં માતા-પિતા હૃદયરોગથી પીડાય છે, તેમનાં બાળકોને પણ સામાન્ય રીતે હૃદયરોગનું જોખમ રહે છે.

હૃદયરોગનાં મુખ્ય લક્ષણોમાં તૂટક તૂટક ઊબકા, ઊલટી, ચક્કર, શ્વાસ લેવામાં તકલીફ, છાતીમાં દુખાવો, દબાણ અને ભારેપણું અનુભવવું, ધબકારા વધવા, સતત થાક લાગવો, વધુ પડતો પરસેવો આવવો, ગરદનમાં દુખાવો થવો, છાતીમાં વારંવાર બળતરા થવી અથવા અપચો થવો, પગ અને ઘૂંટીઓમાં સોજો આવવો, ઉધરસ આવવી, વ્યાયામ કરવામાં ખૂબ જ તકલીફ થવી, અનિદ્રા, સૂવામાં મુશ્કેલી અનુભવવી, ઘણીવાર બેહોશ થઈ જવું. આ બધા હૃદય રોગનાં લક્ષણો છે. લોકોમાં હૃદય સંબંધિત રોગો વિશે જાગૃકતા લાવવા માટે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના ઉપક્રમે દર વર્ષે ૨૯ સપ્ટેમ્બરના રોજ વર્લ્ડ હાર્ટ ડે ઉજવવામાં આવે છે. આ દિવસ એટલા માટે પણ ઉજવવામાં આવે છે કારણ કે તમામ મેડિકલ પ્રગતિ બાદ પણ હૃદય રોગ અને હૃદયરોગના હુમલાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે.

રવિવારે વર્લ્ડ હાર્ટ ડે હતો. ભારતની વાત કરીએ તો, વર્ષ ૧૯૯૦માં હૃદયરોગને કારણે સરેરાશ દર વર્ષે ૨૨ લાખ ૬૦ હજાર લોકો મૃત્યુ પામતાં હતાં, જે વર્ષ ૨૦૨૦માં વધીને દર વર્ષે ૪૭ લાખ ૭૦ હજાર થઈ ગયા હતા. આના પરથી આપણે સારી રીતે સમજી શકીએ છીએ કે આપણા દેશમાં હૃદય સંબંધિત બીમારીઓ કેટલી ઝડપથી વધી રહી છે. વિશ્વમાં હૃદયરોગના કારણે થતા મૃત્યુ પૈકી લગભગ ૨૨ ટકા એકલા ભારતમાં થાય છે. આ રીતે, વિશ્વમાં તેમજ ભારતમાં પણ હૃદયરોગ એ સૌથી જીવલેણ રોગ છે. અહીં પણ, હૃદય રોગ સંબંધિત મૃત્યુમાં ૮૫ ટકાથી વધુ મૃત્યુ કોરોનરી હૃદય રોગને કારણે થાય છે. બીજું સૌથી મોટું કારણ સેરેબ્રોવેસ્ક્યુલર રોગ છે. વિશ્વભરમાં હૃદયરોગથી થતા મોટાભાગના મૃત્યુ ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં થાય છે. હૃદયરોગથી બચવાનો સૌથી અસરકારક ઉપાય એ છે કે ધૂમ્રપાનથી સંપૂર્ણપણે દૂર રહેવું. માત્ર ધૂમ્રપાન છોડવું જ પૂરતું નથી, પણ વારંવાર ધૂમ્રપાન કરતા લોકો સાથે રહેવાનું પણ ટાળવું. નિયમિત રીતે સ્વસ્થ આહાર લો. દરરોજ નિયમિત વ્યાયામ કરો. તમારું વજન નિયંત્રણમાં રાખો. દરરોજ થોડી શારીરિક પ્રવૃત્તિ કરો. દરરોજ ઓછામાં ઓછું બે થી ચાર કિલોમીટર ચાલો. તમાકુનો ઉપયોગ અને વધુ પડતા આલ્કોહોલનું સેવન પણ હૃદય રોગનું જોખમ વધારે છે. સોડિયમ, સુગર અને ફેટથી ભરપૂર ખોરાક પણ હૃદય રોગનું કારણ બને છે.

વિશ્વ હૃદય દિવસનો ઉદ્દેશ્ય માત્ર લોકોને આ રોગની ભયાનકતાથી વાકેફ કરવાનો નથી પરંતુ હૃદય રોગને લગતી કોઈપણ એક સમસ્યા પર દર વર્ષે વૈશ્વિક સ્તરે અભિયાન ચલાવવાનો પણ છે, જેથી આ રોગને ઓછો કરી શકાય. ૨૦૨૪ના વર્લ્ડ હાર્ટ ડેની થીમ એબીસીડી છે, 'એની બડી કેન ડાય' જેનો અર્થ છે કોઈપણ વ્યક્તિ મૃત્યુ પામી શકે છે. તેથી તેને હળવાશથી ન લો. હકીકતમાં, લોકોને હૃદય રોગની ગંભીરતા સમજવા માટે આ થીમ નક્કી કરવામાં આવી છે. ■

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

# ડિપ્રેશનની ઘટના પ્રાણમય શરીરમાં બને છે

પ્રાણ જ શરીર અને મન બંનેને શક્તિનો પુરવઠો પૂરો પાડે છે. કોઇક નિમિત્તકારણસર પ્રાણ દ્વારા આ શક્તિનો પુરવઠો પૂરો પાડવાનું કાર્ય બંધ થાય કે મંદ થાય ત્યારે શરીર, પ્રાણ અને મન ત્રણેમાં શક્તિહીનતા અનુભવાય છે. પરિણામે ત્રણે સ્તર પર વિષાદ, નિરાશા, ઉત્સાહશૂન્યતા, ચિંતા આદિ લક્ષણો જોવા મળે છે. આ જ ડિપ્રેશન અર્થાત્ વિષાદની ઘટના છે. પ્રાણશક્તિ રિસાઇ જાય, હડતાળ પર જાય અને તેને પરિણામે માનવ-વ્યક્તિત્વમાં જે પરિસ્થિતિનું નિર્માણ થાય છે તેને જ આધુનિક મનોવિજ્ઞાન ડિપ્રેશન અર્થાત્ વિષાદ કહે છે. આનો અર્થ સ્પષ્ટ છે કે ડિપ્રેશન કે વિષાદની ઘટનાનું કારણસ્વરૂપ કેન્દ્ર કે મૂળભૂત ઉપાદાનકારણ પ્રાણમય શરીરમાં છે. પ્રાણની નબળાઇ એ જ ડિપ્રેશનનું મૂળભૂત કારણ છે.

તો હવે ડિપ્રેશનનો ઉપાય શો છે? આ ડિપ્રેશન નામની બીમારીની ચિકિત્સા શું છે?

પ્રાણમય શરીરને બળવાન અને સ્વસ્થ બનાવવું તે જ ઉપાય છે. પરંતુ પ્રાણામય શરીરને બળવાન અને સ્વસ્થ બનાવવું કેવી રીતે? તેનો કોઇ ઉપાય છે? તેની કોઇ પદ્ધતિ છે? હા, છે. તેનો ઉપાય-તેની પદ્ધતિ યોગમાં છે, તે ઉપાય છે- પ્રાણાયામ.

હવે આપની સમક્ષ સહજ રીતે જ પ્રશ્ન ઉપસ્થિત છે- પ્રાણાયામ શું છે?

પ્રાણાયામ એક યૌગિક સાધન છે- યૌગિક પ્રક્રિયા છે. યોગના આઠ અંગોમાં પ્રાણાયામ ચોથું અંગ છે.

પ્રાણાયામ = પ્રાણ + આયામ = પ્રાણનું નિયમન. આમ પ્રાણાયામ પ્રાણના નિયમનની - સંયમની ઘટના છે. પ્રાણાયામ માટે પ્રાણસંયમ, પ્રાણસંયમન વગેરે શબ્દોનો પ્રયોગ પણ થાય છે. બધા શબ્દોનો અર્થ સરખો જ છે.

પ્રાણાયામમાં ત્રણ પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે/

(૧) પૂરક - શ્વાસ અંદર લેવામાં આવે છે.

(૨) આંતરકુંભક કે બહિર્કુંભક- શ્વાસ અંદર કે બહાર રોકવામાં આવે છે.

(૩) રેચક - શ્વાસ બહાર કાઢવામાં આવે છે.

એ વાત સ્પષ્ટ રીતે સમજી લેવી જોઇએ કે શ્વાસ અંદર લેવાથી પૂરક બનતો નથી. શ્વાસ અંદર કે બહાર રોકવાથી કુંભક બનતો નથી અને શ્વાસ બહાર કાઢવાથી રેચક બનતો નથી. પ્રાણાયામ એ માત્ર શ્વાસોચ્છ્વાસની ક્રિયા નથી. શ્વાસ અંદર લેવાની પ્રક્રિયા પૂરક બને, રોકવાની ઘટના કુંભક બને અને બહાર કાઢવાની પ્રક્રિયા રેચક બને તે માટે તેમાં ત્રણ તત્ત્વો ઉમેરવાં આવશ્યક છે.

(૧) પ્રાણસંયમન અને પ્રાણોત્થાનનું લક્ષ્ય નજર સમક્ષ રાખવું જોઇએ.

(૨) પ્રાણાયામની પ્રક્રિયા દરમિયાન ધ્યાન સતત શ્વાસ પર કે કોઇ મંત્રના જપ પર રાખવું જોઇએ.

(૩) શ્વાસ લેવાની, રોકવાની અને બહાર કાઢવાની પ્રક્રિયા એક વિશિષ્ટ પદ્ધતિથી થવી જોઇએ. શ્વાસ ગમે તેમ લેવાથી, રોકવાથી કે છોડવાથી પૂરક, કુંભક અને રેચક બનતા નથી.

યાદ રહે- પ્રાણાયામ તે પ્રાણસંયમન છે, શ્વાસસંયમન નથી. માત્ર શ્વાસાયામ કરવાથી પ્રાણાયામ બનતો નથી. પ્રાણાયામ શ્વાસાયામ કરતાં ઘણી જુદી અને ગહન ઘટના છે. પ્રાણાયામ અને ઊંડા શ્વાસોચ્છ્વાસનો વ્યાયામ- આ બંને ઘણી ભિન્નભિન્ન ઘટનાઓ - ભિન્ન પ્રક્રિયાઓ છે.

હઠપ્રદીપિકા'કાર આ વાત બહુ સુંદર રીતે કહે છે:


*યુક્તં યુક્તં ત્યજેદ્વાયુ યુક્તં ચ પૂવયેત્ !*
*યુક્તં યુક્તં બધ્નીયાદેવ સિદ્ધિમવાપ્નુયાત્ !!*

''ઉપયુક્ત પદ્ધતિથી વાયુ લેવો, ઉપયુક્ત પદ્ધતિથી વાયુ છોડવો અને ઉપયુક્ત પદ્ધતિથી વાયુ ધારણ કરવો- આ પ્રમાણે કરવાથી પ્રાણાયામ સિદ્ધ થાય છે અને સિદ્ધિ પ્રાપ્ત થાય છે.''

આટલું સમયા પછી હવે પ્રાણાયામની વ્યાખ્યા આ રીતે આપી શકાયઃ

''પ્રાણાયામ એટલે પ્રાણનો સંયમ. અને પ્રાણોત્થાનનો હેતુ સિદ્ધ કરવા માટે એક વિશિષ્ટ મનોવલણપૂર્વક, વિશિષ્ટ અને ઉપયુક્ત પદ્ધતિથી શ્વાસનાં પૂરણ, સ્તંભન અને રેચનની પ્રક્રિયા.''

આપણે જોઇ ગયા છીએ કે પ્રાણ શરીર અને મન બંનેને જોડનારી કડી છે, એટલું જ નહીં, પરંતુ પ્રાણ શરીર અને મન બંનેને શક્તિ આપે છે અને તે રીતે બંનેને પ્રભાવિત કરે છે. ચિત્તની વૃત્તિઓનો ચિત્તની જ ભૂમિકા પર નિરોધ સાધવો દુષ્કર છે, એટલે જો પ્રાણનો નિરોધ સાધી શકાય તો તેના દ્વારા ચિત્તનો નિરોધ હાથવગો બને છે. વળી પ્રાણ જો બળવાન બને તો પ્રાણ તો બળવાન બને જ છે અને ચિત્ત તથા શરીર પણ બળવાન બને છે, તેથી પ્રાણ જો બળવાન અને સંયમિત બને તો શરીર, પ્રાણ અને ચિત્તની ઘણી



સમસ્યાઓનું સમાધાન મળી શકે તેમ છે.

હાવે પ્રશ્ન એ છે કે પ્રાણને બળવાન અને સંયમિત બનાવવો કેવી રીતે? આપણે જોઇ ગયા તે પ્રમાણે તે માટે યૌમિક ઉપાય પ્રાણાયામ છે.

હવે આપણે એ પણ સમજી લેવું જોઇએ કે પ્રાણાયામ દ્વારા આ હેતુ કેવી રીતે સિદ્ધ થાય છે. આપણે સમજવું જોઇએ કે પ્રાણાયામ દ્વારા પ્રાણમય શરીર કેવી રીતે બળવાન અને સંયમિત બને છે અનણે બળવાન તથા સંયમિત પ્રાણ મન તથા શરીરને કેવી રીતે પ્રભાવિત કરે છે.

પ્રાણાયામ દ્વારા આ કાર્ય રીતે સિદ્ધ થાય છે તે સમજાવવા માટે યોગશાસ્ત્રમાં એક સુંદર નાની કથા બતાવવામાં આવે છે.

એક રાજા હતો. જેમ બધા રાજાને હોય છે તેમ આ રાજાને એક પ્રધાન હતો. પ્રધાન બાહોશ અને રાજાને ખૂબ પ્રિય હતો. એક વાર પ્રધાને કોઇક મોટી ભૂલ કરી. રાજાએ તેને સજા કરી - દેહાંતદંડ! લોકોમાં હાહાકાર થઇ ગયો. રાજાના અન્ય મંત્રીઓએ રાજાને આગ્રહ કર્યોઃ

''મહારાજ!દ્દદ્દ ગમે તેમ તોયે આપના પ્રધાન છે. તેમને દેહાંતદંડ ન હોય. સજા કાંઇક ઓછી કરો.'' રાજાએ જોયું કે આ આગ્રહની સ્પષ્ટ રીતે અવગણના કરી શકાય તેમ નથી. પરંતુ રાજાએ તેને દેહાંતદંડ આપવાનો તો નિર્ધાર કર્યો હતો તેથી રાજાએ ચતુરાઇપૂર્વક સજા ઓછી કરી હોવાનું નાટક રચ્યું.

રાજાએ ખૂબ ઊંચો સાંકડો ટાવર બનાવ્યો. આ ટાવર પર નીચેથી ઉપર ન ચડી શકાય અને ટાવર પરથી નીચે પણ ન આવી શકાય તેવી વ્યવસ્થા ગોઠવી. ટાવરની ટોચ પર સુંદર આસન ગોઠવ્યું. રાજાએ પ્રધાનને આ ટાવરની ટોબ પરના આસન પર બેસવાની સજા કરી. કોઇ પણ માનવ નીચેથી ઉપર જઇ શકે તે શક્ય ન હતું અને પ્રધાન પણ ઉપરથી નીચે આવી શકે તેવી શક્યતા ન હતી. ઉપર અન્ન અને જળ હતાં નહીં અને નીચેથી પણ અન્ન-જળ ઉપર જઇ શકે તેવી શક્યતા ન હતી. રાજાની ગણતરી એવી હતી કે અન્ન અને જળના અભાવમાં ટાવરની ટોચ પર સુંદર આસન પર બેઠેલા પ્રધાન આપોઆપ મૃત્યુ પામશે. દેહાંતદંડનું જ આ એક ચતુરાઇપૂર્વક રચેલું સ્વરૂપ હતું.

રાજાનો અમલ થયો. પ્રધાનને ટાવરની ટોચ પર આસન પર બેસાડી દેવામાં આવ્યા. ટાવર નગરની બહાર એકાંત સ્થાનમાં હતો. રાત્રે અંધકારમાં પ્રધાનનાં પત્ની ટાવર પાસે છૂપી રીતે આવ્યાં. પ્રધાનપત્નીએ ટાવર પાસે પહોંચીને નીચેથી પોતાના પતિને બૂમ પાડીને પૂછ્યુંઃ

''હું આપને કઇ રીતે મદદ કરી શકું?''

ચતુર પ્રધાને પોતાનાં પત્નીને કહ્યુંઃ

''આવતી કાલે રાત્રે અંધકારમાં તું આટલી વસ્તુ લઇને આવજે- એક વંદો. એક મધની શીશી, એક સાવ પાતળી રેશમની દોરી. એક તેનાથી થોડી જાડી દોરી. એક પાતળું દોરડું અને એક જાડું ગાંઠોવાળું દોરડું.''

પ્રધાનપત્નીએ પતિની આજ્ઞાનો અમલ કર્યો. બીજે દિવસે રાત્રે અંધારામાં તે આટલી વસ્તુઓ લઇને ટાવર પાસે પહોંચી. ટાવર પાસે પહોંચીને પોતાના પતિને પૂછ્યુંઃ ''કહો, હવે શું કરું?''

પ્રધાને ઉપરથી માર્ગદર્શન આપ્યુંઃ

'વંદાની મૂછ પર મધ ચોપડો. વંદાની પૂંછડી સાથે સાવ પાતળી રેશમની દોરી બાંધો. વંદાને ઉપરની દિશામાં અર્થાત્ હું બેઠો છું તે દિશામાં મુખ રાખીને ટાવરની દીવાલ પર ગોઠવીને મૂકી દો.''

પ્રધાનપત્નીએ તે પ્રમાણે કર્યું. વંદો મધની લાલચે સડસડાટ ઉપર ચડી ગયો.પ્રધાને વંદાને પકડી લીધો. વંદાની પૂંછડી સાથે બાંધેલી દોરી પ્રધાનના હાથમાં આવી ગઇ. નીચે ઊભેલાં પ્રધાનપત્નીએ પ્રધાનની સૂચનાથી રેશમની ઝીણી દોરીના નીચેના છેડા સાથે બીજી જાડી દોરી બાંધી. પ્રધાને રેશમની ઝીણી દોરી ઉપર ખેંચી લીધી એટલે જાડી દોરીનો એક છેડો તેના હાથમાં આવી ગયો. ત્યારપછી પ્રધાનપત્નીએ તે દોરી સાથે પાતળું દોરડું બાંધ્યું. તેનો એક છેડો પણ પ્રધાનના હાથમાં આવી ગયો. આખરે પ્રધાનપત્નીએ ગાંઠોવાળા જાડા દોરડાને પાતળા દોરડા સાથે બાંધ્યું. પ્રધાનના હાથમાં ગાંઠોવાળું જાડું દોરડું પણ આવી ગયું. પ્રધાને તે દોરડું ઉપર બાંધ્યું અને તે દોરડાના સહારે તે નીચે ઊતરી ગયા. પ્રધાન અને પ્રધાનપત્ની બંને ચાલ્યા ગયાં અને પ્રધાન બચી ગયા.

આ કથા દ્વારા પ્રાણાયામનું સ્વરૂપ અને મહિમા સૂચિત થાય છે. પાતળી રેશમની દોરી તે આપણાં શરીરમાં ચાલતો શ્વાસોચ્છ્વાસ છે. જો આ શ્વાસોચ્છ્વાસરૂપી પાતળી દોરી આપણા હાથમાં આવી જાય તો તેના દ્વારા મોટા દોરડાને અર્થાત્ પ્રાણને પકડી શકાય છે અને પ્રાણ દ્વારા શરીર અને મન-બંનેને પ્રભાવિત અને નિયંત્રિત કરી શકાય છે અને એ રીતે મુક્તિનો માર્ગ પ્રશસ્ત બને છે.

(ક્રમશઃ) ■

પ્રકરણ ૭૫



# વેર - વિખેર

■ કિરણ રાયવડેરા

એની વે, તમને સ્વાર્થી કહેવા માટે મેં મારી જાતને ગધેડો કહ્યો છે એટલે માઠું નહીં લગાડતા. વિક્રમ શેઠ, એ દાઢીવાળાનો પત્તો લાગી ગયો છે. !

ઈન્સ્પેક્ટર પ્રમાણિકની આ સાંભળીને વિક્રમ ખુશીથી ઊછળી પડ્યો, પણ એણે સંયમિત અવાજમાં વાતચીત ચાલુ રાખી.

‘ક્યાં છે?’ એણે પૂછ્યું.

‘તમારા ઘરથી તમે ચાલીને ફક્ત દસ મિનિટમાં એની પાસે પહોંચી શકો...’

‘અલીપુરમાં?’ વિક્રમ વિચારમાં પડી ગયો.

‘યસ, વિક્રમ શેઠ, મને પણ એ વાતનું આશ્ચર્ય છે. તમારા ઘરથી થોડે દૂર પેરેડાઈઝ ગેસ્ટહાઉસ’ છે. એટલું સાધારણ છે કે તમે એનું નામ પણ નહીં સાંભળ્યું હોય. એ ગેસ્ટહાઉસમાં તમારો શિકાર રોકાયો છે. તમે એના ફોન નંબર નોટ કરી લો...’ કહીને ઈન્સ્પેક્ટરે ગેસ્ટહાઉસના ટેલિફોન નંબર લખાવ્યા.

‘મને સરનામું આપો.’

‘કેમ, આટલી તાલાવેલી છે એને મળવાની?’ પછી વિક્રમને સરનામું પણ લખાવ્યા બાદ ઈન્સ્પેક્ટરે કહ્યું:

‘સાહેબ, હજી એક ઈન્ફોર્મેશન આપવાની બાકી છે.’

વિક્રમે શ્વાસ રોકી દીધો. એને ખબર હતી કે હવે જે ઈન્ફોર્મેશન આવશે એ વિસ્ફોટક હશે. ઈન્સ્પેક્ટરની આ સ્ટાઈલ છે. એને મળતી લાંચ એની મહેનતની કમાણી છે એવી પ્રતીતિ એ સામેવાળાને કરાવી દે.

‘સાહેબ, એ દાઢીવાળા પર મેં થોડું હોમવર્ક કર્યું છે. મેં શ્યામલી ચક્રવર્તીના પતિનો ફોટો મેનેજ કર્યો છે. એના ભૂતકાળના જીવન વિશે થોડી તપાસ કરતાં એવું લાગે છે કે આ દાઢીવાળો જ એનો પતિ કુમાર ચક્રવર્તી છે.’

વિક્રમના ગળામાંથી અવાજ ન નીકળ્યો. એણે ધાર્યું હતું કે શ્યામલી અને એનો પતિ બંને એને છેતરતાં હશે , પણ હવે તો પુરાવા પણ મળી રહ્યા હતા.

કુમાર ચક્રવર્તી શ્યામલીનો પતિ.

‘કુમાર પર એટલું દેણું વધી ગયું હતું કે એને મરી જવા સિવાય કોઈ છૂટકો નહોતો.’ ઈન્સ્પેક્ટરે પૂરક માહિતી પૂરી પાડી.

‘થેન્કસ, તમારું પેકેટ આજે જ મળી જશે.’

વક્રમે વાત પૂરી કરવાની ઉતાવળ હોય એ ઢબે કહ્યું.

‘સાહેબ, એક સલાહ આપું?’ ઈન્સ્પેક્ટરે કહ્યું.

આ ઈન્સ્પેક્ટર વાતવાતમાં સલાહ શેનો ફટકારે રાખે છે? વિક્રમે વિચાર્યું પણ કંઈ બોલ્યો નહીં.

‘સાહેબ, શ્યામલી કેસ હજી ચાલુ જ છે અને તમે એમાં સંડોવાયેલા છો. એના પતિને તમે પતાવી નાખશો તો કોઈ દિવસ આ જાળમાંથી નીકળી નહીં શકો એટલે સંભાળીને ચાલજો.’

વિક્રમને લાગ્યું કે ઈન્સ્પેક્ટરની ઈન્ફોર્મેશનની જેમ એની સલાહ પણ સોલિડ હોય છે. એણે લાઈન કાપી ત્યાં જ એનો સેક્રેટરી એને કહી ગયો :

‘સાહેબ, બીજી લાઈન પર મિસ ગાયત્રી મહાજન છે.’

આ ગાયત્રીને મારું શું કામ પડી ગયું, વિક્રમે લાઈન લીધી.

‘હલ્લો...’ સામેથી ગાયત્રીનો મૃદુલ અવાજ સંભળાયો.

* * *

સવારના બેડરૂમમાં જગમોહન જે રીતે ઊભો થઈને નીકળી ગયો એથી પ્રભા નારાજ થઈ ગઈ હતી. જગમોહનની આ જૂની આદત છે. કાં તો સમસ્યાને કારપેટની નીચે સરકાવી દે અથવા મોઢું ફેરવીને ચાલતો થઈ જાય.

અરે, ઘરવાળા એનાથી નારાજ રહે છે એ જો એને હજી સુધી ખબર ન પડી હોય તો એની ભૂલ કહેવાય. આફત આવે ત્યારે ઊભા થઈને ચાલ્યા શું જવાનું....? મુશ્કેલીનો સામનો કરતાં કેમ ન આવડે!

આખી સવાર પ્રભાના દિમાગમાં આવા જ વિચારો ઊભરાતા હતા.

બપોરના રેવતી સાથે વાત કર્યા બાદ એ એના રૂમમાં ફરતી હતી ત્યારે બારણાની આડમાંથી જોયું કે જગમોહન એના રાઈટિંગ ટેબલ પાસે ઊભો હતો. એના હાથમાં લાલ રંગનું ફોલ્ડર હતું.

જગમોહન એનું વસિયતનામું વાંચી રહ્યો હતો પ્રભા જોતી રહી.

થોડી વાર બાદ તો જગમોહને ડ્રોઅરમાંથી એક પેપર કાઢ્યો અને એના પર લખવાની શરૂઆત કરી.

આ શું? જગમોહન નવું વીલ બનાવે છે? શા માટે? કોઈનું નામ ઉમેરે છે કે પછી કોઈના નામની બાદબાકી?

ક્યાંક એના નામને બદલે ગાયત્રીનું નામ તો નથી ઉમેરાતું ને? પ્રભાના મનમાં શંકાનાં હજારો સાપોલિયાં સળવળી ઊઠ્યાં. હવે તક મળે ત્યારે નવા વસિયતનામા પર નજર નાખવી પડશે...

* * *

પોતાની રુમ બંધ કરી સીટી વગાડતો કુમાર સીડી ઊતરવા માંડ્યો.

મહિનાઓ પછી આજે એ પહેલી વાર હળવાશ અનુભવતો હતો. કોઈ જટિલ સમસ્યાનો જાણે ઉકેલ મળી ગયો હોય એટલી એ રાહત અનુભવતો હતો.

શ્યામલીના મૃત્યુનો બદલો લેવાનો રસ્તો એને મળી ગયો હતો. બે દિવસની અંદર એ જગમોહન દીવાનને પતાવી દેશે અને પછી...એ રોજ વિક્રમ દીવાનને ધીમે ધીમે પાગલ થતો જોશે.

એ ઈચ્છે તો વિક્રમની જ હત્યા કરી શકે, પણ એ એના વેરની વસૂલાત નહીં ગણાય. મોતથી તો વિક્રમની મુક્તિ થઈ જશે તો પછી એ તરફડશે ક્યારે?

પોતાની પત્નીને વિક્રમ એટલું નથી ચાહતો કે એના ગમમાં એ તડપતો રહે. જો એવું હોય તો એ શ્યામલીના પ્રેમમાં પાગલ ન હોત. વિક્રમ એના બાપની ગેરહયાતીમાં જ તરફડતો રહેશે - હંમેશ માટે.

કુમાર રિસેપ્શન પર આવ્યો ત્યાં રુમ-કી જમા કરાવી રિસેપ્શનીસ્ટ તરફ સ્મિત ફરકાવ્યું.

‘ગુડ ડે સર.’ પેલીએ પણ સ્મિત ફરકાવીને અભિવાદન કર્યું.

‘ગુડ ડે’ કુમારે પ્રત્યુતર વાળ્યો.

‘સર, તમારા માટે કોઈ મેસેજ હોય તો...’ પેલીએ પૂછી લીધું.

મને કોઈ ફોન નહીં કરે. આઈ એમ એક્સપેક્ટિંગ નો વિઝિટર્સ.’ કુમાર બોલ્યો. અહીં તો પોલીસ મને શોધી નહીં જ શકે.ગેસ્ટહાઉસમાંથી બહાર નીકળી એણે ગોગલ્સ આંખ પર ચડાવી દીધાં. ગોગલ્સ ન પહેર્યાં હોત તો પણ સામેની ફૂટપાથ પર એક સામાન્ય માણસ પર એને શંકા ન આવત.

કુમારે ટેક્સી રોકી, ‘ચાંદની’ એણે ટેક્સીવાળાને કહ્યું.

‘આજે ચાકુ લેવું જ છે. હથિયાર હાથવગું હોય તો સારું, કતલ કરવાની સારી તક સાંપડે ત્યારે હથિયાર ખરીદવા ન જવાય.’ એ વિચારતો હતો.

ટેક્સીવાળો વાત કરવાના મૂડમાં લાગતો હતો પણ કુમાર બારીની બહાર જોતો રહ્યો.

‘આપ આગે દેખકર ચૂપચાપ ગાડી ચલાઈએ....’ પાછળ જોઈ જોઈને વાતો કરનાર ટેક્સીવાળા સામે એને ચીડ હતી.

‘સાહબ ચાંદની મેં કહાં ઉતરેંગે.... ક્યા ખરીદના હૈ બોલીએ. આપકો વહી છોડ દે...’ ટેક્સીવાળાએ સૌજન્ય દાખવ્યું,

‘એક બડા ચાકુ ખરીદના હૈ તાકી જો લંબી બાત કરે ઉસકી જુબાન કાટ સકે...’ કુમાર તાડૂક્યો.

‘માફ કિજીયેગા, સાબ... આપ તો નારાજ હો ગયે...’ ત્યાર બાદ ચાંદની આવ્યા સુધી ટેક્સીવાળો એક વાર બોલ્યો નહીં.ચાંદની પાસે એ ઊતરી ગયો.

ચાલતાં ચાલતાં એ ફૂટપાથ પર આવ્યો, જાણે ફરવા નીકળ્યો હોય એમ એ લટાર મારવા લાગ્યો. એક પછી એક દુકાનો વટાવતો એ એક નાની ગલીમાં વળી ગયો. આ ગલીના ખૂણા પર એક મોટી ચાકુની દુકાન હતી એ એને ખબર હતી.

દુકાનમાં ખાસ કંઈ ભીડ નહોતી અને દુકાનદાર બગાસાં ખાતો હતો.

આજુબાજુ નજર નાખતો કુમાર દુકાનમાં પ્રવેશ્યો.

‘કહીએ....?’ દુકાનદારે કુમારને ઉત્સુકતાથી પૂછ્યું.

‘એક રામપૂરી ચાકુ ચાહીએ...’


* * *

પપ્પાનું તો માથું ફરી ગયું છે, વિક્રમ વિચારતો હતો. હથિયાર રાખવું હોય તો રામપૂરી ચાકુ થોડું રખાય...! અરે, આવડા મોટા ઉદ્યોગપતિના ઘરે બંદૂક કે રિવોલ્વર હોય. ઘણાનાં મકાનોની બહાર તો તોપ પણ હોય... પણ રામપૂરી?!

કોઈ હુમલો કરવા આવે ત્યારે એમ કહેવાનું કે ઊભો રહેજે તું, ગોળી નહીં છોડતો, હું પહેલાં મારું ચાકુ ખોલી લઉં.... એકવીસમી સદી સામે સત્તરમી સદી લડતી હોય એવું લાગે.

વળી, પપ્પાએ ગાયત્રી થ્રુ કહેવડાવ્યું હતું કે વિક્રમને કહેજે કોઈ માણસને ન મોકલે, એ ખુદ જાય.

‘એ ડ્રાઈવરને શું કહેશ, ચલો રામપૂરી ખરીદને...’




એને થયું કે ગાડી લીધા વગર જાય એ જ બહેતર રહેશે.

ચાંદનીમાં બધું મળી રહે છે અને આમેય ડેલહાઉસીથી ટેક્સી પકડવી વધુ ઉચિત રહેશે. એ ગિરદીવાળા ઈલાકામાં ગાડી પાર્ક નહીં થઈ શકે.

હું થોડી વારમાં આવું છું.’ કહીને વિક્રમ દીવાન ઑફિસની બહાર નીકળ્યો. કરોડપતિનો નબીરો રસ્તામાં ચાલતો નીકળે કે ઘણાને કુતૂહલ થાય. દરવાન, લિફ્ટમેન તુરત દોડી આવ્યાઃ

‘સાહેબ, ડ્રાઈવર કો બોલ દૂં?’

વિક્રમે હાથના ઈશારે ના પાડી અને ઝડપથી બહાર નીકળી ગયો. ઑફિસથી થોડે દૂર જઈને એણે ટેક્સી પકડી.

‘ચાંદની...’ એણે ટેક્સીવાળાને કહ્યું.

થોડી વારમાં વિક્રમ માણસોથી ઊભરાતા ચાંદની વિસ્તારમાં ચાકુની દુકાન શોધી રહ્યો હતો.

બે-ચાર દુકાનદારોને પૂછીને એ આગળ વધતો રહ્યો.

છેવટે એક મોટી દુકાનની બહાર એ આવીને ઊભો રહ્યો.‘દીવાન ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ’ના જગમોહન દીવાનનો મોટો પુત્ર ચાંદનીની એક ગલીમાં ચાકુ લેવા એક દુકાનની બહાર ઊભો હતો. કોઈ ઓળખીતું મળી જશે તો... તો શું કહેશે?

‘આ તો મારા બાપ પર મોત મંડરાય છે એટલે કોઈ ખૂન ન કરી જાય એ માટે છરો લેવા આવ્યો છું...’

વિક્રમ દુકાનમાં પ્રવેશ્યો.

દુકાનદાર એક ગ્રાહક સાથે વાત કરી રહ્યો હતો. દુકાનદારે એને આંખથી આવકાર આપ્યો અને થોડી વાર રાહ જોવા ઈશારો કર્યો. વિક્રમે માથું હલાવીને સ્વીકૃતિ આપી.

વિક્રમ સામેની દીવાલ પર ગોઠવેલાં જુદી જુદી સાઈઝનાં ચાકુ જોઈ રહ્યો. કટાર, ખંજર, છરી વગેરે મોતનો સામાન અહીં ખડકાયો હતો.

દુકાનદાર શોખીન લાગે છે એ વિચારીને એણે પાછળ જોયું. ત્યારે વિક્રમની નજર એક દાઢીવાળા પર પડી.

અરે, આ તો પેલો દાઢીવાળો... ઈન્સ્પેક્ટર પ્રમાણિકે આજે જ કહ્યું હતું કે આ કદાચ શ્યામલીનો પતિ જ છે. શું નામ કહ્યું એણે?

હા, કુમાર ચક્રવર્તી.

હવે શું કરવું? એ મને જોશે તો નક્કી ઓળખી જશે.

આ બાજુ દુકાનદાર રામપૂરી ચાકુને કેવી રીતે ચલાવાય એ સમજાવતો હતો.

‘સાબ, ઘર મેં કોઈ ચોર કે ડાકુ આયેગા તો ઈસકો દેખકે હી ભાગ જાયેગા...’ પેલો કહેતો હતો.

દાઢીવાળાએ ચાકુ ખરીદી લીધું. આ માણસ કોના માટે હથિયાર ખરીદતો હશે? સ્વબચાવ માટે કે કોઈનું ખૂન કરવા માટે?

દાઢીવાળો પૈસા ચૂકવીને બહાર નીકળતો હતો ત્યારે અચાનક વિક્રમને શું સૂઝયું એ બોલી ઊઠયોઃ

‘અરે, કુમાર ચક્રવર્તી? ક્યાં છો તમે? કેટલા વખતે જોયા?’

પેલાએ એક ઝાટકા સાથે પાછળ ગરદન ફેરવી. વિક્રમને જોઈને એ જમીન સાથે જાણે થીજી ગયો.

‘યસ, કુમાર ચક્રવર્તી... કેમ બોલતા નથી?’

વિક્રમે એની પાસે જઈને એના ખભ્ભે હાથ રાખ્યો. પેલાએ વિક્રમનો હાથ ખભા ઉપરથી ખસેડી લેતાં કહ્યુંઃ

‘મેરા નામ કુમાર ચક્રવર્તી નહીં હૈ.’

* * *

એ વ્યક્તિએ જગમોહન દીવાનના મકાનની આસપાસ બે ચક્કર લગાવ્યાં. મકાનની આસપાસ પોલીસના માણસો એની નજરે ચડી ચૂક્યા હતા.

જગમોહન દીવાન, હવે કોઈ પોલીસ તમને બચાવી નહીં શકે....’ પેલો ગણગણ્યો અને એક નજર ફરી જગમોહનના મકાન તરફ ફેંકીને ચાલવા માંડ્યો.

હવે હાથમાં બહુ સમય નથી, એણે વિચાર્યું.

* * *

‘બોલ જગ્ગે, શું ખબર છે? કાલે સાંજના તો મળીએ છીએ, પણ થયું આજે વાત કરી લઉં.’

કબીરનો ઉષ્માભર અવાજ જગમોહનના કાને પડતાં એ ગળગળો થઈ ગયો.

‘કબીર, કોણ જાણે એમ લાગ્યા કરે છે કે તું આવીશ ત્યારે હું તને મળી નહીં શકું!’

(ક્રમશ:) ■



‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| સ્નાયુ | Fat |
| લીંટ | Spleen |
| બરોળ | Mucus |
| ચરબી | Metabolism |
| ચયાપચય | Muscle |

## ઓળખાણ પડી?



બાળકના જન્મ પછી એકાદ બે વર્ષમાં જ અચાનક ઉંમરમાં ધડાધડ વધારો થવા લાગે એ બીમારી ક્યા નામે ઓળખાય છે એ જણાવો.

અ) ઍંજિયોસાર્કોમા
બ) મેસોથેલિયોમા
ક) બોટુલિઝમ
ડ) પ્રોજેરિયા

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ રૂ | ઢિ | ૨ પ્ર | ૩ યો | ગ | ■ | ૪ પ | ૫ રિ | ચ્છે | ૬ દ |
| પ | ■ | ૭ વા | ગ | ■ | ૮ અ | ■ | ક્ત | ■ | સ્ત |
| ૯ ગ | વા | હ | ■ | ૧૦ મા | નુ | ૧૧ ષ | ■ | ૧૨ કા | ખ |
| વિં | ■ | ■ | ૧૩ ર | ઘ | વા | ટ | ■ | ૧૪ ર | ત |
| ૧૫ તા | ૧૬ ર | ૧૭ ક | સ | ■ | દ | ■ | ૧૮ લા | ત | ■ |
| ■ | ૧૯ ત | ળ | ઘ | ૨૦ ર | ■ | ૨૧ ભ | ■ | ૨૨ ક | ૨૨અ વિ |
| ૨૩ વ્યા | લ | ■ | ૨૪ ર | ગ | ૨૫ ડ | મ | ૨૬ લ | ■ | રા |
| ક | ■ | ૨૭ હ | ■ | ■ | ૨૮ ખો | રા | ક | ■ | મ |
| ૨૯ ર | મ | તા | ૩૦ રા | ૩૧ મ | ■ | ળો | ■ | ૩૨ સૂ | ચિ |
| ણ | ■ | ૩૩ શ | ત | દ | લ | ■ | ૩૪ ઘી | ■ | ન્હો |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | | ■ | ૫ | ૬ | |
| | ■ | ૭ | | | ■ | ૮ | | | ■ |
| ૯ | | | | | ■ | ૧૦ | | ■ | ૧૧ |
| | ■ | | ■ | ■ | ૧૨ | | ■ | ૧૩ | |
| ■ | ૧૪ | | ૧૫ | ■ | ૧૬ | | ૧૭ | ■ | |
| ૧૮ | | ■ | ૧૯ | ૨૦ | | ■ | ૨૧ | | |
| | ■ | ૨૨ | | | ■ | ૨૩ | | ■ | |
| | ■ | ૨૪ | | ■ | ૨૫ | | ■ | ૨૬ | ■ |
| ૨૭ | | ■ | ■ | ૨૮ | ■ | ૨૯ | | | ૩૦ |
| | ■ | ૩૧ | | | | | ■ | ૩૨ | |

### આડી ચાવી

૧. કુમળો તડકો (૬)
૫. રેણ, સાંધણ (૩)
૭. પાછું હઠવું તે (૩)
૮. નજીક, પાસે (૩)
૯. ગૂંથણ કામ (૫)
૧૦. --- ઊભા થવા એટલે રોમાંચ થવો (૨)
૧૨. અણી, ધાર (૨)
૧૩. તદ્દન, બિલકુલ, સંપૂર્ણપણે (૨)
૧૪. સ્ત્રીઓનો એક રોગ (૩)
૧૬. ઝીણા ચોખા (૩)
૧૮. સૂરજ (૨)
૧૯. તૃતીયપંથી, ટ્રાન્સજેન્ડર (૩)
૨૧. ઊંચી કિનાર (૩)
૨૨. અસ્તિત્વ (જો. છૂ.) (૩)
૨૩. એક પવિત્ર વૃક્ષ (૨)
૨૪. ઋતુ (૨)
૨૫. પડછાયો, આશ્રય, છાપ (૨)
૨૭. એક જાતનો દારૂ (૨)
૨૯. ઉતાવળ (૪)
૩૧. બળજબરી ઉપાડી જવું તે (૫)
૩૨. --- આપવું એટલે ભેદ બતાવવો (૩)

### ઊભી ચાવી

૧. ઉમંગભરી (કન્યા) (૪)
૨. સહેલું કામ (૫)
૩. વાંધા (૩)
૪. આંકડો, સંખ્યા (૩)
૫. ઓસ, શબનમ (૩)
૬. ‘રટવું’ નું આજ્ઞાર્થ (૨)
૮. ઉપાય કરવો તે (૪)
૧૧. નિશ્ચય કરવો તે (૪)
૧૨. ઊંટ મૂકે --- (૩)
૧૪. બધે રેતી જ રેતી (૨)
૧૫. નકામું, બોગસ (૪)
૧૭. નાની બેબી (૩)
૧૮. બિરદાવનારી એક કોમ (૨,૩)
૨૦. સાધુ, સંન્યાસી (જો. છૂ) (૨)
૨૨. દરેક (૨)
૨૩. વાવવાનાં બીજ (૪)
૨૬. જનતા, લોકો, પ્રજા (૩)
૨૮. શાબાશ, સરસ (૨)
૩૦. સો કિલો (૨)

## ચતુર આપો જવાબ

### અર્થ જણાવો

‘સર્વ કાર્ય માટે ગોધૂલી સમય શુભ માનવામાં આવે છે.’ ગોધૂલીનો અર્થ શું થાય એ જણાવો.

અ) ગેબી બ) પ્રભાત ક) સંધ્યા ડ) પ્રકાશ

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ SILVOLOGY ના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) શ્વાસ બ) જંગલ ક) ચાંદી ડ) લાવા

## માતૃભાષાની મહેક

શરીરની તંદુરસ્તી બગડે ત્યારે રોગ થયો એમ સામાન્યપણે કહેવામાં આવે છે. રોગ ત્રણ જાતના છેઃ શારીરિક, આગંતુક અને માનસિક. શરીરમાં રહેનાર વાત, પિત્ત અને કફથી જે રોગ થાય તે શારીરિક. ઝેર અથવા તો બહારથી આવનાર અગ્નિદાહ વગેરેને આગંતુક રોગ કહે છે અને મનગમતી વસ્તુ ન મળવાથી જે ગ્લાનિ થાય તેને માનસિક રોગ કહેવાય છે.

## ઈર્શાદ

મૂલવવા સ્વયંને નથી ખુદને જોતાં,
જુએ છે, તો બસ, ખુદની ખ્યાતિ જુએ છે.

--- રઈશ મનીઆર

## સુડોકુ-૬૦૯૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | | ૩ | | | | | |
| ૮ | | | | | | | ૬ | ૨ |
| | ૭ | | | ૯ | | ૧ | | |
| | | ૪ | | | ૮ | ૨ | | ૭ |
| | | ૭ | ૯ | | ૧ | ૪ | | |
| ૬ | | ૫ | ૪ | | | ૯ | | |
| | | ૮ | | ૫ | | | ૨ | |
| ૯ | ૬ | | | | | | | ૫ |
| | | | | | ૪ | | | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૬૦૯૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૮ | ૯ | ૫ | ૩ | ૭ | ૧ | ૬ | ૪ |
| ૬ | ૩ | ૪ | ૯ | ૨ | ૧ | ૭ | ૫ | ૮ |
| ૭ | ૫ | ૧ | ૮ | ૪ | ૬ | ૯ | ૩ | ૨ |
| ૩ | ૯ | ૨ | ૭ | ૮ | ૫ | ૬ | ૪ | ૧ |
| ૧ | ૬ | ૫ | ૪ | ૯ | ૨ | ૮ | ૭ | ૩ |
| ૮ | ૪ | ૭ | ૬ | ૧ | ૩ | ૫ | ૨ | ૯ |
| ૯ | ૭ | ૮ | ૩ | ૬ | ૪ | ૨ | ૧ | ૫ |
| ૫ | ૨ | ૩ | ૧ | ૭ | ૮ | ૪ | ૯ | ૬ |
| ૪ | ૧ | ૬ | ૨ | ૫ | ૯ | ૩ | ૮ | ૭ |

## માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ઝીણવટથી જોઈ, તેમની વચ્ચે રહેલો સંબંધ સમજી આગામી સંખ્યા કઈ હોવી જોઈએ એ ગણતરી કરી કહો.

૬, ૧૮, ૫૪, ૧૬૨, ------

અ) ૨૬૨ બ) ૩૫૦
ક) ૪૧૦ ડ) ૪૮૬

## ગયા મંગળવારના જવાબ

### ભાષા વૈભવ

| A | B |
|---|---|
| કસરત | Exercise |
| તાલીમ | Training |
| મહાવરો | Practice |
| ધ્યાન | Meditation |
| એકાગ્રતા | Concentration |

**માઈન્ડ ગેમ**
૮૮

**ઓળખાણ પડી?**
સાટોરી

**ગુજરાત મોરી મોરી રે**
શરીર રચના

**ચતુર આપો જવાબ**
**અર્થ જણાવો**
ધનુષ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) નીતા દેસાઈ (૩) ભારતી બુચ (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) મુલરાજ કપૂર (૬) પ્રતીમા પામાની (૭) ગીતા ઉદ્દેશી (૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૯) સુરેખા દેસાઈ (૧૦) સુભાષ મોમાયા (૧૧) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૨) શીરીન ઔરંગાબાદવાલા (૧૩) તાહેર ઔરંગાબાદવાલા (૧૪) નયના ગિરીશ મિસ્ત્રી (૧૫) રસિક જુઠાણી (ટોરન્ટો-કેનેડા) (૧૬) પુષ્પા પટેલ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) વિભા મહેશ્વરી (૧૯) મહેશ દોશી (૨૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૧) જયોતી ખાંડવાલા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) હર્ષા મહેતા (૨૫) અશોક સંઘવી (૨૬) મહેન્દ્ર લોઢવીયા (૨૭) ભાવના કર્વે (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) વિણા સંપટ (૩૦) અંજુ ટોલિયા (૩૧) પ્રવીણ વોરા (૩૨) નિતીન બજારીયા (૩૩) મીની કાપડિયા (૩૪) રજનીકાંત પટવા (૩૫) સુનીતા પટવા (૩૬) અરવિંદ કામદાર (૩૭) પુષ્પા ખોના (૩૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) જગદીશ ઠક્કર (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) જયોત્સના ગાંધી (૪૨) રમેશભાઈ દલાલ (૪૩) હિનાબેન દલાલ (૪૪) ઈનાક્ષીબેન દલાલ (૪૫) અલકા વાણી (૪૬) મહેશ સંઘવી (૪૭) ખુશરૂ કાપડીયા (૪૮) કમલેશ મૈઠિઆ (વિજય આસર (૫૦) જગદીશ ઠક્કર (૫૧) નિખીલ બંગાળી (૫૨) અમીષી બંગાળી (૫૩) ધીરેન્દ્ર ઉદ્દેશી (૫૪) જયવંત પદમશી ચિખલ

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# બાફેલાં શાકભાજીનો ઉપયોગ આરોગ્યને બનાવે ઉત્તમ

ગાંધીજીનો એક અનોખો વિચાર: પ્રત્યેક વ્યક્તિએ આવશ્યક શ્રમ કરી સ્વાશ્રયી-સાદગીપૂર્ણ -ઉચ્ચ આદર્શોવાળું જીવન જીવવું જોઈએ. શ્રમ વિનાનું અન્ન ખાવું તે ચોરી જ છે.

આવતીકાલે ૨જી ઓક્ટોબર ૨૦૨૪ એટલે કે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીબાપુનો જન્મ દિવસ. ૧૫૫મી જન્મ જયંતી. ૨ ઑક્ટોબર ૧૮૬૯માં ગુજરાતના પોરબંદરમાં તેમનો જન્મ થયો હતો. માતા પુતળીબાઈ તથા પિતા કરમચંદ. વિશ્વમાં તેઓ અહિંસાના પૂજારી તરીકે ઓળખાય છે. એક એવી વિરલ વ્યક્તિ જેમના જીવન વિશે જાણવાની ઉત્સુકતા આજે પણ એટલીજ દેશ-વિદેશમાં જોવા મળે છે. દેશને આઝાદી અપાવવાની અહમ્ ભૂમિકા ભજવી. ગાંધીજી સંપૂર્ણ શાકાહારી હતા. જીવનના એક તબક્કે તેમણે ચા-કૉફીનો ત્યાગ કરી દીધો હતો. ગાંધીજી તંદુરસ્ત જીવન જીવ્યા. ભોજનનો ઉપયોગ માનવીએ જીવનને ટકાવી રાખવા માટે કરવાની પ્રેરણા આપી. તેમજ તંદુરસ્તી જળવાઈ રહે તે માટે વિવિધ પ્રયોગો સ્વયં ઉપર કર્યા.

પ્રશ્ન એ પણ થાય કે તેમને કઈ વાનગી પ્રિય હશે? ગાંધીજીની પ્રિય વાનગીઓમાં સૌ પ્રથમ હતા દાળ-ભાત. તેમનું કહેવું હતું કે તેમાં કાર્બોહાઈડ્રેટ તેમજ પ્રોટીન બંને મળી રહે છે. દાળમાં વિવિધતા રાખતાં. બાળપણથી જ ગાંધીબાપુને રોટલી અત્યંત પ્રિય હતી. જે આજીવન પસંદ જ રહી. દહીં-છાસ તેઓ નિયમિત લેતાં. જેને કારણે પાચનક્રિયા સુધરે. શરીરને યોગ્ય માત્રામાં કેલ્શિયમ મળી રહે. ગાંધીજીને રીંગણ પ્રિય હતાં. બાફેલાં રીંગણ તેઓ પસંદ કરતાં. મૂળાં તથા બીટ તેમને ખાવા ગમતાં. ગાંધીજી બકરીનું દૂધ પીવાનું પસંદ કરતા. મીઠાઈમાં તેમને પેંડા ખાવાનું પસંદ હતું. શુદ્ધ સાત્ત્વિક ભોજન તેમને વધુ પ્રિય હતું. જેમાં ઘી-તેલની માત્રા ઓછી હોય. બાફેલાં શાક અત્યંત ઓછા મસાલાવાળા ખાવાનું પસંદ કરતા હતા. સ્વાસ્થ્ય માટે શું સર્વોત્તમ આહાર ગણાય તે વિષે તેમણે અનેક પ્રયોગો કરેલાં. તેમના જેવા પ્રયોગો ભાગ્યે જ કોઈ મહાન વ્યક્તિએ કર્યા હશે. ગાંધીબાપુનું માનવું હતું કે વ્યક્તિએ એવો આહાર લેવો જોઈએ જે સ્વયંને શાંતિ આપે. વધુ પડતાં મસાલા કે કાંદા-લસણનો અતિ ઉપયોગ અનેક વખત માનવીને ઉત્તેજિત કે ગુસ્સો કરાવે છે.

હવે પાછા વળીએ ૨૧મી સદીમાં...આજકાલ સૌથી મોટો ચર્ચામાં રહેતો વિષય કોઈ હોય તો તે છે 'મોટાપો'. મિત્રમંડળી ભેગી થાય તેની સાથે ફેશનનાં અવનવાં વસ્ત્રોની વાતો નીકળે. વળી તે શોભે કે ના શોભે તેને પહેરીને આવેલી વ્યક્તિ સ્વયંને રૂપસુંદરી કે બૉડીબિલ્ડરથી ઓછાં ના સમજે. નાની વયમાં તેની પાસે ફેશન તેમજ યોગ્ય આહારનો ખજાનો સાંભળવા મળે. ત્યારે પ્રશ્ન એ થાય કે શરીરને સુડોળ બનાવવાની સ્પર્ધામાં વ્યક્તિ યોગ્ય રસ્તે જઈ રહ્યો છે કે કેમ?

ચાલો, આજે તંદુરસ્તી જળવાઈ રહે તેવી થોડી વાતો માંડીએ. સ્વાસ્થ્ય જાળવવામાં સૌથી મોટું હથિયાર છે બાફેલાં શાકભાજીનો ઉપયોગ. જી..હા, બાફેલાં શાકભાજીનો નિયમિત ઉપયોગ શરીરની તંદુરસ્તી જાળવી રાખવામાં મદદ કરે છે. તેનું મુખ્ય કારણ છે તેમાં સમાયેલાં પોષક તત્ત્વો. પોટેશિયમ, ફાઈબર, વિટામિન, પ્રોટીનની સાથે અન્ય પોષક ગુણો સમાયેલાં છે. સામાન્ય રીતે આપણે મોટા ભાગના શાકભાજીને તેલમાં વધાર કર્યા બાદ પકાવીને મરી-મસાલાનો સ્વાદ આપ્યા બાદ ખાવાનું પસંદ કરીએ છીએ. તો વળી કેટલાંક શાકભાજીને સલાડ તરીકે કાચા ખાઈએ છીએ.

શું આપે ક્યારેય બાફેલાં શાકભાજીનો સ્વાદ માણ્યો છે? જેવા ગાંધીબાપુ ખાવાનું પસંદ કરતાં હતા તેવા! તો હવેથી કરજો. કેમ કે બાફેલાં શાકભાજીમાં તેલ-મસાલામાં સાંતળેલાં શાક કરતાં વધુ પૌષ્ટિકતા જળવાઈ રહે છે. હા, કદાચ એવું પણ બને કે ૩-૪ વખત આપને તેનો સ્વાદ પસંદ ના પડે, પરંતુ એક વખત તેના ગુણો જાણી લીધા બાદ બાફેલાં શાકભાજીનો સ્વાદ આપને પસંદ પડી જશે. કેમ કે તેનાથી રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે.

**બાફેલાં શાકભાજી ખાવાના ફાયદા:**

વજનને નિયંત્રણમાં રાખવામાં ગુણકારી: બાફેલાં શાક ફેટ ફ્રી હોય છે. વળી બાફેલાં શાકભાજી ખાવાથી શરીરમાં ચરબીની માત્રા ઘટવા લાગે છે. બાફેલાં શાકભાજીના ઉપયોગ દ્વારા શરીરમાં વધારાની કૅલરી જતી નથી.

પાચનક્રિયા મજબૂત બનાવે છે: બાફેલાં શાકભાજી લેવાથી પાચનક્રિયામાં સુધારો જોવા મળે છે. કેમ કે તેને ખાતી વખતે સરળતાથી ચાવી શકાય છે. બાફેલાં શાકભાજી દાંતની તકલીફ હોય તેમને માટે પણ ઉપયોગી ગણાય છે. લાંબા સમયની કબજિયાતમાં ત્વરિત રાહત આપે છે.

**એસિડીટીની સમસ્યાથી બચાવે છે:** બાફેલાં શાકભાજીનો આહારમાં ઉપયોગ કરવાથી પાચનક્રિયા મજબૂત બને છે. પેટ સાફ રહે છે, બાફેલાં શાકભાજી પેટમાં આવેલાં સોજાને ઘટાડવામાં મદદ કરે છે. કેમ કે તેમાં સારા પ્રમાણમાં વિટામિન, મિનરલ્સ, ઍન્ટિ-ઈન્ફ્લેમેટરી ગુણ સમાયેલાં છે. ભોજનને પચાવવા માટે એસિડની માત્રાની ઓછી જરૂર પડે છે. તાવ કે ઝાડાની સમસ્યા હોય તેમને માટે બાફેલાં શાકભાજી ઉત્તમ ઉપાય ગણાય છે.

નાના બાળકો માટે શ્રેષ્ઠ : બાફેલાં શાકભાજીનો ઉપયોગ જે શીશું માતાનું દૂધ પીતા હોય તેમને માટે ઉત્કૃષ્ટ વિકલ્પ ગણાય છે.જેનાથી પેટ ભરાઈ જાય છે. તેમજ આવશ્યક પોષક તત્ત્વો મળી રહે છે. કેમ કે તેમાં કૅલરીની માત્રા ઓછી તેમજ પાણીનું પ્રમાણ વધુ હોય છે.

**કયા શાકભાજીને બાફીને ખાઈ શકાય:**

ફણસી-દૂધી-ગાજર: ફણસીનો અસલી સ્વાદ માણવો હોય તો તેને ગરમ પાણીમાં ઉકાળીને ખાવાથી માણી શકાય છે. બાફેલી ફણસી-દૂધી-ગાજરમાં ચપટી મીઠું-મરી તથા લીંબુનો રસ ભેળવીને ખાઈ શકાય.

**બ્રોકલી-ફ્લાવર-મકાઈ:** બધા શાકભાજીને મીઠાવાળા પાણીમાં બાફીને ખાવાની એક અલગ મઝા છે. તેમાં ઍન્ટિ-ઓક્સિડન્ટ તત્ત્વ હોય છે. જે કેન્સરથી બચવામાં મદદ કરે છે. વળી મોસમી રોગથી બચાવવામાં મદદ કરે છે. બ્રોકલીનું શાક બનાવવાને બદલે બાફેલી ખાવી વધુ યોગ્ય ગણાય છે.

**પાલક-મેથી:** બંને ભાજીને બાફીને ખાવાથી તેમાં રહેલાં પોષક ગુણોનો પૂરતો લાભ મેળવી શકાય છે. બાફીને ખાવાથી આંખોની સમસ્યામાં ફાયદાકારક બને છે. વળી બંને ભાજીનો ઉપયોગ પૂરતી માત્રામાં કરવાથી રોગથી બચી શકાય છે.

**બીટ:** બીટને બાફીને ખાવાથી તે વધુ સ્વાદિષ્ટ લાગે છે. કાચું બીટ અનેક લોકોને ખાવું પસંદ હોતું નથી. તેથી જ તેને બાફીને ખાવાથી સ્વાદિષ્ટ લાગે છે. બીટનો રસ પીવાથી કે બાફેલું બીટ ખાવાથી લોહીની ઊણપ હોય તેમને માટે શ્રેષ્ઠ ગણાય છે. માસિકધર્મ વખતે શરીરમાં થાક લાગવો કે પેટમાં પીડાની સમસ્યામાં બાફેલું બીટ ખાવું જોઈએ.

**શક્કરિયા-બટેટા:** બંને કંદમૂળને ફક્ત બાફીને ખાવા જોઈએ. તેમાં રહેલ ઍન્ટિ-ઓક્સિડન્ટ શરીરમાં જઈને વિટામિન એમાં પરિવર્તિત થઈ જાય છે. તેથી આંખ, પાચનક્રિયા તથા ત્વચા માટે ગુણકારી ગણાય છે. ■



## બાફેલાં શાકભાજીની રીત

સામગ્રી : ૧ નંગ ગાજર, ૧ વાટકી કાપેલી બ્રોકલી, ૧ વાટકી કાપેલાં ફ્લાવર, ૧ નાની વાટકી મકાઈના દાણા,૧૦ નંગ ફણસી, સ્વાદ માટે મરી પાઉડર. લીંબુનો રસ ૧ ચમચી. સંચળ કે મીઠું સ્વાદાનુસાર.

બનાવવાની રીત: ઉપરોક્ત બધા જ શાકભાજીને એક તપેલીમાં પાણી ગરમ કરવું તેમાં સ્વાદ પ્રમાણે મીઠું ભેળવવું. હવે તેમાં ઉપરોક્ત શાકભાજી ભેળવવાં. ૫-૭ મિનિટ માટે ઉકાળીને ગેસ બંધ કરીને ચારણીમાં કાઢી લેવાં. તેમાં મરી પાઉડર તથા લીંબુનો રસ ભેળવીને ગરમાગરમ હોય ત્યારે જ ખાવું. ઉપરોક્ત શાકભાજીને ગરમ પાણીની ઉપર ચારણી ગોઠવીને વરાળથી બાફીને બનાવી શકાય છે. આપને જે રીત અનુકૂળ આવે તે અપનાવવી. આરોગ્ય માટે ઉત્તમ તેવા બાફેલાં શાકના લાભ વારંવાર લેતાં રહેવું.



feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# કાનઃ શરીરનો સબળ સંત્રી

આંખને આપણે 'આત્માની બારી ' કહીએ છીએ.એ જે રીતે, બહારનો કોઈ અજાણ્યો માણસ ઘરમાં પેસી ન જાય એ માટે ચોકીદાર કે સંત્રી હોય છે એમ કાન પણ આપણા શરીરનો આવો જ એક સંત્રી છે,જે ધ્વનિ કે અવાજને પારખવાનું અંગ છે. તે માત્ર ધ્વનિ ગ્રહણ જ નહીં, પણ શરીરને સમતોલ રાખવા- જાળવવામાં મદદ કરે છે.

કાન ધ્વનિ પ્રણાલીનો ભાગ છે. બાહ્ય વાતાવરણના સીધા સંપર્કમાં આવતા શારીરિક અંગોમાં કાન- નાક અને ગળું મુખ્ય છે. આજે હવાનું પ્રદૂષણ વધવાને કારણે નાક તથા ગળાની બીમારીઓનું પ્રમાણ દિનપ્રતિદિન વધી રહ્યું છે. તેમાં પણ આજના યુગમાં કાનની બહેરાશનું પ્રમાણ ખૂબ જ વધી રહ્યું છે તેનું મૂળ કારણ અવાજપ્રદૂષણ છે. અવાજપ્રદૂષણ એટલે બિનજરૂરી અને વધુ પડતો અવાજ કાનમાં જવો. આજે લોકોને ધીમા અવાજે સાંભળવાની ટેવ જ નથી. તેમાં પણ અવાજપ્રદૂષણમાં ભારતનાં અમુક શહેરો વિશ્વમાં સહુથી આગળ સ્થાન ધરાવે છે. તેનાં મુખ્ય કારણ આ ગણી શકાય, જેમકે વાહનોના વિચિત્ર, બિનજરૂરી અને વધુ પડતા અવાજવાળા હોર્ન, રેલીઓ, બેન્ડવાજા,પ્રવચનો, ડાયરાઓ વગેરે.જાહેર પ્રોગ્રામોમાં ગાજતાં સ્પીકરો કે પછી મોટા અવાજવાળા ફટાકડાઓ ટ્રાફિકપ્રદૂષણ પેદા કરે છે.વિશ્વમાં સહુથી વધુ અવાજપ્રદૂષણ ધરાવતા ૧૦ શહેરમાં આપણાં મુંબઈ - કોલકાતા અને દિલ્હીનો સમાવેશ થાય છે.

## કાનની બહેરાશનાં કારણ

અચાનક જ કાનમાં વધુ પડતો અવાજ જવો, જેમ કે સ્પીકરની નજીક જવાથી, ફટાકડા અને વાહનોના મોટા હોર્નવાળા અવાજો વગેરેથી... લાંબા સમય સુધી અને ઊંચા અવાજે ઈયરફોન-હેડફોન સાંભળવાથી.

કાનમાં વધારે મેલ થવાથી, કાનમાં ઈન્ફેક્શન થવાથી અથવા અમુક પ્રકારની દવાઓથી.

થપ્પડ આદિ લાગવાથી કાનને ઈજા પહોંચવાથી.

વધુ ઉંમર હોવાથી પણ કાનમાં બહેરાશ આવી શકે છે.

## શું છે કાનની બહેરાશના ઉપચાર

- તાજા ગૌમૂત્રના ૩-૪ ટીપાં ૧૫ દિવસ સુધી રોજ કાનમાં નાખવાં.
- કારેલાના બી તથા એટલા જ પ્રમાણમાં જીરું પાણીમાં વાટી, તેને ગાળીને તે રસના ૨-૩ ટીપાં દિવસમાં ૨ વાર કાનમાં નાખવાથી બહેરાશમાં ફાયદો થાય છે.
- વરિયાળીના પાવડરને પાણીમાં ઉકાળી તેની વરાળ દુઃખતા કાન પર લેવાથી કાનની બહેરાશ, કાનનું શૂળ અને કાનમાં થતો અવાજ મટે છે.
- રોજ બદામના તેલના ૨-૩ ટીપાં કાનમાં નાખવાં.

## કાનને પજવતી અન્ય બીમારી

કાનના સણકા ને દુઃખાવાના ઉપચારઃ

- રોજ ૧-૨ અખરોટ જમવાથી ૧૫ દિવસમાં કાનમાં આવતા સણકામાં રાહત થાય છે.
- આદુંનો રસ સહેજ ગરમ કરી કાનમાં નાખવાથી કાનનો દુઃખાવો, બહેરાપણું અને સણકા મટે છે.
- તુલસીના રસનાં ટીપાં કાનમાં નાખવાં.
- નાગરવેલના પાનનો રસ ગરમ કરી તેનાં ટીપાં નાખવાં.
- આંબાના પાનનો રસ ગરમ કરી તેનાં ટીપાં નાખવાં.
- મૂળાના પાનનો રસ સહેજ ગરમ કરી તેનાં ટીપાં કાનમાં નાખવાં.
- સરસિયું કે તલનું તેલ ગરમ કરીને કાનમાં તેનાં ટીપાં નાખવાં.

કાનનો સોજો ને રસીના ઉપચારઃ

- સવાર-સાંજ ફુદીનાના રસના ૫-૧૦ ટીપાં કાનમાં નાખવાથી કાનની રસીમાં ૮-૧૦ દિવસમાં રાહત થાય છે.
- તુલસીના રસનાં ટીપાં કાનમાં નાખવાથી કાનની રસી મટે છે.
- રોજ લીંબોળીના તેલના ગરમ ટીપાં કાનમાં નાખવાં.
- તેલમાં થોડી રાઈ વાટીને સોજા ઉપર બહારથી લેપ કરવાથી સોજો મટે છે.
- ફૂલાવેલી ફટકડી અને હળદર ભેગી કરી કાનમાં નાખવાથી કાન પાક્યો હોય અને રસી નીકળતી હોય તો તે મટે છે.

કાનમાં જમા થઈ જતો મેલ-એના ઉપચાર :

- કપ પાણીમાં ૧ ચમચી મીઠું નાખવું. રૂને તે પાણીમાં ડુબાડીને થોડું નિતારીને કાનમાં તેનાં ૩-૪ ટીપાં નાખવાં.

આમ ૧૦ મિનિટ સુધી કાનને નમાવેલો રાખવો. ત્યાર પછી વિરુદ્ધ સાઈડમાં કાનને નમાવીને વધારાનું પાણી કાઢી નાખવું, અને શુદ્ધ કપડાં વડે મેલ બહાર કાઢી નાખવો. આ પ્રયોગ તલનું તેલ, સરસિયાનું તેલ, બદામનું તેલ, ઓલીવ ઓઈલ, હાઈડ્રોજન પેરોક્સાઈડ કે ગ્લીસરિન સાથે પણ કરી શકાય છે.

## કાનમાં જીવજંતુ પેસી જાય ત્યારે....

જ્યારે કોઈ પણ જીવજંતુ કાનમાં ગયું હોય ત્યારે કાનમાં ટોર્ચ દ્વારા તેને જોવાનો પ્રયત્ન કરવો નહીં કેમ કે ટોર્ચના પ્રકાશથી જીવજંતુ ડરીને કાનની અંદર વધારે ઊંડું જતું રહે છે. તેવી જ રીતે ચીપિયા દ્વારા પણ તેને બહાર કાઢવાનો પ્રયત્ન ન કરવો. જ્યારે કાનમાં કોઈ પણ પ્રકારનો અનાજનો દાણો જતો રહ્યો હોય ત્યારે કાનમાં પાણી નાખીને તેને બહાર કાઢવાનો પ્રયત્ન ન કરવો, કારણ કે આમ કરવાથી તે દાણો ફૂલીને કાનમાં સોજો લાવી શકે છે.

ઉપચારઃ

- મધ અને તેલ ભેગાં કરી કાનમાં ટીપાં નાખવાં.
- સરસવનું તેલ, મધ, દિવેલ કે ઘી આમાંથી કોઈ પણના ટીપાં કાનમાં નાખી શકાય.

## કાનનો મેલ સાફ કરવામાં સાવધાની



કાનમાંથી રોજ મેલ કાઢવાની બિનજરૂરી ટેવ ન પાડવી. ઘણીવાર આપણે કાનને સ્વચ્છ રાખવાના નિમિત્તે કાનમાંથી રોજ મેલ કાઢીને સાફ કરીએ છીએ. પરંતુ અમુક બહારનો મેલ કાનના રક્ષણ માટે ફાયદાકારક હોય છે, તે બહારથી આવતા અવાજના પ્રદૂષણને કાનના પડદાને નુકસાનથી બચાવે છે. માટે જો સાંભળવામાં કોઈ તકલીફ થતી હોય તો કાનમાંથી બિનજરૂરી મેલ કાઢ્યા ન કરવો. કાનને સાફ કરવા માટે પેન-પેન્સિલ, દીવાસળી કે ચીપિયાનો ઉપયોગ ક્યારેય ન કરવો. જેમ પેન-પેન્સિલ કે દીવાસળીથી કાનને નુકસાન પહોંચે છે. તેવી જ રીતે રૂની સળી પણ કાનના પડદાને નુકસાનકારક છે.

રૂની સળી દ્વારા કાનના પડદા પર વધુ પ્રેશર આવવાથી પડદો ફાટી શકે છે માટે સાવધાન ...

## ખાસ સૂચના

જોકે, અહીં દર્શાવેલા ઉપચારોથી કાનની તકલીફ દૂર ન થાય તો વધુ સમય વેડફ્યા વિના કાનના ચિકિત્સક પાસે યોગ્ય સારવાર લેવી. ■

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# શરીરને સ્વસ્થ રાખવા માટે ખૂબ જરૂરી મિનરલ્સઃ સલ્ફર

શરીરને સ્વસ્થ રાખવા વિટામિન અને મિનરલ્સ જરૂરી છે. આ શરીરના કાર્યોમાં મદદ કરે છે. કેલ્શિયમ, પ્રોટિન, પોટેશિયમ પછી જરૂરી મિનરલ્સ એ સલ્ફર છે. આના પર લોકો ધ્યાન આપતા નથી. માનવ શરીરમાં ત્રીજા નંબરે સૌથી પ્રચૂર માત્રામાં જરૂરી ખનિજ છે. સલ્ફર બધા જીવિત ઉત્તકોમાં હાજર હોય છે. સલ્ફર બેકેટેરિયા વિરુદ્ધ જીવાણુરોધી પ્રભાવ છે. સલ્ફર સીધે સીધું લેવું સુરક્ષિત નથી. આનો દુષ્પ્રભાવ થઇ શકે છે. કુદરતી રીતે આપણી ખાદ્ય પદાર્થની સામગ્રીમાં હાજર છે.

સલ્ફરની ઓછપથી ત્વચાની બીમારી, મોઢા પર ખીલ, ત્વચા પર ચીરા પડવા, ત્વચા સૂકાઇ જાય, રજો નિવૃતિ લક્ષણ, માથામાં જૂ, મસ્સાં, શીતઘા, (હર્પીસ લેબિયલિસ), માથામાં ખોડો, ખાજ-ખૂજલી, વાળ ખરવા, પ્રોટિન પચાવવા, નખની વૃદ્ધિ અટકવી, ઊર્જાની ઓછપ, શ્વાસની તકલીફ, કયારેક એવું પણ જોવા મળે છે કે અલ્ઝાઇ મરના રોગ થાય છે. માંસ-પેશીઓમાં સોજા વગેરેમાં જોવા મળે છે. દવાઓ દ્વારા લેવામાં આવતો સલ્ફર ઘાતક છે. સલ્ફર વધી જવાથી આંખની દૃષ્ટિ પર અસર, ફીટની વ્યાધિ, બ્રેનના સેલ પર અસર થાય છે. આનું સંતુલન કુદરતી રીતે મળતા આહારમાંથી સલ્ફર આપણી માટે પ્રયાપ્ત છે. ધાર્મિક કારણોને લીધે જે કંદમૂળનું સેવન નથી કરતા તેને આની ઓછપ જણાય છે.

સલ્ફરની ઓછપથી ત્વચાની સમસ્યા સૌથી અધિક થાય છે. દરાજ, ખાજ-ખુજલી, સોરાયસીસ, સફેદ દાગ વગેરે.

એક સ્વસ્થ શરીર માટે સલ્ફર અઢી ગ્રામ જેટલું જોઇએ આપણા આહારમાં સલ્ફર યુક્ત આહાર જોડાવો જોઇએ. સમય સમય પર લોકોની આહારની રુચિ બદલાયા કરે છે. ત્યારે વિટામિન્સ કે મિનરલ્સની ઓછપનો સામનો કરવો પડે છે. પ્રોટિનવાળા આહારનું ઓછું સેવન પણ સલ્ફરની ઓછપ વર્તાય છે. ચામડીના કેન્સરથી બચવા માટે સલ્ફર જરૂરી મિનરલ્સ છે. કોલેસ્ટ્રોલનું સંતુલન જાળવવા માટે કે બ્લ્ડ કલોટ માટે સલ્ફરની આવશ્યકતા છે.

### લસણ

એલીયમ નામનું એન્ઝામ આમાં છે. જે ધમની અને લોહીના પ્રેશર પર સકારાત્મક તરીકે કામ કરે છે. લોહીના સેલને સલ્ફર પ્રદાન કરે છે. એન્ટિબાયોટિક એન્ટિ બેકટોરિયલ થવા એન્ટિ ફંગલના એજન્ટ તરીકે કામ કરે છે. શરીરમાં પાણી ભરાવો દેતું નથી. કોલેસ્ટ્રોલને કાબૂ રાખે છે. જેથી ફેટ વધતી નથી. એન્ટિ કેન્સર છે તેથી કેન્સર સેલ વધવા દેતો નથી. ઇમ્યુનિટી વધારે છે. શરદી અને કફની વ્યાધિમાં સારું પરિણામ આપે છે.






### કાંદા

સલ્ફરનો સૌથી મોટો સ્ત્રોત છે. વાળનો ગ્રોથ વધારે છે, ચામડીને ઉત્તેજિત કરે છે. અસ્થમાની બીમારીમાં લંગ્સમા અક્કડતા આવે છે તેને દૂર કરે છે. શરીરમાં પાણી ભરવાની સમસ્યાને દૂર કરે છે. ચામડીનો એમ્ડીમાં દૂર કરે છે. ચામડીની ફેટ દૂર કરે છે. સલાડમાં કે ચટણી બનાવી વાપરવા.

### બ્રોકલી

એન્ટિ ઇન્ફલમેટરી છે. બળતરાને શાંત કરે છે. વિટામિન સીથી ભરપૂર છે. જે કેન્સર સામે લડત આપે છે. હૃદયના રોગને નાબૂદ કરે છે. સલાડ કે સુપ લઇ શકાય છે.





### બોક ચોય

લીલા પાંદડાવાળી સ્વાદિષ્ટ ભાજી છે. ઉચ્ચવર્ગના લોકો આનો ઉપયોગ વધુ કરે છે. કેલ્શિયમ, વિટામિન કે સલ્ફરનો સ્ત્રોત છે. હાડકાનાં સ્વાસ્થને મજબૂત કરે છે. વિટામિન કે જે ચામડીને લસ્ટર આપે છે. સલાડ માટે વાપરી શકાય છે. આનું શાક પણ બને છે.

### ગ્રેપ ફૂટ

અનેક બીમારીઓ દૂર કરે છે. યુટરશ (ગર્ભાશય)ની હેલ્થ મજબૂત કરે છે. વિટામિન સી વધુ હોવાને કારણે ચામડીની ચમક વધારે છે. હૃદયની દીવાલો મજબૂત કરે છે. ઓગસ્ટથી ડિસેમ્બર સુધી મળે છે. બેકટોરિયાની ગ્રોથ થવા દેતો નથી. સેલને ઊર્જાવાન રાખે છે. ઇમ્યુન સિસ્ટમને મજબૂત બનાવે છે. સિઝનમાં આનો ઉપયોગ રોજ થવો જોઇએ. સલ્ફરની ઓછપ દૂર કરવા કેળા, કેળાના દાંડા, એસ્પાગસ, કોબી, ફલાવર, વટાણા બધી જાતના બીન્સ, વાલોર, ફણસી, ચોળી, એપ્રીકોટ, અંજીર, સૂકા પીચ આહારમાં લેવા જોઇએ. ચામડીના રોગોમાં સલ્ફરવાળા ક્રીમ કે દવાઓ જે હાનિકારક છે તે ન લેવી પડે માટે આહાર માટે જાગૃતતા જ બચાવ છે. ■



મુંબઈ સમાચાર દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી નિમિત્તે
બૃહદ મુંબઈ નવરાત્રિ મહાસ્પર્ધા
રોજેરોજ ઈનામોની વણઝાર
રમો ઝૂમો અને જીતો
૩ ઓક્ટોબરથી ૧૧ ઓક્ટોબર સુધી...
મુંબઈ સમાચારની મહાસ્પર્ધા મુંબઈનાં મુખ્ય સેન્ટરોમાં યોજવામાં આવી છે, જેમાંથી રોજેરોજ અનેક કેટેગરીમાં વિજેતાઓની પસંદગી કરવામાં આવશે. વિજેતાઓનો ફાઈનલ રાઉન્ડ રમાડવામાં આવશે.
મહાસ્પર્ધામાં પ્રોફેશનલ જજની નિમણૂક કરવામાં આવી છે અને તેમના દ્વારા પસંદગી કરાયેલા વિજેતાઓને ટ્રોફી એનાયત કરવામાં આવશે
મહાસ્પર્ધામાં બમ્પર ઈનામોઃ થાઈલેન્ડ ટ્રિપ (૧૦ કપલ), ભૂતાનની ટિકિટ - સ્ટે (બે કપલ), ઓલ ઈન્ડિયા હોટેલ વાઉચર્સ, ગિફ્ટ વાઉચર્સ તેમ જ ટ્રોફી વત્તા લાખોનાં રોકડ ઈનામો તો છોગામાં.
આટલું જ નહીં, રોજેરોજ જે ખેલૈયાઓ વિજેતા બનશે તેમનો ફોટો અને અહેવાલ મુંબઈ સમાચારમાં પ્રકાશિત કરવામાં આવશે.
...તો ગરબાની રમઝટ બોલાવવા માટે થઈ જાવ તૈયાર
ફાઈનલ રાઉન્ડની અને અન્ય સેન્ટરોની યાદી માટે જોતા રહો મુંબઈ સમાચાર
પ્રાયોજકઃ
Chandan MOUTH FRESHENER Khaane Ki Happy Ending!
NanoNine INNOVATIVE KITCHENWARE
Since 1980 RACHNA SALON Be Beautiful, Be You
Event sponsored by
JVM SPACES a mehta group venture
B SEEN GET NOTICED
HAIRLOGIC THE RIGHT BASICS
Gifting partners
Renddezvous where soulmates meet
Platinum Jewellery Maker
B.N. JEWELLERS INDIA PRIVATE LIMITED.
Trophy partner
Since 1983 HARI HARI HAIR STUDIO
Gifting partners
Tripz2Thailand
PALKHE (Brand by Palkhi)
DS DAMJI SHAMJI SHAH GROUP SINCE 1962
DIGITAL GLOBAL GARBA
સહયોગઃ જિતુભાઈ મહેતા, દુષ્યંત સોની, અમિત સોની અને મનીષા શેઠ
visit: www.bombaysamachar.com

# એકનાથ શિંદે સરકારે ગોમાતાને આપ્યો રાજ્ય-માતાનો દરજ્જો

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે સ્વદેશી ગાયોને 'રાજ્ય માતા-ગોમાતા' જાહેર કરવાનો નિર્ણય લીધો છે. સોમવારે મળેલી પ્રધાનમંડળની બેઠકમાં રાજ્ય સરકારે લીધેલા અનેક મહત્ત્વના નિર્ણયોમાં મહારાષ્ટ્રમાં દેશી ગાયોને 'રાજ્ય માતા - ગોમાતા' જાહેર કરવાના પ્રસ્તાવ પર ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચા બાદ દરખાસ્ત સ્વીકારી સરકારી આદેશ (જીઆર) જારી કરવામાં આવ્યો છે. આ અંગેની વિસ્તૃત માહિતી સરકારના આદેશમાં આપવામાં આવી છે.

પ્રાચીન કાળથી મનુષ્યના રોજિંદા જીવનમાં ગાયનું અનેરું મહત્ત્વ રહ્યું છે. વૈદિક કાળથી ગાયના ધાર્મિક, વૈજ્ઞાનિક અને આર્થિક મહત્ત્વને ધ્યાનમાં લઈ તેમને કામધેનુ કહેવામાં આવે છે. રાજ્યના જુદા જુદા ભાગોમાં વિવિધ દેશી જાતિઓની ગાયો જોવા મળે છે. જોકે, સ્વદેશી ગાયની સંખ્યા દિવસે ને દિવસે ઘટી રહી છે' એવી ચિંતા જારી કરવામાં આવેલા આદેશમાં પ્રારંભમાં જ વ્યક્ત કરવામાં આવી છે.

આદેશમાં એમ પણ જણાવ્યું છે કે 'માનવ આહારમાં દેશી ગાયનું દૂધ ઘણું પૌષ્ટિક હોય છે. દેશી ગાયના દૂધમાં માનવ શરીરના પોષણ માટે મહત્ત્વના અન્ન ઘટકો સામેલ હોવાથી દૂધ

(જુઓ પાનું ૪) ▸▸

▸ થાણે રિંગ રોડ માટે ૧૨,૦૦૦ કરોડ રૂપિયા બોરિવલી-થાણે ટનલ માટે ૧૫,૦૦૦ કરોડ રૂપિયાનું કરજ લેવાશે

▸ કુણબી-મરાઠાને જાતિ પ્રમાણપત્ર સંબંધી સંદીપ શિંદે સમિતિનો અહેવાલ માન્ય

## ચૂંટણીની જાહેરાતનું કાઉન્ટ-ડાઉનઃ કેબિનેટના બે કલાકમાં ૩૮ નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીની જાહેરાત એકાદ અઠવાડિયામાં થવાની શક્યતા સોમવારે કેબિનેટની બેઠકમાં લેવામાં આવેલા નિર્ણયોની ગતિ પરથી જણાઈ રહી છે. ચૂંટણી આવી રહી છે ત્યારે રાજ્યમાં રાજકારણ ગરમાયું છે. રાજ્યમાં એક તરફ વિપક્ષ વિવિધ મુદ્દાઓ પર સરકારની ટીકા કરી રહ્યો છે, તો બીજી તરફ મહાયુતિ સરકારે વિધાનસભા ચૂંટણી પહેલાં બે કલાકની અંદર ૩૮ નિર્ણય લઈને બધાને ચોંકાવી દીધા છે. મુખ્યમંત્રી એકનાથ શિંદેની અધ્યક્ષતામાં સોમવારે કેબિનેટની મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ કેબિનેટની બેઠકને આગામી વિધાનસભાની ચૂંટણીની (જુઓ પાનું ૪) ▸▸

## ૨૫/૯ની વરસાદી આફતનું પોસ્ટમોર્ટમ
# ૨૦૦ મિ.મી. વરસાદ અને ચૉક-અપ થયેલાં નાળાં કારણભૂત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં ગયા અઠવાડિયામાં પડેલા મુશળધાર વરસાદને પગલે રેલવે ઠપ થઈ જતા ભવિષ્યમાં આવા બનાવનું પુનરાવર્તન થાય નહીં માટે ઉપાયયોજના પર ચર્ચા કરવા માટે મુંબઈ મહાનગરપાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ સોમવારે રેલવે સત્તાધીશો સાથે બેઠક યોજી હતી. બેઠકનો ઉદ્દેશ્ય રેલવે પાટા પર કયા કારણથી પાણી ભરાઈ ગયાં હતાં તે બાબતે તથા ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન થતું રોકવા માટે શું પગલાં લેવા તેના પર વ્યૂહરચના વિકસાવવાનો હતો.

ગયા અઠવાડિયામાં મુખ્યત્વે રેલવે ટ્રેક પર ભરાયેલાં પાણી બાબતે ચર્ચા કરવામાં આવી હતી. મધ્ય સહિત હાર્બર લાઈનના છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ યાર્ડ, ભાંડુપ, વિદ્યાવિહાર સહિત સાયન-માટુંગા, વિક્રોલી-કાંજુરમાર્ગ, શિવડી-વડાલા, કુર્લા, કુર્લા- માનખુર્દ, ગુરુ તેગ બહાદુર નગર-ચુનાભટ્ટી, કુર્લા-તિલક નગરમાં પાટા પર પાણી જતા રેલવે ઠપ થઈ ગઈ હતી.

મુંબઈમાં પચીસ સપ્ટેમ્બર, બુધવારે પડેલા મુશળધાર વરસાદ બાદ મધ્ય (જુઓ પાનું ૪) ▸▸

### અંધેરીમાંની મેનહૉલ દુર્ઘટના પછીનું ડહાપણ...
## ચેતવણી અવગણનાર મુંબઈ મેટ્રો, કૉન્ટ્રેક્ટર મહિલાનાં મોત માટે દોષી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં પચ્ચીસ સપ્ટેમ્બરે પડેલા મુશળધાર વરસાદ દરમિયાન અંધેરીમાં ખુલ્લા મેનહૉલમાં પડી જવાથી મહિલાના મૃત્યુ બાદ તપાસ માટે નિમવામાં આવેલી તપાસ સમિતિએ દુર્ઘટના માટે એમએમઆરસીએલ તરફ આંગળી ચીંધી છે. સંબંધિત વિસ્તારમાં સુધરાઈના અધિકારીઓને થોડા સમય અગાઉ કરેલા ઈન્સ્પેકશન દરમિયાન અમુક ત્રુટિઓ હોવાની જાણ કૉન્ટ્રેક્ટર સહિત એમએમઆરસીએલને કરી હતી જેની નોંધ લેવામાં આવી હોત આ દુર્ઘટના ઘટી ન હોત એવો દાવો પણ આ રિપોર્ટમાં કરવામાં આવ્યો છે.

મુંબઈમાં પચ્ચીસ સપ્ટેમ્બરે સાંજના પડેલા મુશળધાર વરસાદ દરમિયાન અંધેરી (પૂર્વ) સીપ્ઝમાં ખુલ્લા મેનહૉલમાં મહિલા પડીને દૂર નાળામાં તણાઈ જતા તેનું મૃત્યુ થયું હતું. આ દુર્ઘટનાની તપાસ કરવા માટે ત્રણ સભ્યોની ઉચ્ચ સ્તરિય તપાસ સમિતિ બનાવી હતી અને તેમણે ત્રણ દિવસની અંદર પોતાના રિપોર્ટ સુધરાઈ કમિશનર ભૂષણ ગગરાણીને સોંપવાનો હતો. તે મુજબ તેમણે કમિશનરને રિપોર્ટ સોંપ્યો હતો, જેમાં આ દુર્ઘટના માટે મુંબઈ મેટ્રો રેલ કૉર્પોરેશન લિમિટેડ (એમએમઆરસીએલ) સહિત કૉન્ટ્રેક્ટરને જવાબદાર ગણાવવામાં આવ્યા છે.

સીપ્ઝમાં મેટ્રો રેલનું કામ ચાલી રહ્યુ છે. આ જગ્યા એમએમઆરસીએલના કૉન્ટ્રેક્ટર એલ એન્ડ ટીના કબજામાં હોવાથી આ ઠેકાણે રહેલી ત્રુટિઓને પૂરી કરવાની જવાબદારી એલ એન્ડ ટી તેમ જ એમએમઆરસીએલની હોવાનો નિષ્કર્ષ સમિતિએ કમિશનર સમક્ષ રાખ્યો હોવાનુ ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

તપાસ સમિતિના અહેવાલ મુજબ આ ઘટનાસ્થળ અને તેની આજુબાજુનો પરિસર ૨૦૧૫ની સાલથી મુંબઈ મેટ્રો રેલ કૉર્પોરેશન લિમિટેડના કૉન્ટ્રેક્ટર (જુઓ પાનું ૪) ▸▸

## વિક્રોલીમાં બેસ્ટની બસમાં આગ લાગી
### આને કારણે એલ.બી.એસ. માર્ગ પર ટ્રાફિક જામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિક્રોલી (પશ્ચિમ)માં એલ.બી.એસ. માર્ગ રોડ પર ગાંધી નગર બ્રિજ પાસે બેસ્ટની બસમાં સોમવારે બપોરના અચાનક આગ ફાટી નીકળી હતી. સદ્નસીબે બસ ખાલી હોવાથી કોઈ પ્રવાસી જખમી થયો નહોતો. પરંતુ કન્ડકટર મામૂલી માત્રામાં દાઝી ગયો હતો.



બેસ્ટ ઉપક્રમના જણાવ્યા મુજબ બેસ્ટની ૩૦૩ નંબરની સીએનજી સંચાલિત બાન્દ્રા સ્ટેશન (પૂર્વ)થી મુલુંડ સ્ટેશન (પશ્ચિમ) વચ્ચે દોડતી બસમાં સોમવારે બપોરના અચાનક આગ ફાટી નીકળી હતી. બપોરના લગભગ ૧.૩૫ વાગ્યાની આસપાસ બસ વિક્રોલીમાં એલ.બી.એસ. રોડ પર ગાંધી નગર બ્રિજ પાસે યુ-ટર્ન લઈને બાન્દ્રા તરફ જઈ રહી હતી, ત્યારે બસ સ્ટોપ પર બસ પહોંચે તે પહેલાં જ બસમાં એન્જિનમાંથી કાળો ધુમાડો નીકળતો હોવાનું ડ્રાઈવરને જણાયું હતું. તેથી તેણે તરત બસને એક તરફ કરી હતી અને અચાનક બસમાં આગ ફાટી નીકળી હતી. સદ્નસીબે બસમાં કોઈ પ્રવાસી નહોતો. પરંતુ આગ લાગી તેમાં બસનો કન્ડરકર મામૂલી માત્રામાં દાઝી ગયો હતો. ડ્રાઈવરને કોઈ ઈજા પહોંચી નહોતી. (જુઓ પાનું ૪) ▸▸

## મીરા-ભાયંદરમાં બાળકોનું જાતીય શોષણ કરીને ચાઈલ્ડ પોર્નોગ્રાફીનો ગોરખધંધો

ભાયંદરઃ બાળકોનું જાતીય શોષણ કરીને મીરા-ભાયંદર પાલિકાની હદમાં ચાઇલ્ડ પોર્નોગ્રાફીનો ગોરખધંધો જોરમાં ચાલી રહ્યો હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી છે. શહેરના સાત સ્થળેથી ચાઇલ્ડ પોર્નોગ્રાફીના વીડિયો વિવિધ ડાર્ક સાઇટ પર અપલોડ કરવામાં આવ્યા હોવા સંદર્ભેનો પત્ર મહારાષ્ટ્ર રાજ્ય સાયબર સેલે મીરા-ભાયંદર પોલીસને આપ્યા બાદ આરોપીને પકડવા માટે પોલીસ દ્વારા રેઇડ પાડવામાં આવી હતી. તમામ વીડિયો સ્ટુડિયોમાં તૈયાર કરાયા હોવાની શંકા વ્યક્ત કરાઇ હોવાથી પોલીસે શહેરમાંના શંકાસ્પદ સ્ટુડિયોની તલાશી લેવાનું શરૂ કર્યું છે. આ પ્રકરણે ક્રાઇમ બ્રાન્ચે તમામ પોલીસ સ્ટેશનોને સતર્ક રહેવાના આદેશ આપ્યા છે. ■

## આદિત્યની યુવાસેનાના વિજય પછી વિવાદઃ સેનેટ ચૂંટણીને કોર્ટમાં પડકાર

મુંબઈઃ મુંબઈ યુનિવર્સિટીની સેનેટ ચૂંટણી પાર પડી અને તેમાં આદિત્ય ઠાકરેની યુવા સેનાએ ભાજપથી જોડાયેલી એબીવીપી(અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ)ને હરાવી તમામ દસ બેઠક પર વિજય મેળવ્યો હતો. જોકે, હવે આ ચૂંટણી સામે પ્રશ્ન ઊભો થયો છે અને તેની આખી પ્રક્રિયા ગેરબંધારણીય હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે તેમ જ આ મુદ્દે બોમ્બે હાઇ કોર્ટમાં અરજી કરવામાં આવી છે.

મહારાષ્ટ્ર સ્ટુડન્ટ એસોસિએશન દ્વારા આ ચૂંટણીની પ્રક્રિયાને પડકારવામાં આવી છે અને સેનેટ ચૂંટણીમાં મતદારોની નોંધણી, અંતિમ મતદારની નોંધણી સહિતની આખી પ્રક્રિયા ગેરબંધારણીય રીતે પાર પાડવામાં આવી હોવાના કારણે જ તેમના(આદિત્ય ઠાકરેની યુવાસેનાના) ઉમેદવારો ચૂંટણી જીત્યા હોવાનો આરોપ કરતી અરજી અદાલતમાં દાખલ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે સેનેટ ચૂંટણીમાં ૧૦ બેઠકો માટે મતદાન યોજવામાં આવ્યું હતું અને તેના પરિણામો જાહેર થયા ત્યારે આદિત્ય ઠાકરેની યુવાસેનાએ બધી જ બેઠકો પર વિજય મેળવ્યો હતો. ૨૦૧૮ની સાલમાં થયેલી ચૂંટણીમાં પણ યુવાસેનાએ ૧૦ બેઠકો જીતી હતી. આ ચૂંટણીમાં પણ (જુઓ પાનું ૪) ▸▸

## પશ્ચિમ રેલવેના પ્રવાસીઓ બેહાલ
### ગતિ પર નિયંત્રણ અને બ્લોકને લીધે હજી અઠવાડિયું સહન કરવું પડશે!

મુંબઈઃ છેલ્લા એક મહિનાથી પશ્ચિમ રેલવેમાં પાંચમી અને છઠ્ઠી લાઈન નાખવાને કારણે લોકલ ટ્રેનોનું શેડ્યૂલ ખોરવાયું છે. હજુ પણ કામકાજ અંતિમ પણ મહત્ત્વના તબક્કામાં છે, તેથી અઠવાડિયાના અંત સુધી પ્રવાસીઓને ટ્રેનમાં ટ્રાવેલ કરવામાં હાલાકી પડી શકે છે.

આજે પણ લોકલ ટ્રેનોના સવારથી ધાંધિયા રહ્યા હતા. અમુક ટ્રેનોને રદ કરવાની સાથે શોર્ટ ટર્મિનેશન કરવાને કારણે સેંકડો પ્રવાસીઓને ટ્રેન વિના ટ્રાવેલ કરવામાં હાલાકી પડી હતી. વહેલી સવારના પીક અવરથી લઈને દિવસભર ટ્રેનો મોડી પડવાથી ટ્રેનોમાં ગીચતા વધી હતી, પરિણામે સિનિયર સિટીઝનથી લઈને વિદ્યાર્થીઓને હાલાકી પડી હતી. આ અંગે રેલવેએ કહ્યું હતું કે આજે લોકલ ટ્રેનો સ્પીડ રિસ્ટ્રિક્શનને કારણે પ્રવાસીઓને ધાંધિયાનો સામનો કરવો પડ્યો હતો. આવતીકાલે રાતથી લઈને બુધવારે સવાર સુધી લોકલ ટ્રેનોની સેવાને અસર થશે, જેમાં અનેક ટ્રેનોને રદ કરવામાં આવી છે, જે શુક્રવાર સુધી ચાલી શકે છે.

જોકે, ભીડને ઓછી કરવાના પ્રયાસરૂપે પશ્ચિમ રેલવેએ આજે સોશિયલ મીડિયા દ્વારા હાર્બર લાઇન પર વિશેષ ટ્રેન સેવાઓની જાહેરાત કરી હતી. અમે પ્લેટફોર્મ ૧ પરથી હાર્બર લાઇન પર ગોરેગાંવથી સીએસએમટી સુધી સવારે ૯.૨૫ વાગ્યે એક લોકલ ચલાવી હતી અને હાર્બર લાઇન પ્લેટફોર્મ ૨ પર ગોરેગાંવથી ચર્ચગેટ સુધી સવારે ૯.૨૦ વાગ્યે બીજી લોકલ ચલાવી હતી.

આવતીકાલે રાતના રામ મંદિર અને કાંદિવલી રેલવે સ્ટેશનો વચ્ચે પાંચમી અને (જુઓ પાનું ૪) ▸▸

## ધારાવીમાં મસ્જિદનું અનધિકૃત બાંધકામ ટ્રસ્ટીઓ જ તોડાવી રહ્યા છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ધારાવીમાં મસ્જિદમાં ગેરકાયદે રીતે ઊભા કરવામાં આવેલા બાંધકામને તોડી પાડવાનું કામ સોમવારે મુંબઈ મહાનગરપાલિકાના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ મસ્જિદના ટ્રસ્ટીઓ દ્વારા ચાલુ કરવામાં આવ્યું હતું. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે આ તોડવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે.



ધારાવીમાં આવેલી મસ્જિદમાં ગેરકાયદે રીતે ઉપરના માળા ચણી દેવામાં આવ્યા હતા. આ ગેરકાયદે બાંધકામને તોડી પાડવા માટે સુધરાઈએ તેમને નોટિસ ફટકારી હતી. ૨૧ સપ્ટેમ્બરના સ્થાનિક રહેવાસીઓના વિરોધને પગલે વાતાવરણમાં તંગદીલી ફેલાઈ ગઈ હતી. છેવટે મસ્જિદના ટ્રસ્ટીઓએ સુધરાઈના અધિકારીઓ સાથે બેઠક કરીને થોડી મુદત માગીને જાતે જ ગેરકાયદે બાંધકામ તોડી પાડવાનું આશ્વાસન આપતા સુધરાઈએ તેની ડિમોલિશનનું કામ અટકાવી દીધું હતું. પાલિકાના એડિશનલ કમિશનર અશ્વિની જોશીના જણાવ્યા મુજબ સુધરાઈના માર્ગદર્શનમાં ગેરકાયદે બાંધકામને તોડી પાડવાનું કામ તેના ટ્રસ્ટીઓ દ્વારા જ કરવામાં આવી રહ્યું છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે સોમવાર સવારથી તોડવાનું કામ ચાલી કરવામાં આવ્યું હતું, જેમાં ૩૦ ફૂટથી ઊંચા ગુંબજને તોડવામાં આવી રહ્યો છે. ■

## મહાયુતિની બેઠકોની વહેંચણીનો હવે ફેંસલોઃ અમિત શાહ આજે આવે છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નવેમ્બરમાં યોજાનારી રાજ્ય વિધાનસભાની ચૂંટણી પહેલા બેઠકોની વહેંચણીને લઈને મહાયુતિ ગઠબંધનના ભાગીદારો વચ્ચે વધતા દબાણ વચ્ચે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ મંગળવારે ચૂંટણી પૂર્વેની બેઠક માટે મહારાષ્ટ્રની મુલાકાતે આવી રહ્યા છે.

રાજ્ય ભાજપના વડા ચંદ્રશેખર બાવનકુળેએ એવી માહિતી આપી હતી કે, 'અમિત શાહ મુંબઈ, થાણે અને કોંકણ પ્રદેશમાં ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરવા માટે બેઠક કરશે.

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ ગયા અઠવાડિયે મહારાષ્ટ્રમાં આવ્યા ત્યારે વિદર્ભ, મરાઠવાડા અને

(જુઓ પાનું ૪) ▸▸

### એમવીએની સીટ-ફોર્મ્યુલા ત્રણથી ચાર દિવસમાં ફાઈનલ થઈ જશે

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી માટે મહાવિકાસ આઘાડીની બેઠકોની વહેંચણી આગામી ત્રણ-ચાર દિવસમાં ફાઈનલ થઈ જશે એવું એનસીપીના કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુળેએ સોમવારે જણાવ્યું હતું. આ પહેલાં શરદ પવારે રવિવારે એવું નિવેદન કર્યું હતું કે ૧૦ દિવસમાં બેઠકોની વહેંચણી ફાઈનલ સ્વરૂપ લઈ લેશે.

અત્યારે મળતી માહિતી અનુસાર મહાવિકાસ આઘાડીની બેઠકોની વહેંચણીમાં મુંબઈ અને પુણેમાં કેટલીક બેઠકો પર વિવાદ થઈ રહ્યો છે.

(જુઓ પાનું ૪) ▸▸

## કામનું જબરજસ્ત પ્રેશરઃ બેન્ક મેનેજરની અટલ સેતુ પરથી દરિયામાં છલાંગ

મુંબઈઃ મુંબઈ અને નવી મુંબઈને જોડતા અટલ સેતુ પર કાર થોભાવ્યા બાદ રાષ્ટ્રીયકૃત બેન્કના ૪૦ વર્ષના મેનેજર સુશાંત ચક્રવર્તીએ દરિયામાં ઝંપલાવ્યું હોવાની ઘટના સોમવારે સવારના બની હતી. શિવડી પોલીસે અન્ય સર્ચ ટીમો સાથે સુશાંતની દરિયામાં શોધ ચલાવી હતી, પણ મોડી રાતે સુધી તેનો કોઇ પત્તો લાગ્યો નહોતો અને અંધારાને કારણે સર્ચ ઓપરેશન બંધ કરી દેવામાં આવ્યું હતું. સુશાંતની પત્નીએ પોલીસ સમક્ષ દાવો કર્યો હતો કે તેના પતિને કામનું ભારે દબાણ હતું, જેને કારણે તે તાણ હેઠળ હતો.

પોલીસના જણાવ્યા અનુસાર ઘટના સવારે ૯.૫૭ વાગ્યે બની હતી. સુશાંત ચક્રવર્તીએ તેની લાલ રંગની મારુતિ બ્રેઝા કાર બ્રિજના દક્ષિણ તરફના ભાગ પર

(જુઓ પાનું ૪) ▸▸

## આશુ પટેલ અને સુભાષ ઠાકરનાં પુસ્તકોનું લોકાર્પણ




મુંબઇઃ નવભારત સાહિત્ય મંદિર - મુંબઈ દ્વારા પ્રકાશિત પત્રકાર-લેખક-ફિલ્મમેકર આશુ પટેલનાં ૮ પુસ્તકો અને હાસ્યકાર-લેખક સુભાષ ઠાકરનાં ૩ પુસ્તકો એમ કુલ ૧૧ પુસ્તકોનું લોકાર્પણ મુંબઈના ભવન્સ કોલેજ કેમ્પસસ્થિત ભવન્સ કલ્ચરલ સેન્ટર દ્વારા હકડેઠઠ ભરાયેલા એસ.પી. જૈન ઓડિટોરિયમમાં ૨૧ સપ્ટેમ્બરની સાંજે યોજાયું હતું.

આશુભાઈની બેસ્ટ સેલર બુક સુખનો પાસવર્ડની ૧૪મી આવૃત્તિ લોન્ચ થઈ. એ વખતે પ્રકાશક નવભારત સાહિત્ય મંદિરના માલિક અશોકભાઈએ આગ્રહ કરીને આશુભાઈને કહ્યું કે તમારે આજે આ પુસ્તક વિશે વાત કરવી જ પડશે. આશુભાઈએ દોઢ વર્ષ ડિપ્રેશનનો સમય, સ્વજનો - ગીતા માણેક, ડોક્ટર મુકુલ ચોકસી, મનોજ મિસ્ત્રી, બી. કે. પંડ્યા, સંજય ત્રિવેદી જેવા મિત્રોના સાથ - સંગાથથી ફરી લેખનની દુનિયામાં પ્રવેશ અને 'મુંબઈ સમાચાર'ના તંત્રી નીલેશ દવેના આમંત્રણથી કઈ રીતે સુખનો પાસવર્ડ કોલમ શરૂ થઈ એની વાત વર્ણવી હતી. નવભારત સાહિત્ય મંદિરના માલિક અશોક શાહે ભવન્સના લલિતભાઈ શાહ, પ્રવીણ સોલંકી સહિત તમામ મહાનુભાવો અને વાચકોનો આભાર માન્યો હતો. ■

## અકસ્માતમાં મૃત્યુ પામેલા બાઈકરના પરિવારને સાડા ચાર કરોડનું વળતર

થાણેઃ મોટર એક્સિડન્ટ ક્લેમ ટ્રિબ્યુનલે શનિવારે યોજાયેલી લોક અદાલતમાં નવી મુંબઈના પનવેલ-મુંબ્રા રોડ પર બે વર્ષ પહેલાં ટ્રક સાથે અથડામણમાં મૃત્યુ પામેલા બાઇક સવારના પરિવારને ૪.૫ કરોડ રૂપિયાનું વળતર આપવાનો આદેશ આપ્યો હતો. નવા પનવેલમાં ખાંદા કોલોની રહેતો ૩૭ વર્ષીય પંકજ એક વિદેશી કંપની, ઈન્ગ્રામ માઈક્રો ઈન્ડિયા એસએસસી પ્રાઈવેટ લિમિટેડ, કાંજુરમાર્ગમાં કામ કરતો હતો. ૯ ડિસેમ્બર, ૨૦૨૨ ના રોજ, તે કામ માટે પનવેલ-મુંબ્રા રોડ પર બાઇક પર જઈ રહ્યો હતો ત્યારે એક ટ્રકે તેની બાઇકને ટક્કર મારી હતી, જેમાં તેનું મોત થયું હતું. આ મામલે નવી મુંબઈના કળંબોલી પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો. ■

# બાંગ્લાદેશ સામેની બીજી ટેસ્ટના ચોથા દિવસની રમતની હાઈલાઈટ્સ







## કાનપુર ટેસ્ટના ચોથા દિવસે ટી-૨૦ અંદાજમાં રમ્યા ભારતીય ખેલાડીઓ, બાંગ્લાદેશ પર મેળવી બાવન રનની લીડ

કાનપુરઃ કાનપુરના ગ્રીન પાર્કમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે રમાઈ રહેલી બીજી ટેસ્ટ મેચનો ચોથો દિવસ ટીમ ઇન્ડિયાના નામે રહ્યો હતો. ભારતીય ખેલાડીઓએ ટી-૨૦ અંદાજમાં બોલિંગ કરી હતી. ટેસ્ટ મેચમાં છેલ્લા બે દિવસમાં વરસાદના કારણે એક પણ બોલ ફેંકી શકાયો નહોતો. બાંગ્લાદેશ પ્રથમ દાવમાં ઓલઆઉટ થઇ ગયું હતું જેના જવાબમાં ભારતે પ્રથમ દાવ નવ વિકેટના નુકસાન પર ૨૮૫ રને ડિક્લેર કર્યો હતો. આ સાથે ભારતે બાંગ્લાદેશ પર ૫૨ રનની લીડ મેળવી હતી. ચોથા દિવસની રમતના અંતે બાંગ્લાદેશની ટીમે બે વિકેટના નુકસાન પર ૨૬ રન કર્યા હતા અને તે હજુ પણ ભારતીય ટીમથી ૨૬ રન પાછળ છે. બાંગ્લાદેશની બન્ને વિકેટો ભારતીય ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિને ઝડપી હતી.

હવે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે બીજી ટેસ્ટમાં એક દિવસની રમત બાકી છે અને ભારતીય ટીમની નજર આ મેચ જીતવા પર રહેલી છે. બીજા અને ત્રીજા દિવસની રમત વરસાદને કારણે ધોવાઈ ગયા બાદ એવું લાગી રહ્યું હતું કે આ મેચ ડ્રો તરફ જઈ રહી છે, પરંતુ હવે આ મેચ રોમાંચક બની ગઈ છે

બાંગ્લાદેશે મોમિનુલ હકની સદીની મદદથી પ્રથમ દાવમાં ૨૩૩ રન કરી લીધા હતા અને બાદમાં ભારતે ટી-૨૦ સ્ટાઇલમાં પ્રથમ દાવમાં નવ વિકેટે ૨૮૫ રન કરી પ્રથમ દાવ ડિક્લેર કર્યો હતો.

ભારત તરફથી યશસ્વી જયસ્વાલે ૫૧ બોલમાં ૭૨ રન ફટકાર્યા હતા. ભારતે ત્રીજી ઓવરમાં જ પચાસ રન પૂરા કર્યા હતા. સ્પિનર મેહદી હસન મિરાજે રોહિત શર્માને આઉટ કર્યો હતો. જયસ્વાલે પોતાની ઇનિંગમાં ૧૨ ફોર અને ૨ સિક્સર ફટકારી હતી. તેણે શુભમન ગિલ સાથે બીજી વિકેટ માટે ૭૨ રનની ભાગીદારી કરી હતી. ગિલ ૩૯ રન કરીને શાકિબનો શિકાર બન્યો હતો. ત્યાર બાદ શાકિબે કોહલીને પેવેલિયનમાં મોકલ્યો હતો, જે ત્રણ રનથી અડધી સદી ચૂકી ગયો હતો. કોહલીએ ૩૫ બોલમાં ચાર ચોગ્ગા અને એક છગ્ગા સાથે ૪૭ રન ફટકાર્યા હતા. દરમિયાન કોહલી આંતરરાષ્ટ્રીય ક્રિકેટના તમામ ફોર્મેટમાં ૨૭,૦૦૦ રનનો આંકડો પાર કરનાર ચોથો બેટ્સમેન બન્યો હતો. ભારત માટે કેએલ રાહુલે ૪૩ બોલમાં ૬૮ રન ફટકાર્યા હતા.

આ પહેલા ભારત તરફથી ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહે ત્રણ જ્યારે મોહમ્મદ સિરાજ, આકાશ દીપ અને આર અશ્વિને બે-બે વિકેટ ઝડપી હતી. રવિન્દ્ર જાડેજા ૩૦૦ વિકેટ લેનાર સાતમો ભારતીય બોલર બન્યો હતો. પ્રથમ દિવસના ત્રણ વિકેટે ૧૦૭ રનના સ્કોરથી આગળ રમતા બાંગ્લાદેશે છઠ્ઠી ઓવરમાં જસપ્રીત બુમરાહના બોલ પર મુશફિકુર રહીમ (૧૧)ની વિકેટ ગુમાવી દીધી હતી. લિટન દાસે (૧૩) બુમરાહને ચોગ્ગો ફટકારીને આત્મવિશ્વાસ સાથે શરૂઆત કરી હતી. ■

## વિરાટ કોહલી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૨૭,૦૦૦ રન પૂરા કરનાર ચોથો બેટ્સમેન બન્યો




કાનપુરઃ ભારતનો દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલી સોમવારે અહીં બાંગ્લાદેશ સામેની બીજી ટેસ્ટ મેચના ચોથા દિવસે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૨૭,૦૦૦ રન પૂરા કરનાર વિશ્વનો ચોથો બેટ્સમેન બન્યો હતો. આ ટેસ્ટ મેચના પ્રથમ ત્રણ દિવસમાં રમતના લગભગ આઠ સત્ર વરસાદથી પ્રભાવિત થયા હતા. ભારતીય ટીમે મેચના ચોથા દિવસે તેની પ્રથમ ઇનિંગમાં આક્રમક બેટિંગ કરી હતી, જેમાં કોહલીએ ૩૫ બોલમાં ૪૭ રનનું યોગદાન આપ્યું હતું.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટના તમામ ફોર્મેટમાં ૨૭,૦૦૦ રનનો આંકડો પાર કરનાર મહાન સચિન તેંડુલકર પછી તે બીજો ભારતીય બેટ્સમેન છે. તેંડુલકરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રન ફટકાર્યા છે. સચિને ૩૪,૩૫૭ રન ફટકાર્યા છે. આ યાદીમાં શ્રીલંકાના કુમાર સંગાકારા (૨૮,૦૧૬) બીજા સ્થાને અને ઓસ્ટ્રેલિયાના રિકી પોન્ટિંગ (૨૭,૪૮૩) ત્રીજા સ્થાને છે.

કોહલીના ટેસ્ટમાં ૮,૮૭૦થી વધુ રન છે, જ્યારે તેણે ૨૯૫ વન-ડેમાં ૧૩,૯૦૬ રન અને ૧૨૫ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં ૪,૧૮૮ રન કર્યા છે. તેણે આ વર્ષે અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં રમાયેલા ટી-૨૦ વર્લ્ડ કપ બાદ ટી-૨૦માંથી નિવૃત્તિ જાહેર કરી દીધી હતી. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના સેક્રેટરી જય શાહે 'એક્સ' પર લખ્યું હતું કે , 'વિરાટ કોહલીની શાનદાર કારકિર્દીનો બીજો મોટો સીમાચિહ્ન. તેણે ૨૭,૦૦૦ આંતરરાષ્ટ્રીય રન પૂરા કર્યા છે. તમારું ઝનૂન, સાતત્ય અને શ્રેષ્ઠ બનવાની ભૂખ ક્રિકેટ જગત માટે પ્રેરણાદાયક છે. અભિનંદન કોહલી, તમારી યાત્રા લાખો લોકોને પ્રેરણા આપતી રહેશે.'

તેંડુલકરે ભારત માટે તેની ૨૪ વર્ષની કારકિર્દીમાં ૨૦૦ ટેસ્ટમાં ૧૫,૯૨૧ રન અને ૪૬૩ વનડેમાં ૧૮,૪૨૬ રન કર્યા છે. તેણે એકમાત્ર ટી-૨૦ ઈન્ટરનેશનલમાં ૧૦ રન ફટકાર્યા હતા. ■

## બાંગ્લાદેશ સામે રવિન્દ્ર જાડેજાએ રચ્યો ઈતિહાસ, 300 વિકેટ ઝડપનાર સાતમો ભારતીય બોલર બન્યો




કાનપુરઃ બાંગ્લાદેશ સામેની કાનપુર ટેસ્ટ મેચના ચોથા દિવસે ભારતીય ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ મોટી સિદ્ધિ હાંસલ કરી હતી. રવિન્દ્ર જાડેજાએ ટેસ્ટમાં ૩૦૦ વિકેટ પૂરી કરી હતી. તે ટેસ્ટમાં ૩૦૦ વિકેટ ઝડપનાર સાતમો ભારતીય બોલર બન્યો હતો. ૩૫ વર્ષીય જાડેજા ટેસ્ટ ક્રિકેટમાં ૩૦૦ વિકેટ અને ૩૦૦૦ રન ફટકારનાર ઈયાન બોથમ પછીનો બીજો ઓલરાઉન્ડર પણ બન્યો હતો. ચોથા દિવસે રમત પૂર્ણ થયા બાદ રવિન્દ્ર જાડેજાએ કહ્યું હતું કે જ્યારે તમે ભારત માટે કંઈક હાંસલ કરો છો ત્યારે તે ખાસ હોય છે. હું ૧૦ વર્ષથી ટેસ્ટ રમી રહ્યો છું અને અંતે હું આ સિદ્ધિ સુધી પહોંચ્યો છું. મેં સારું પ્રદર્શન કર્યું છે અને મને મારા પર ગર્વ છે અને હું ખુશ છું અને સારું અનુભવું રહ્યો છું. જાડેજાએ કહ્યું હતું કે તમામ કોઇ મને વ્હાઇટ બોલ ફોર્મેટનો બોલર સમજતા હતા. એક યુવા તરીકે મે વ્હાઇટ બોલ ક્રિકેટથી શરૂઆત કરી હતી અને તમામ લોકો કહેતા હતા કે હું વ્હાઇટ બોલનો ક્રિકેટર છું. પરંતુ મે રેડ બોલ સાથે ખૂબ મહેનત કરી અને આખરે મારી મહેનત રંગ લાવી હતી. વધુમાં ટીમ ઈન્ડિયાના બોલિંગ કોચ મોર્ને મોર્કલે પણ જાડેજાના વખાણ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે તે એક સંપૂર્ણ પેકેજ છે, તેના હાથમાં જાદુ છે. ૩૦૦ વિકેટ ક્લબમાં સામેલ થવું ખાસ છે. આ અગાઉ કપિલ દેવ, અનિલ કુંબલે, હરભજન સિંહ, ઝહીર ખાન, રવિચંદ્રન અશ્વિન અને ઈશાંત શર્મા આ સિદ્ધિ હાંસલ કરી ચૂક્યા છે. જાડેજાએ ટેસ્ટમાં ૩૦૦ વિકેટ પૂરી કરવા માટે ૧૭૪૨૮ બોલ લીધા હતા, જે બોલની દ્રષ્ટિએ ભારતીય બોલરોમાં બીજા નંબરની સૌથી ઝડપી વિકેટ છે. તેના કરતાં માત્ર રવિચંદ્રન અશ્વિન જ આગળ છે. અશ્વિને આ ખાસ માઈલસ્ટોન સુધી પહોંચવા માટે ૧૫૬૩૬ બોલ લીધા હતા. ■

## અફઘાનિસ્તાન બાદ આયરલેન્ડે પણ કચડ્યું સાઉથ આફ્રિકાને, બીજી ટી-૨૦ મેચમાં ૧૦ રનથી હરાવ્યું

અબુ ધાબીઃ આયરલેન્ડ ક્રિકેટ ટીમે બીજી ટી-૨૦ મેચમાં દક્ષિણ આફ્રિકાને ૧૦ રને હરાવ્યું હતું. શેખ ઝાયેદ સ્ટેડિયમમાં રમાયેલી મેચ જીતીને આયરલેન્ડે બે મેચની ટી-૨૦ સિરીઝમાં ૧-૧થી બરાબરી કરી લીધી છે. આયરલેન્ડે ટી-૨૦માં પ્રથમ વખત દક્ષિણ આફ્રિકા પર વિજય મેળવ્યો હતો. નોંધનીય છે કે આ અગાઉ અફઘાનિસ્તાને ત્રણ મેચની વન-ડે સિરીઝમાં સાઉથ આફ્રિકાને ૨-૧થી હાર આપી હતી.

વાસ્તવમાં આયરલેન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાયેલી બીજી ટી-૨૦ મેચમાં દક્ષિણ આફ્રિકાના કેપ્ટન એડન માર્કરામે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ બેટિંગ કરવા ઊતરેલી આયરિશ ટીમની શરૂઆત શાનદાર રહી હતી. બંને ઓપનર રોસ અડાયર અને કેપ્ટન પોલ સ્ટર્લિંગે તોફાની બેટિંગ કરી અને તેમની વચ્ચે ૧૩૭ રનની ભાગીદારી થઇ હતી. પોલે ૫૨ રન ફટકાર્યા હતા.

બાદમાં આયરલેન્ડે સતત વિકેટો ગુમાવી હતી, પરંતુ રોસે ૫૮ બોલમાં પોતાની પ્રથમ ટી-૨૦ સદી ફટકારી હતી. તે આયરલેન્ડ માટે ટી-૨૦માં સદી ફટકારનાર ત્રીજો આયરિશ ખેલાડી બન્યો હતો. આયરલેન્ડની ટીમે ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૧૯૫ રન કર્યા હતા.

૧૯૬ રનનો પીછો કરતી વખતે દક્ષિણ આફ્રિકાના ઓપનરોની શરૂઆત પણ સારી રહી હતી. ઓપનરો વચ્ચે ૫૦ રનની ભાગીદારી થઈ હતી. હેન્ડ્રીક્સ અને મેથ્યુઝે ટીમની ઇનિંગ્સને સંભાળી હતી. મેથ્યુ ક્રિઝ પર એકલો જ રહ્યો હતો. તેને દક્ષિણ આફ્રિકાના અન્ય બેટ્સમેનોનો સાથ મળ્યો નહોતો.

જ્યારે દક્ષિણ આફ્રિકાને છેલ્લી બે ઓવરમાં જીતવા માટે ૨૩ રનની જરૂર હતી ત્યારે રોસના ભાઈ માર્ક અડાયરે ૧૯મી ઓવરમાં પાંચ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી. તેણે મેચમાં કુલ ચાર વિકેટ ઝડપી હતી. આ રીતે દક્ષિણ આફ્રિકાની ટીમ ૧૮૫ રન કરી શકી હતી અને તેને ૧૦ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. ■

## ઈંગ્લેન્ડને પાંચમી વન-ડેમાં હરાવીને ઓસ્ટ્રેલિયાએ ૩-૨થી જીતી સિરીઝ, બેન ડકેટની સદી એળે ગઇ




બ્રિસ્ટોલ (ઈંગ્લેન્ડ): ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાયેલી શ્રેણીની પાંચમી અને નિર્ણાયક મેચમાં ઓસ્ટ્રેલિયાએ ઈંગ્લેન્ડને હરાવીને શ્રેણી ૩-૨થી જીતી લીધી હતી. ઓસ્ટ્રેલિયાને આ જીત ડકવથ લૂઇસના નિયમ હેઠળ મળી હતી. ઈંગ્લેન્ડે ઓસ્ટ્રેલિયાને જીતવા માટે ૩૧૦ રનનો ટાર્ગેટ આપ્યો હતો, જેના જવાબમાં ઓસ્ટ્રેલિયાએ ૨૦.૪ ઓવરમાં ૨ વિકેટ ગુમાવીને ૧૬૫ રન કરી લીધા હતા. ત્યારે ફરી વરસાદ શરૂ થયો હતો. લાંબી રાહ જોયા બાદ પણ જ્યારે વરસાદ બંધ ના થયો ત્યારે ઓસ્ટ્રેલિયાને ડીએલએસના નિયમો મુજબ ૪૯ રનથી વિજેતા જાહેર કરવામાં આવ્યું હતું.

૩૧૦ રનનો પીછો કરતા ઓસ્ટ્રેલિયાને મેટ શોર્ટ અને ટ્રેવિસ હેડે ઝડપી શરૂઆત અપાવી હતી. બંનેએ ૭.૧ ઓવરમાં ૭૮ રનની ભાગીદારી કરી હતી. શોર્ટ ૩૦ બોલમાં ૭ ચોગ્ગા અને ૪ છગ્ગાની મદદથી ૫૮ રન કરીને આઉટ થયો હતો અને હેડ ૨૬ બોલમાં ૩૧ રન કરીને આઉટ થયો હતો, જ્યારે વરસાદ ફરી શરૂ થયો ત્યારે સ્મિથ ૪૮ બોલમાં ૩૬ રન અને જોશ ઇંગ્લિશ ૨૦ બોલમાં ૨૮ રન પર રમી રહ્યા હતા. શોર્ટની તોફાની ઈનિંગ્સ ઓસ્ટ્રેલિયા માટે મદદરૂપ સાબિત થઈ હતી.

આ અગાઉ ઈંગ્લેન્ડ તરફથી ઓપનર બેન ડકેટે સદી ફટકારી હતી. ડકેટે ૯૧ બોલમાં ૧૦૭ રનની ઇનિંગ રમી હતી. ડકેટે પોતાની ઇનિંગમાં ૧૩ ચોગ્ગા અને ૨ છગ્ગા ફટકાર્યા હતા. કેપ્ટન હેરી બ્રુકે પણ ૫૨ બોલમાં ૭૨ રનની ઇનિંગ રમી હતી. બ્રુકે માત્ર ૩૯ બોલમાં પોતાની અડધી સદી ફટકારી હતી. આ બેટ્સમેને પોતાની ઇનિંગમાં ૭ સિક્સ અને ૩ ફોર ફટકારી હતી. બંનેએ ત્રીજી વિકેટ માટે ૧૩૨ રનની ભાગીદારી કરી અને મોટા ટાર્ગેટનો પાયો નાખ્યો, પરંતુ મિડલ ઓર્ડરના બેટ્સમેનોના ફ્લોપને કારણે ટીમ ૩૦૯ રન જ કરી શકી હતી. ફિલ સોલ્ટે ૪૫ રનની અને આદિલ રાશિદે ૩૬ રનની ઇનિંગ રમી હતી. ટ્રેવિસ હેડ પ્લેયર ઑફ ધ મેચ અને સિરીઝ રહ્યો હતો. ■

## ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ટીમના પાકિસ્તાન પ્રવાસ પર નિર્ણય સરકાર કરશેઃ બીસીસીઆઇ

કાનપુરઃ ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ)ના ઉપાધ્યક્ષ રાજીવ શુક્લાએ સોમવારે જણાવ્યું હતું કે આવતા વર્ષે ચેમ્પિયન્સ ટ્રોફી માટે રાષ્ટ્રીય ક્રિકેટ ટીમના પાકિસ્તાન પ્રવાસ અંગે અંતિમ નિર્ણય ભારત સરકારે લેવાનો છે. પાકિસ્તાન ૧૯ ફેબ્રુઆરીથી ૯ માર્ચ સુધી વન-ડે ફોર્મેટમાં રમાનારી આ આઇસીસી (આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ) ટૂર્નામેન્ટની યજમાની કરવા જઈ રહ્યું છે.

શુક્લાએ અહીં બાંગ્લાદેશ સામે ચાલી રહેલી બીજી ટેસ્ટના ચોથા દિવસની રમત દરમિયાન પત્રકારોને જણાવ્યું હતું કે, હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. અમારી નીતિ એવી છે કે અમે હંમેશાં આંતરરાષ્ટ્રીય પ્રવાસ માટે સરકારની મંજૂરી માંગીએ છીએ. આ સરકાર નક્કી કરે છે કે અમારી ટીમે કોઈ દેશનો પ્રવાસ કરવો જોઈએ કે નહીં. તેમણે કહ્યું કે, સરકાર આ મામલે જે પણ નિર્ણય લેશે અમે તેનું પાલન કરીશું

નોંધનીય છે કે ૨૦૦૮માં મુંબઈમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતીય ટીમે પાકિસ્તાન સામે દ્વિપક્ષીય શ્રેણી રમી નથી. બંને ટીમો માત્ર આઇસીસી અને એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી) ટુર્નામેન્ટમાં જ સામ સામે ટકરાય છે. પાકિસ્તાનની ટીમ સાત વર્ષના લાંબા ગાળા બાદ આઇસીસી વન-ડે વર્લ્ડ કપ માટે ગયા વર્ષે ભારતના પ્રવાસે આવી હતી. ■

## ક્રિકેટના મેદાનમાં વાપસી કરશે સચિન તેંડુલકર, પ્રથમ ઇન્ટરનેશનલ માસ્ટર્સ લીગમાં રમશે

મુંબઈઃ ભારતના દિગ્ગજ બેટ્સમેન સચિન તેંડુલકરની ફરી એકવાર મેદાનમાં વાપસી થશે. સચિન તેંડુલકર આ વર્ષે ત્રણ સ્થળોએ યોજાનારી પ્રથમ ઈન્ટરનેશનલ માસ્ટર્સ લીગ (આઈએમએલ)માં ભાગ લેશે. આ ટી-૨૦ સ્પર્ધામાં છ ટીમો ભાગ લેશે.

આઈએમએલમાં ભારત, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા, વેસ્ટ ઈન્ડિઝ, ઈંગ્લેન્ડ અને શ્રીલંકાના ખેલાડીઓ ભાગ લેશે અને તેમની મેચો મુંબઈ, લખનઉ અને રાયપુરમાં રમાશે. દર વર્ષે આયોજિત યોજાનારી આ ટી-૨૦ ટૂર્નામેન્ટમાં તેંડુલકર અને ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન સુનીલ ગાવસ્કરની યોજનાનો એક ભાગ છે. ગાવસ્કર આ લીગના કમિશનર પણ હશે.

તેંડુલકર અને ગાવસ્કર પીએમજી સ્પોર્ટ્સ અને સ્પોર્ટ્સ માર્કેટિંગ કંપની સ્પોર્ટ્સફાઇવ સાથે ભારતમાં લીગનું આયોજન કરવા માટે બીજી કંપની સ્થાપશે. ફ્રેન્ચાઇઝી ટીમોમાંથી એકની માલિકીની માધ્યમથી લીગમાં ભાગ લેવા માટે રસ ધરાવતા પક્ષોને પણ આમંત્રિત કરવામાં આવ્યા હતા.

તેંડુલકરે કહ્યું હતું કે, ટી-૨૦ ક્રિકેટે છેલ્લા એક દાયકામાં ઝડપથી લોકપ્રિયતા મેળવી છે અને નવા ચાહકોને રમત તરફ આકર્ષ્યા છે. હવે તમામ ઉંમરના ચાહકો નવા ફોર્મેટમાં જૂના જંગને જોવાની તીવ્ર ઈચ્છા ધરાવે છે. ■

## ઈરાની કપઃ રણજી ચેમ્પિયન મુંબઇ અને રેસ્ટ ઓફ ઈન્ડિયા વચ્ચે આજથી મુકાબલો

લખનઊ : રણજી ચેમ્પિયન મુંબઈ અને રેસ્ટ ઓફ ઇન્ડિયાની ટીમ મંગળવારથી લખનઊના અટલ બિહારી વાજપેયી એકાના સ્ટેડિયમમાં ઈરાની ટ્રોફીમાં સામ સામે ટકરાશે. આ મેચ પહેલા મુંબઈને જોરદાર ફટકો પડ્યો છે. તેમનો ઓલરાઉન્ડર મુશીર ખાન તાજેતરમાં માર્ગ અકસ્માતમાં ઈજાને કારણે મેચમાંથી બહાર થઈ ગયો છે. મુશીરે આ મહિનાની શરૂઆતમાં દુલીપ ટ્રોફીમાં ઈન્ડિયા બી તરફથી રમતી વખતે ઈન્ડિયા-એ સામે ૧૮૧ રન ફટકાર્યા હતા.

ઈરાની કપ એ ડિફેન્ડિંગ રણજી ચેમ્પિયન અને દેશનાં અન્ય રાજ્યોના ખેલાડીઓની બનેલી ટીમ વચ્ચેની સ્થાનિક ક્રિકેટ કેલેન્ડરની એક મહત્ત્વપૂર્ણ મેચ છે. લખનઊમાં પ્રથમ વખત ઈરાની કપની મેચ રમાશે. એકાના સ્ટેડિયમની પીચ સામાન્ય રીતે બેટ્સમેન અને બોલર બંને માટે ફાયદાકારક માનવામાં આવે છે. આવી સ્થિતિમાં અહીં મેચમાં જોરદાર ટક્કર થવાની સંભાવના છે.

રણજી ચેમ્પિયન મુંબઈએ અત્યાર સુધીમાં ૧૪ વખત ઈરાની કપ પર કબજો કર્યો છે જ્યારે રેસ્ટ ઓફ ઇન્ડિયાએ આ ટ્રોફી ૩૦ વખત જીતી છે. ગયા વર્ષે આ ટ્રોફી માટેની મેચમાં રેસ્ટ ઓફ ઇન્ડિયાએ તત્કાલીન રણજી ચેમ્પિયન સૌરાષ્ટ્રને ૧૭૫ રનથી હરાવ્યું હતું.

મુંબઈની બેટિંગની જવાબદારી કેપ્ટન અજિંક્ય રહાણે, પૃથ્વી શો અને તનુષ કોટિયાન પર રહેશે જ્યારે બોલિંગની જવાબદારી અનુભવી શાર્દુલ ઠાકુર અને શમ્સ મુલાનીના પ્રદર્શન પર રહેશે.

રેસ્ટ ઓફ ઇન્ડિયા માટે બેટિંગની જવાબદારી વાઇસ-કેપ્ટન અભિમન્યુ ઇશ્વરન, ઇશાન કિશન અને કેપ્ટન ઋતુરાજ ગાયકવાડના ખભા પર રહેશે, જેમણે તાજેતરમાં સમાપ્ત થયેલી દુલીપ ટ્રોફી ટુર્નામેન્ટમાં જોરદાર પ્રદર્શન કર્યું હતું. તમામની નજર ઓલરાઉન્ડર માનવ સુથાર અને ઝડપી બોલર પ્રસિદ્ધ કૃષ્ણાના પ્રદર્શન પર રહેશે. ■

## બાબર અને કોહલીની સરખામણી નકામી, કોહલી ઘણો આગળઃ ઝહીર અબ્બાસ

શારજાહઃ પાકિસ્તાનના મહાન બેટ્સમેન ઝહીર અબ્બાસનું માનવું છે કે વિરાટ કોહલી અને બાબર આઝમ વચ્ચેની સરખામણી પાયાવિહોણી છે કારણ કે કોહલી બાબર કરતા ઘણો આગળ છે. એક સમયે કોહલી, કેન વિલિયમ્સન, સ્ટીવ સ્મિથ અને જો રૂટ સાથે 'ફેબ ફાઈવ'નો ભાગ બનેલો બાબર હાલમાં ખરાબ ફોર્મ સાથે ઝઝૂમી રહ્યો છે.

અબ્બાસે અહી ક્રિકેટ પ્રીડિક્ટા કોન્ક્લેવ દરમિયાન પીટીઆઇને કહ્યું હતું કે ''આ નકામી વાતો છે. વિરાટ કોહલી દરેક મેચમાં રન ફટકારે છે અને બાબર એક પણ મેચમાં રન કરી શકતો નથી. તમે કેવી રીતે સરખામણી કરી શકો છો? જે રન ફટકારે છે તે મોટો ખેલાડી છે.

કોહલીએ ૮૦ આંતરરાષ્ટ્રીય સદી ફટકારી છે જ્યારે બાબરના નામે ૩૧ આંતરરાષ્ટ્રીય સદી છે. અબ્બાસે કહ્યું કે ભારતે તમામ ફોર્મેટમાં સતત સારું પ્રદર્શન કર્યું છે અને ચેમ્પિયન્સ ટ્રોફીમાં ટાઇટલ માટે પ્રબળ દાવેદાર રહેશે.

તેણે કહ્યું હતું કે, ભારતીય ટીમ શાનદાર છે. તેમના બેટ્સમેન અને બોલરો સારી રીતે રમી રહ્યા છે અને આ ખૂબ જ સંતુલિત ટીમ છે અને સમજી વિચારીને રમે છે. તેમની પાસે ખૂબ જ સારો કેપ્ટન છે જે ક્રિકેટને સારી રીતે સમજે છે. જો બધું અનુકૂળ હોય તો કામ સરળ બની શકે છે અને ભારત સાથે પણ આવું જ છે.

અબ્બાસે કહ્યું હતું કે, ''તેઓ ચેમ્પિયન્સ ટ્રોફીમાં પણ મજબૂત દાવેદાર હશે કારણ કે તેઓ આટલી શાનદાર ટીમ છે.'' એશિયાના 'બ્રેડમેન' તરીકે ઓળખાતા અબ્બાસે કહ્યું કે ટેસ્ટ ક્રિકેટ એ ખેલાડીના કૌશલ્યની વાસ્તવિક પરીક્ષા છે. ■

# જાપાનીઝ માર્કેટ નબળું પડતાં ભારતીય શૅરબજારને જબરદસ્ત પછડાટ, સેન્સેક્સ સત્રમાં ૧૩૧૫ પોઈન્ટનો જોરદાર કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ સ્થાનિક બજારના ઊંચા વેલ્યુએશન અને મધ્યપૂર્વની ભૂરાજકીય તંગદીલી વચ્ચે પ્રાદેશિક બજારોના મિશ્ર સંકેતો વચ્ચે સોમવારે ભારતીય શેરબજારમાં જોરદાર કડાકા જોવા મળ્યા હતા. મધ્ય પૂર્વમાં વધતા ભૌગોલિક રાજકીય જોખમો અને જાપાનીઝ બજારોમાં નબળાઈ વચ્ચે ફ્રન્ટલાઈન શેરો રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, આઇસીઆઇસીઆઇ બેન્ક અને એચડીએફસી બેન્કમાં ભારે વેચવાલીને કારણે સોમવારે ઈક્વિટી બેન્ચમાર્ક લગભગ ૧.૫ ટકા તૂટ્યા હતા.

આ ઉપરાંત, રેકોર્ડબ્રેક રેલી અને વિદેશી ફંડ આઉટફ્લો પછી પ્રોફિટ બુકિંગનુ દબાણ પણ વધી રહ્યું હોવાનું વિશ્લેષકોએ જણાવ્યું હતું.સેન્સેક્સ ૧,૨૭૨.૦૭ પોઈન્ટ અથવા ૧.૪૯ ટકાના જોરદાર કડાકા સાથે ૮૪,૨૯૯.૭૮ પોઇન્ટ પર સેટલ થયો હતો.

દિવસ દરમિયાન, તે ૧,૩૧૪.૭૧ પોઈન્ટ અથવા ૧.૫૩ ટકા ઘટીને ૮૪,૨૫૭.૧૪ પોઇન્ટની નીચી સપાટીને અથડાયો હતો. એ જ સાથે, એનએસઇનો નિફ્ટી ૩૬૮.૧૦ પોઇન્ટ અથવા તો ૧.૪૧ ટકાના કડાકા સાથે ૨૫,૮૧૦.૮૫ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો.

સેન્સેક્સની ૩૦ કંપનીઓમાંથી રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને એક્સિસ બેન્કમાં ત્રણ ટકાથી વધુનો કડાકો નોંધાયો છે. આઈસીઆઈસીઆઈ બેંક, નેસ્લે, ટેક મહિન્દ્રા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, મારુતિ, બજાજ ફિનસર્વ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને ટાટા મોટર્સ અન્ય સૌથી વધુ ઘટનારા શેરો હતા. તેનાથી વિપરીત, જેએસડબ્લ્યુ સ્ટીલ, એનટીપીસી, ટાટા સ્ટીલ, ટાઇટન અને એશિયન પેઇન્ટ્સ ટોપ ગોઇનર્સમાં સામેલ હતા.

પ્રરંભિક સત્રથી જ ભારતીય બેન્ચમાર્ક ઇક્વિટી શેરઆંક, સેન્સેક્સ અને નિફ્ટીમાં ઝડપી અને તીવ્ર કડાકા જોવા મળ્યા હતા. ખાસ કરીને ઇન્ડેક્સ હેવીવેઇટ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ઇન્ફોસિસ, ટીસીએસ અને આઈસીઆઈસીઆઈ બેન્કમાં સારું ધોવાણ જોવા મળ્યું હતું.

સત્રની શરૂઆતે સેન્સેક્સ ૪૦૦ પોઈન્ટ નીચામાં ખુલ્યો અને નિફ્ટી ૨૬,૧૦૦ની નીચે ખુલ્યો હતો. જ્યારે બપોરના સત્રમાં જ સેન્સેકસ ૧૨૩૩ પોઇન્ટના તોતિંગ કડાકા સાથે ૮૪,૪૦૦ની નીચે ઘૂસી ગયો છે. નિફ્ટી પણ ૩૬૦ પોઇન્ટના કડાકા સાથે ૨૫,૮૦૦ નજીક પહોંચ્યો હતો.

જ્યારે ટ્રેન્ડથી વિપરીત નિફ્ટી મેટલ ઈન્ડેક્સ બપોરના સત્રમાં ૧૨૦ પોઇન્ટના જોરદાર ઉછાળા સાથે ૧૦,૨૦૦ની સપાટીએ પહોંચ્યો હતો. ચીનની માગ નીકળવાની આશા વચ્ચે આ સુધારો જોવા મળ્યો છે. બજારના કડાકાનું કારણ પણ ચાઇના છે. સેક્ટોરલ મોરચે, નિફ્ટી મેટલ ૧.૧૬ ટકા સુધી ઊછળ્યો હતો. પોતાની ધીમી અર્થવ્યવસ્થાને વેગ આપવા માટે ચીન દ્વારા અનેક પગલાંની થયેલી જાહેરાતને પગલે મેટલ શેરોમાં લવલાવ જોવા મળી હતી. આ




સેકટરમાં એનએમડીસી, હિન્દાલ્કો અને સેઇલ ઇન્ડેક્સમાં ટોપ ગેનર બન્યા હતા.

દરમિયાન, આર્બિટ્રેશન કેસમાં જીત મળવાથી રિલાયન્સ ઇન્ફ્રામાં બે ટકા ઉછાળો જોવા મળ્યો હતો. જ્યારે સરકાર દ્વારા નિકાસ જકાત મુક્તિ જાહેર થઈ હોવાથી ચોખાના સ્ટોકમાં પાંચ ટકા સુધીનો વધારો જોવા મળ્યો હતો. માર્કેટ એનલિસ્ટ જણાવે છે કે, બજાર નજીકના ગાળામાં કોન્સોલિડેશન મોડમાં જાય તેવી શક્યતા છે. વિદેશી પોર્ટફોલિયોને પ્રભાવિત કરનાર એક નોંધપાત્ર પરિબળ ચીનના શેરોનું આઉટપરફોર્મન્સ છે, જે સપ્ટેમ્બરમાં હેંગસેંગ ઇન્ડેક્સમાં લગભગ ૧૮ ટકા જેટલા મોટા ઉછાળામાં પ્રતિબિંબિત થાય છે. ચીની સત્તાવાળાઓ દ્વારા જાહેર કરેલા નાણાકીય અને રાજકોષીય સ્ટિમ્યુલસથી ચીનના અર્થતંત્રમાં પુનરુત્થાનની આશાને કારણે આ ઉછાળો આવ્યો છે.

એશિયન બજારોમાં નબળાઈએ શેરબજારની ચાલને ઘણી હદ સુધી અસર કરી હતી. જાપાનનો નિક્કી-૨૨૫ ઇન્ડેક્સ પાંચ ટકાથી વધુ તૂટ્યો હતો. લિબરલ ડેમોક્રેટિક પાર્ટીની ચૂંટણીમાં શિગેરુ ઈશિબાની જીત બાદ આ ઘટાડો આવ્યો છે, જેને જાપાનના આગામી વડાપ્રધાન બનાવવામાં આવી શકે છે. કોરિયન બજારો પણ નુકસાન સાથે ટ્રેડ થઇ રહ્યા હતા.

દરમિયાન, અમેરિકાના નાસ્ડેક ઇન્ડેક્સમાં પણ થોડો ઘટાડો થયો હતો અને એસએન્ડપી ૫૦૦ પણ રેડ ઝોનમાં બંધ થયો હતો. જોકે, ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રીયલ એવરેજ રેકોર્ડ ઊંચાઈએ બંધ રહ્યો હતો. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) દ્વારા વેચવાલીથી શેરબજારો દબાણ હેઠળ છે. અગાઉ ૨૭ સપ્ટેમ્બરે શુક્રવારે વિદેશી રોકાણકારોએ રૂ. ૧,૨૦૯.૧૦ કરોડનું વેચાણ કર્યું હતું.

બજારના વિશ્લેષકો પાછલા છ મહિનાથી વધુ પડતા ઊંચા વેલ્યુએશન અંગે ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. આ કારણે નવા રોકાણકારો બજારમાં નાણાં રોકતા પહેલા સાવધાન થઈ રહ્યા છે. તેમજ ઘણા સેગમેન્ટમાં પ્રોફિટ બુકિંગ જોવા મળી રહ્યું છે. એક ફંડ મેનેજરે જણાવ્યું હતું કે, વેલ્યુએશન ઘણું ઊંચુ છે, પરંતુ હજુ પણ ભારત જેવી ગ્રોથની સંભાવના ધરાવતા બજારો બહુ ઓછા છે. આપણી રાજકોષીય ખાધ અને ફુગાવો અંકુશમાં છે. રૂપિયો પણ સ્થિર છે. એફઆઈઆઈ પાસેથી ટૂંક સમયમાં ઘણા પૈસા આવવાનું શરૂ થઈ શકે છે, જેના કારણે બજારનું રિરેટિંગ થઈ શકે છે.

સૌથી મોટી ચિંતાની બાબતમાં મધ્ય પૂર્વમાં તણાવ વધી રહ્યો છે. હિઝબુલ્લાના ચીફ હસન નસરાલ્લાહની હત્યાના કારણે મધ્ય પૂર્વમાં તણાવ ચરમસીમા પર છે. ઈઝરાયેલના હુમલામાં ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડના એક વરિષ્ઠ કમાન્ડરનું પણ મોત થયું હતું. આવી સ્થિતિમાં ઈરાન આ મામલે કેવી પ્રતિક્રિયા આપે છે, તેના પર સૌની નજર છે. આ દરમિયાન રશિયાના વડાપ્રધાન ઈરાન જવાના અહેવાલો છે. જો અમેરિકા અને રશિયા જેવી મોટી શક્તિઓ મિડલ ઈસ્ટની લડાઈમાં ઝંપલાવશે તો તે ગ્લોબલ સ્તરે ભારે હલચલ મચાવી શકે છે.

# ચાંદીએ ૧૧૧૩ના કડાકા સાથે ૯૦,૫૦૦ની સપાટી ગુમાવી, સોનું ઝાંખું પડ્યું

મુંબઇઃ બુલિયન બજારમાં સોમવારે મંદીનો વાયરો ફૂંકાયો હતો, જેમાં ચાંદી રૂ. ૨૦૪૮ના તોતિંગ કડાકા સાથે ૮૯,૫૦૦ની સપાટી નીચે ધુસી ગઇ હતી. સોનામાં પણ નોંધપાત્ર પીછેહઠ જોવા મળી હતી.

શુદ્ધ સોનાએ રૂ. ૭૫,૨૦૦ની અને સ્ટાન્ડર્ડ સોનાએ રૂ. ૭૫,૦૦૦ની સપાટી ગુમાવી છે. સોનાચાંદી માટે આગેકૂચના ઘણા કારણો એકત્ર થયાં હોવા છતાં વધુ પડતા ઊંચા ભાવે લેવાલીનો પર્યાપ્ત ટેકો ના મળવાને કારણે સોમવારે પ્રારંભિક સત્રમાં બંને કિંમતી ધાતુના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. ૯૯૯ ટચનું શુદ્ધ સોનું ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૫૬૪૦ના પાછલા બંધ સામે રૂ. ૭૫૫૮૪ની નીચી સપાટીએ ખૂલ્યું હતું. એ જ રીતે. ૯૯૫ ટચનું સ્ટાન્ડર્ડ સોનું રૂ. ૭૫૩૩૭ના પાછલા બંધ સામે રૂ. ૭૫,૨૮૧ની સપાટીએ અને .૯૯૯ ટચની હાજર ચાંદી રૂ. ૯૧,૪૪૮ની પાછલી બંધ સપાટી સામે રૂ. ૯૦,૫૦૦ની સપાટી પણ ગુમાવીને રૂ. ૯૦,૩૫૫ની સપાટીએ ખૂલી હતી. આમ સોનામાં ખૂલતા સત્રમાં દસ ગ્રામે રૂ. ૫૬નો ઘટાડો અને ચાંદીમાં કિલોદીઠ રૂ. ૧૧૧૩નો કડાકો નોંધાયો હતો. દેશાવરોમાં




ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર સોમવારે રાષ્ટ્રીય રાજધાનીમાં સોનાનો ભાવ ૭૮,૩૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર સ્થિર રહ્યો હતો. સતત નવ દિવસની આગેકૂચ બાદ શુક્રવારે સોનું ૭૮,૩૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચ્યું હતું.

જોકે, ચાંદી રૂ. ૨,૦૦૦ ઘટીને રૂ. ૯૨,૫૦૦ પ્રતિ કિલોગ્રામ પર સ્થિર થઇ હતી, જેના કારણે સોમવારે સ્થાનિક બજારોમાં ત્રણ દિવસની આગેકૂચને બ્રેક લાગી હતી. નવી દિલ્હી ખાતે પાછલા શુક્રવારે ચાંદી રૂ. ૯૪,૫૦૦ પ્રતિ કિલોના સ્તરે બંધ રહી હતી. જિયો પોલિટિકલ ઇશ્યુ ઉપરાંત સેન્ટ્રલ બેન્કો દ્વારા વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવી રહ્યો છે. યુરોપીયન સેન્ટ્રલ બેન્ક, ફેડરલ રિઝર્વ બાદ ચીને પણ વ્યાજદરમાં ઘટાડો આપ્યો છે. રેટકટની સાથે અર્થતંત્રને વેગ આપવા માટે સરેરાશ અલગ-અલગ એક ટ્રિલિયન યુઆનનું સ્ટીમ્યુલસ પેકેજ રજૂ કર્યું છે જેના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં સોના-ચાંદીને મજબૂત સપોર્ટ મળ્યો છે.

# સિસ્ટમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાનમાં રોકાણનુંમ ઘોડાપૂરઃ ઑગસ્ટમાં ₹ ૨૩,૫૪૭ કરોડનું વિક્રમી રોકાણ

નવી દિલ્હીઃ એક તરફ મોટાભાગના રોકાણકારો બેંકોમાં ફિક્સ ડિપોઝીટ્સ રાખવાનું ટાળી રહ્યા છે તો બીજી તરફ વધુ રિટર્ન મેળવવા માટે લોકો ઇક્વિટી અને મ્યુચ્યુઅલ ફંડ્સ જેવા સેગમેન્ટમાં જંગી રોકાણ કરી રહ્યા છે. મ્યુચ્યુઅલ ફંડ એસઆઈપી યોગદાન ઑગસ્ટમાં સતત બીજા મહિને રૂ. ૨૩ હજાર કરોડને વટાવી ગયું છે.

ઓગસ્ટમાં રોકાણકારોએ તેમાં રૂ. ૨૩,૫૪૭ કરોડનું રોકાણ કર્યું હતું, જે જુલાઈમાં રૂ.૨૩,૩૩૨ કરોડની તુલનાએ વધ્યું છે. ઇક્વિટી માર્કેટમાં મિશ્ર ટ્રેન્ડ તેમજ વૈશ્વિક સ્તરે સતત વધી રહેલા જીઓ પોલિટીકલ ઇશ્યુ વચ્ચે પણ રોકાણકારોને ઇક્વિટી સાથે મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ પ્રત્યે આકર્ષણ વધ્યું છે.

કંપનીઓ દ્વારા આવી રહેલા નવા ફંડ ઓફરમાં પણ રોકાણ પ્રવાહ ઝડપી વધી રહ્યો છે. ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ ૩ ટકા વધીને રૂ. ૩૮,૨૩૯ કરોડ થયું હતું જે જુલાઈમાં રૂ. ૩૭,૧૧૩ કરોડ હતું. તે જ સમયે, સેક્ટોરલ અથવા તો થિમેટિક ફંડ્સમાં રોકાણ એક ટકા ઘટીને રૂ.૧૮,૧૧૭ કરોડ થયું છે.

આ સિવાય ઓગસ્ટમાં ઊકજ્જ અને ફોકસ્ડ ફંડ્સ સિવાય તમામ કેટેગરીમાં રોકાણ જળવાઇ રહ્યું હતું જ્યારે ઊકજ્જ ફંડ્સ અને ફોકસ્ડ ફંડ્સમાંથી સતત પાંચમા મહિને આઉટફ્લો ચાલુ રહ્યો હતો. ઓવરનાઈટ ફંડ્સમાં સૌથી વધુ રોકાણ નોંધાયું હતું.

ઓગસ્ટમાં લિક્વિડ ફંડમાં રૂ.૧૫,૧૦૫ કરોડનું રોકાણ હતું, જ્યારે જુલાઈમાં રૂ. ૪,૪૫૧ કરોડનું રોકાણ હતું. તે જ સમયે, રોકાણકારો ડેટ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવાથી દૂર રહ્યાં છે. ઓગસ્ટમાં રૂ.૪૫,૧૬૯ કરોડનું રોકાણ કરવામાં આવ્યું હતું. જે જુલાઈ કરતાં ૬૨ ટકા ઓછું છે.

જુલાઈમાં ૧.૧૯ લાખ કરોડ રૂપિયાનું રોકાણ નોંધાયું હતું. હાઇબ્રિડ ફંડમાં કુલ રોકાણ ૪૩ ટકા ઘટ્યું છે. ઓગસ્ટમાં ૧૦ હજાર કરોડ રૂપિયા હતું જે જુલાઈમાં ૧૭,૪૩૬ કરોડ રૂપિયાનું થયું. મ્યુચ્યુઅલ ફંડ સંચાલન હેઠળની અસક્યામતો વધીને ૬૭ લાખ કરોડ પહોંચી છે.

મ્યુચ્યુઅલ ફંડની કુલ અસ્કયામતો અન્ડર મેનેજમેન્ટ (એયુએમ) ત્રણ ટકા વધીને રૂ. ૬૬.૭૦ લાખ કરોડ પહોંચી છે જે જુલાઈમાં રૂ. ૬૪.૬૯ લાખ કરોડ હતી. ફંડ મેનેજરે હતું કે રોકાણકારો માટે મ્યુચ્યુઅલ ફંડમાં એકસાથે રોકાણ કરવા માટે એનએફઓ પસંદગીનો માર્ગ છે કારણ કે તે નિશ્ચિત સમયગાળા માટે રોકાણ કરવાની સુવિધા પૂરી પાડે છે.

ગોલ્ડ ઇટીએફમાં રોકાણ વધીને રૂ.૧૬૧૧ કરોડ નોંધાયું છે જે જુલાઈના રૂ.૧૩૩૭ કરોડથી વધુ છે. આ વધારો આંશિક રીતે ઓગસ્ટ દરમિયાન સોનાના ભાવમાં થયેલા સુધારાને કારણે થયો હતો, જેણે રોકાણકારોમાં ખરીદીની પ્રવૃત્તિમાં વધારો કર્યો હતો. ફોલિયોની સંખ્યા ઓગસ્ટમાં ૨૦ કરોડને ક્રોસ કરી ગઈ છે જે જુલાઈમાં ૧૯.૮૪ કરોડ હતી.

# શૅરબજારનું ધ્યાન ફરી એકવાર જેરોમ પોવેલની સ્પીચ પર, કોર્પોરેટ પરિણામને આધારે શેરલક્ષી કામકાજ જોવા મળશે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારનું ધ્યાન ફરી એકવાર જેરોમ પોવેલની સ્પીચ પર મંડાયેલું છે. એ જ સાથે, આર્થિક ડેટાની પણ પ્રતીક્ષા છે. આગામી દિવસોમાં કોન્સોલિડેશન વચ્ચે કોર્પોરેટ પરિણામને આધારે શેરલક્ષી કામકાજ જોવા મળશે.

બજારના નિષ્ણાતોના મતે, મેન્યુફેકચરિંગ અને સર્વિસિસ પીએમઆઇ ડેટા, ઓટો વેચાણના માસિક આંકડા, યુએસ જોબ ડેટા અને આગામી સપ્તાહમાં ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જેરોમ પોવેલના ભાષણ પર ધ્યાન કેન્દ્રિત કરીને સંભવિત એકત્રીકરણ વચ્ચે એકંદર સેન્ટિમેન્ટ સકારાત્મક રહી શકે છે.

ટેક્નિકલ નિષ્ણાતો અનુસાર નવી ઊંચી સપાટીએ પહોંચ્યા પછી નિફ્ટી ૫૦ ઇન્ડેક્સ થાક ખાવા માટે વિરામના સંકેતો દર્શાવે છે. દૈનિક ચાર્ટ પર સ્મોલ બેરિશ કેન્ડલની રચના થોડા સત્રો માટે રેન્જ-બાઉન્ડ ટ્રેડિંગમાં સંભવિત શિફ્ટ સૂચવે છે, જે અગાઉના બજારચક્રમાં જોવા મળેલી પેટર્ન છે. જો કે, આ કોન્સોલિડેશન કામચલાઉ રહેવાની ધારણા છે, નજીકના ભવિષ્યમાં વધુ એક અપવર્ડ બ્રેકઆઉટની શક્યતા છે. નિફ્ટી વધતી ચેનલ બ્રેકઆઉટ ઉપર સાપ્તાહિક બંધ સાથે મજબૂતી દર્શાવે છે. ટૂંકા ગાળામાં નિફ્ટી ૨૬,૫૦૦ સુધી આગળ વધી શકે છે.

કંપનીઓ આ અઠવાડિયે તેમના પ્રી-ક્વાર્ટરલી અપડેટ્સ બહાર પાડશે. દરમિયાન બીજી ઓક્ટોબરે ગાંધી જયંતિ નિમિત્તે શેરબજાર બંધ રહેશે.

વૈશ્વિક સ્તરે રોકાણકારો ખાસ કરીને સપ્ટેમ્બરની બેઠકમાં નોંધપાત્ર ૫૦ બેસિસ રેટ કટ પછી, યુએસ ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જેરોમ પોવેલના ૩૦ સપ્ટેમ્બરના રોજના ભાષણ પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ ઉપરાંત અમેરિકાના માસિક જોબ ઓપનિંગ્સ અને ક્વિટ્સ, બેરોજગારી દર, નોન-ફાર્મ પેરોલ્સ, વાહનોનું વેચાણ અને યુએસમાંથી ફેક્ટરી ઓર્ડર ડેટા પર પણ રોકાણકારોની નજર રહેશે. સ્થાનિક મોરચે, ઓગસ્ટ માટે રાજકોષીય ખાધ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર આઉટપુટ ડેટા અને ૨૦૨૪ ના જૂન ક્વાર્ટર માટે કરંટ આકાઉન્ટ અને એક્સટર્નલ ડેટના આંકડા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, જે તમામ ૩૦ સપ્ટેમ્બરના રોજ નિર્ધારિત છે. વધુમાં, મેન્યુફેક્ચરિંગ અને સર્વિસીસ પીએમઆઇના સપ્ટેમ્બર ડેટા અનુક્રમે ૧ ઓક્ટોબર અને ૪ ઓક્ટોબરે જાહેર કરવામાં આવશે.

એફઆઈઆઈએ છેલ્લા સપ્તાહ દરમિયાન કેશ સેગમેન્ટમાં રૂ. ૩,૯૩૩ કરોડના શેરનું ચોખ્ખું વેચાણ કર્યું હતું, પરંતુ સપ્ટેમ્બરમાં રૂ. ૨૨,૪૦૪ કરોડના ખરીદદારો રહ્યા હતા, જ્યારે સપ્તાહમાં ડીઆઈઆઈ પાસેથી રૂ. ૧૫,૯૬૨ કરોડની જંગી ખરીદી થઈ હતી. મહિના માટે કુલ પ્રવાહ રૂ. ૨૪,૨૧૨ કરોડ થયો છે.

# ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૧ પૈસા ઘસાયો

મુંબઈઃ ઇક્વિટી માર્કેટમાં ભારે ઘટાડા વચ્ચે વિદેશી હૂંડિયામણ બજારમાં અમેરિકન ડોલર સામે રૂપિયો ૧૧ પૈસા ઘટીને ૮૩.૮૦ના સ્તરે સ્થિર થયો છે. ક્રૂડ ઓઈલની અસ્થિર કિંમતો અને વિદેશી ભંડોળના બાહય પ્રવાહ વચ્ચે એક ટકાથી વધુનો ભારે ઘટાડો જોવા મળતા ઈક્વિટી બજારોના સંકેતોને લીધે પ્રારંભિક ઉપલબ્ધ આંકડા અનુસાર સોમવારે યુએસ ડોલર સામે રૂપિયો ૧૧ પૈસા ઘટીને ૮૩.૮૦ની સપાટી પર સ્થિર થયો હતો.

જો કે, વિશ્વની અન્ય મુખ્ય કરન્સી સામે ગ્રીનબેક નબલો પડ્યો હોવાથી ભારતના સ્થાનિક એકમને ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડર્સે જણાવ્યું હતું, જ્યારે રોકાણકારોએ આ અઠવાડિયે જાહેર થનારા સ્થાનિક મેક્રોઇકોનોમિક ડેટાના સંકેતોની રાહ જોતા વાડ પર બેઠાં રહી નિરિક્ષણ કરતા રહેવાનું પસંદ કર્યુ હતું.

વિદેશી હૂંડિયામણ બજારના સાધનોએ જણાવ્યું હતું કે, ચીન દ્વારા જાહેર કરવામાં આવેલા નાણાકીય અને રાજકોષીય સ્ટિમ્યુલસ પેકેજને કારણે વિદેશી ભંડોળ પાછું ખેંચાઇ રહ્યું છે, કારણ કે રોકાણકારો વધુ સારું પ્રદર્શન કરતા ચીની બજાર તરફ વળી રહ્યાં છે.

# સેબીએ એફપીઆઈની ચોક્કસ કેટેગરીના રજિસ્ટ્રેશનના નિયમ હળવા કર્યા

નવી દિલ્હીઃ સેબીએ વિદેશી પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સ (એફપીઆઇ)ની ચોક્કસ કેટેગરી માટે એકની એક માહિતી ફરી આપવી ન પડે તે માટે કોમન એપ્લિકેશન ફોર્મ (સીએએફ)નું નવું વર્ઝન રજૂ કરવાની દરખાસ્ત કરી છે, જેથી રજિસ્ટ્રેશન વખતે એફપીઆઈએ નવી માહિતી હોય તે જ ભરવાની રહેશે.

બાકીની માહિતી આપોઆપ ડિપોઝીટરીના રેકોર્ડમાંથી ભરાઈ જશે અને જરૂરી નહીં હોય તે આપોઆપ દૂર થઈ જશે. અરજદાર એફપીઆઈએ અગાઉની માહિતીમાં કોઈ ફેરફાર નથી તેવું કન્ફર્મેશન આપવાનું રહેશે. સેબીએ આ દરખાસ્ત પર ૧૫ ઓક્ટોબર સુધી જનતા અને સંબંધિતોના અભિપ્રાય માગ્યા છે. સેબીને માલૂમ થયું હતું કે ઈન્વેસ્ટમેન્ટ મેનેજર કેટેગરીમાં મલ્ટિપલ ફંડ્સ હોય, માસ્ટર ફંડના સબ-ફંડ્સ હોય કે વીમા કંપનીઓની સ્કીમ હોય તો તેમાં ઘણી માહિતી તેમણે ડિપોઝીટરીને આપેલા ઈઅૠ મોડ્યુલમાં હોય જ છે, જે ફરી તેમણે ભરવી પડે છે. આવા કિસ્સામાં એફપીઆઈનો સમય ન બગડે અને માહિતીનું પુનરાવર્તન ન થાય તે માટે અરજી ફોર્મમાં સુધારાની દરખાસ્ત કરી છે. સેબીએ કહ્યું હતું કે ચોક્કસ કેટેગરી હેઠળ રજિસ્ટર્ડ અરજદારે સીએએફનું સુધારેલું વર્ઝન ભરવાનું રહેશે જેમાં માત્ર અગાઉની જે માહિતીમાં ફેરફાર હોય તેની જ વિગત આપવાની રહેશે. અરજદાર તરફથી કન્ફર્મેશન અને માહિતી મળે તે પછી કસ્ટોડિયન્સે સીએએફની વિગત અપડેટ કરવાનું રહેશે. આમ કરવાથી ખાસ્સો એવો સમય બચી જશે અને અરજીપત્રના પેજની સંખ્યા પણ ઘટી જશે તેમ સેબીએ કહ્યું હતું.

# થાપણ વૃદ્ધિ કરતા ધિરાણની માગ વધવાથી દેશની બૅન્કિંગ પ્રણાલી સમક્ષ રોકડના પડકારની ગંભીર પરિસ્થિતિ

મુંબઇઃ દેશની ૬૭ ટકા બેન્કોની થાપણોમાં ઘટાડા અને ધિરાણમાં વૃદ્ધિનો દોર ચાલુ રહ્યો છે, જે બેન્કિંગ સેક્ટર માટે સારી બાબત નથી. દેશની બેન્કિંગ નિયામક રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ)એ આ અંગે અગાઉ જ ચિંતા વ્યક્ત કરી છે. બેન્કો દ્વારા આપવામાં આવતી લોનનો ગ્રોથ ડિપોઝિટ કરતાં વધવાથી દેશની બેન્કિંગ પ્રણાલી સમક્ષ રોકડના પડકારો ઉભા થાય તેવી ભીતિ વ્યક્ત થઈ રહી છે.

ઉદ્યોગ સંગઠન ફિક્કી અને આઇબીએના સંયુક્ત રિપોર્ટમાં આ આશંકા વ્યક્ત કરાતાં ભલામણ કરવામાં આવી છે કે, લોન ગ્રોથ સાથે તાળો બેસાડવા ડિપોઝિટમાં વધારો અને લોન ખર્ચમાં ઘટાડો કરવો જરૂરી છે, તમામ બેન્કોએ હવે આ મુખ્ય એજન્ડા પર ધ્યાન કેન્દ્રિત કરવા ભલામણ પણ કરી છે. રિપોર્ટ મુજબ, ૬૭ ટકા બેન્કોની કુલ ડિપોઝિટમાં ચાલુ ખાતા અને બચત ખાતાની ડિપોઝિટનો હિસ્સો ઘટ્યો છે. બેન્કો પાસેથી મળેલી માહિતી અનુસાર, પાછલા કેટલાક મહિનામાં ઊંચા અને આકર્ષક દરોના કારણે ફિક્સ્ડ ડિપોઝિટમાં વૃદ્ધિ નોંધાઈ છે. જાહેર સેક્ટરની ૮૦ ટકા બેન્કોએ ૨૦૨૪ના પ્રથમ છ માસમાં બચત અને ચાલુ ખાતા (કાસા)માં જમા રકમનો હિસ્સો ઘટ્યો હોવાનું જણાવ્યું હતું. ખાનગી સેક્ટરની અડધાથી વધુ બેન્કોએ ચાલુ અને બચત ખાતામાં ડિપોઝિટનો હિસ્સો ઘટ્યો હોવાનું જણાવ્યું હતું.

આ સર્વેમાં સરકારી, ખાનગી અને વિદેશી બેન્કો સહિત કુલ ૨૨ બેન્કોએ ભાગ લીધો હતો, જે કુલ બેન્કિંગ ઇન્ડસ્ટ્રીમાં ૬૭ ટકા હિસ્સો ધરાવે છે. રિપોર્ટ અનુસાર, ૭૧ ટકા બેન્કોએ પાછલા છ મહિનામાં નોન-પરફોર્મિંગ એસેટ્સ (એનપીએ)ના સ્તરમાં ઘટાડો નોંધાવ્યો છે. આ સમયગાળા દરમિયાન જાહેર ક્ષેત્રની ૯૦ ટકા બેન્કોની એનપીએમાં ઘટાડો થયો છે જ્યારે ૬૭ ટકા ખાનગી બેન્કોએ ઘટાડો દર્શાવ્યો છે.

# ગ્લોબલ ઇક્વિટી માર્કેટમાં પણ સેકન્ડરી માર્કેટ કરતા પ્રાઈમરી માર્કેટમાં વધુ જોમ

મુંબઇઃ ઇઝરાયલના લેબનોન સાથેના નવા ઘર્ષણ છતાં એકંદર વૈશ્વિક અર્થતંત્ર સામે મંદીનું જોખમ ઓસરવાના સંકેત સાથે ગ્લોબલ સેકન્ડરી માર્કેટમાં તેજીની આગેકૂચ ચાલુ રહી છે. ગ્લોબલ સેકન્ડરી શેરમાર્કેટમાં તેજીના બુલરનનો ફાયદો કંપનીઓ પ્રાઈમરી માર્કેટમાં પણ ઉઠાવી રહી છે. એક બાદ એક મોટા આઈપીઓ બજારમાં પૈસા એકત્ર કરવા આવી રહ્યાં છે અને નાનાથી લઈને મોટા તમામ રોકાણકારો તેને બહોળો પ્રતિસાદ પણ આપી રહ્યાં છે.

એક અંદાજ અનુસાર ૨૦૨૪માં ઓગસ્ટ મહિના સુધીમાં જ ૮૨૨ જાહેર ભરણાં આવી ચૂક્યાં છે. લંડન સ્થિત ડેટા એનાલિટિક્સ ફર્મનો તાજેતરનો અહેવાલ સૂચવે છે કે કેલેન્ડર વર્ષ ૨૦૨૪ના પ્રથમ આઠ મહિના એટલે કે ઓગસ્ટ સુધી ૬૫ અબજ ડોલર એકત્ર કરવામાં આવ્યા છે. ૨૦૨૩ના ૧૫૬૪ લિસ્ટિંગ મારફત એકત્ર કરવામાં આવેલા ૫૫.૪ અબજ ડોલરની સામે ૨૦૨૪નો આ આંકડો વાર્ષિક ૧૭.૪ ટકાનો ઉછાળો દર્શાવે છે. આંકડાની દ્રષ્ટિએ આઈપીઓની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે, પરંતુ ૨૦૨૪માં મોટા કદના ભરણાનું પ્રમાણ વધારે હતુ.

એશિયા-પેસિફિક (એપીએસી) ક્ષેત્રમાં સૌથી વધુ વ્યવહારો નોંધાયા હતા. કુલ ૫૭૫ આઈપીઓમાં કંપનીઓએ ૨૩.૭ અબજ ડોલર એકત્ર કર્યા હતા, જ્યારે ઉત્તર અમેરિકામાં ૨૫.૪ અબજ ડોલરના ૧૪૯ સોદા થયા હતા. ૨૦૨૪ના પ્રથમ આઠ મહિનામાં કુલ ૧૨.૨ અબજ ડોલરના ૨૨૭ આઈપીઓ સાથે એપીએસી માર્કેટમાં ભારત ટોચે રહ્યું છે.

ભારતમાં આ સમયગાળામાં એસએમઈ આઈપીઓની ભરમાર રહી હતી. ૨૩.૧ અબજ ડોલરના ૧૩૩ સોદા સાથે યુએસ બીજા ક્રમે છે, જ્યારે ચીન ૫.૩ અબજ ડોલરના ૬૯ સોદા સાથે ત્રીજા ક્રમે છે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# દાહેદમાં છ વર્ષની બાળા સાથે અડપલાંની ઘટનાના વિરોધમાં રાજકોટમાં આપનો મોરચો

અમદાવાદ: તાજેતરમાં જ દાહોદમાં છ વર્ષની બાળકી સાથે અડપલાં કરી હત્યા નિપજાવનારા આરોપી આચાર્યને ફાંસી આપવાની માગ સાથે રાજકોટમાં આમ આદમી પાર્ટી દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. આપની મહિલા કાર્યકરોએ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના ફોટો સાથેના પ્લેકાર્ડમાં લખ્યું હતું કે, ૬ વર્ષની દીકરી સાથે હેવાનિયત કરનાર આરોપીને ફાંસી અપાવી શકશો દાદા? આ સાથે જ ભાજપના નેતાઓને બંગડી બતાવી હતી. રાજકોટના કિશાનપરા ચોકમાં આમ આદમી પાર્ટી દ્વારા દાહોદની ઘટના મામલે યોજાયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન કહેવાતી, ભરોસાની ભાજપ સરકાર, ૬ વર્ષની દીકરી સાથે હેવાનિયત કરનાર આરોપીને ફાંસી અપાવી શકશો દાદા? માસૂમ દીકરીના હત્યારાને ફાંસી આપો' જેવી લાઈનો સાથેનાં પોસ્ટર સાથે આપના કાર્યકર્તાઓ રોડ પર ઊતર્યા હતા. ઉપરાંત ભાજપના ચૂંટણી ચિહ્નને ઊલટું બતાવતું પોસ્ટર દેખાડવામાં આવ્યું હતું. રોડ ચક્કાજામ કરવામાં આવતા પોલીસે મહિલાઓ સહિતના ૧૬ કાર્યકરોની ટીંગાટોળી કરી અટકાયત કરી લીધી હતી. આમ આદમી પાર્ટીના રાજકોટના પ્રમુખ રાજલબેન ગઢવીએ જણાવ્યું હતુ કે, જો ૧૫૦૦ કિલોમીટર દૂર પશ્ચિમ બંગાળમાં રહેલી તબીબ દીકરીને ન્યાય આપવા સત્તાધારી પક્ષ જતો હોય તો આ તો ગુજરાતની દીકરી છે. દાહોદની ૬ વર્ષની બાળકી સાથે અડપલાં કરી હત્યા કરાનારા નરાધમ આચાર્યને ફાંસી આપવી જોઈએ તેવી માગ છે. આ સમયે હું પૂછવા માગું છું કે પશ્ચિમ બંગાળની દીકરીને ન્યાય અપાવવા નીકળેલો મહિલા મોરચો અને કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયા, ધારાસભ્ય દર્શિતાબેન શાહ અને રિવાબા જાડેજા ક્યાં સૂતાં છે? શું ગુજરાતની દીકરીને ન્યાય અપાવવા માટે બહાર નહીં નીકળે? ■

## સૌરાષ્ટ્રનો સૌથી મોટો શેત્રુંજી ડેમ છલકાયો



સૌરાષ્ટ્રનો સૌથી મોટો અને ભાવનગરના પાલિતાણા નજીક આવેલો શેત્રુંજી ડેમ સોમવારે ઓવરફ્લો થતાં ભાવનગરવાસીઓમાં આનંદની લાગણી ફેલાઈ ગઈ છે. ચોમાસાની શરૂઆતમાં ભારે વરસાદ વચ્ચે પણ શેત્રુંજી ડેમ ઉતરતા ભાદરવા મહિનામાં પાછોતરા વરસાદને લીધે આખરે ૧૦૦ ટકા ભરાઇ ગયો હતો અને આખરે ઓવરફ્લો થતા ડેમનો એક દરવાજો ખોલવામાં આવ્યો હતો. જેના કારણે શેત્રુંજી નદીમાં લાંબા સમય બાદ ધસમસતા નીર જોવાં મળ્યાં હતાં. (તસવીરઃવિપુલ હિરાણી)

# ઉમરાળામાં અડધો ઇંચ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લામાં વરસાદનું જોર ઘટ્યું છે. સોમવારે સાંજ સુધીમાં માત્ર ઉમરાળા તાલુકામાં અડધો ઇંચ વરસાદ પડ્યો હતો,બાકીના તાલુકાઓમાં મેઘરાજાએ વિરામ લીધો હતો. ભારે વરસાદની આગાહી વચ્ચે ઉમરાળામાં જ અડધો ઇંચ વરસાદ પડ્યો છે. ભાવનગર શહેરમાં વરસાદના છ વાગ્યા સુધી વરસાદ પડ્યો નહોતો. જોકે વાદળીયું વાતાવરણ હોય રાત્રે વરસાદની સંભાવના છે. ભાવનગર શહેરમાં મહત્તમ તાપમાન ૩૨.૭ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુતમ તાપમાન ૨૪.૩ ડીગ્રી રહેવા પામ્યું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૧ ટકા રહ્યું હતું. જ્યારે પવનની ઝડપ ૮ કિમી પ્રતિ કલાકની રહી હતી. ■

# રાજકોટમાં વધુ ૨૬ સીએનજી બસ દોડશેઃ કુલ ૧૫૧ બસ નાગરિકોની સેવામાં

અમદાવાદઃ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કાર્બન ઉત્સર્જનમાં તથા પ્રદૂષણમાં ઘટાડો કરવાના ભાગરૂપે શહેરમાં વધુ ૨૬ સીએનજી ફ્યુઅલ આધારિત બસનું મેયર દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું છે. આજથી શહેરમાં સિટી બસ સેવા તથા બીઆરટીએસ બસ સેવામાં કુલ ૭૮ સીએનજી આધારિત બસ તથા કૂલ ૯૯ ઈલેક્ટ્રિક બસ કાર્યરત છે. રાજકોટના શહેરીજનોને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાલ કુલ ૧૫૧ બસ મારફતે સિટી બસ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ કામગીરી કરવામાં આવી રહેલી છે. આ બંને બસ સેવાનો દૈનિક ધોરણે અંદાજીત ૫૦,૦૦૦થી વધુ લોકો દ્વારા લાભ લેવામાં આવે છે. રાજકોટ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટેશન સર્વિસ દ્વારા શહેરમાં બીઆરટીએસ તથા સિટી બસ સેવા ચલાવવામાં આવે છે. હાલ શહેરમાં સિટી બસ સેવા તથા બીઆરટીએસ બસ સેવામાં ૫૨ સીએનજી ફ્યુઅલ આધારિત બસ તથા ૯૯ ઈલેક્ટ્રિક બસ કાર્યરત છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કાર્બન ઉત્સર્જનમાં તથા પ્રદૂષણમાં ઘટાડો કરવાના ભાગરૂપે આજે ૩૦ સપ્ટેમ્બરના રોજ વધુ નવી ૨૬ સીએનજી ફ્યુઅલ આધારિત બસ શરૂ કરવામાં આવી છે. આ ૨૬ સીએનજી ફ્યુઅલ આધારિત બસનું મેયર નયનાબેન પેઢડીયા તથા અન્ય મહાનુભાવોના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું. આજથી શહેરમાં રાજકોટ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટેશન સર્વિસની ૭૮ સીએનજી ફ્યુઅલ આધારિત બસ શહેરી પરિવહનમાં કાર્યરત રહેશે. ■

# અમરેલી જિલ્લામાં વરસાદ અટકતો નથીઃ સતત ઝાપટાંથી નવરાત્રિના આયોજકોની ચિંતા વધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી જિલ્લામાં આજે સતત પાંચમા દિવસે અનેક તાલુકાઓમાં વરસાદી ઝાપટાં યથાવત રહ્યાં હતા. અમરેલી શહેરમાં સમી સાંજે એક કલાકથી મેઘરાજાએ સટાસટી બોલાવી હતી. અમરેલી શહેરના અનેક વિસ્તારોમાં વરસાદી પાણી પણ ભરાયાં હતાં. સતત વરસાદથી નવરાત્રિના આયોજકોમાં ચિંતાના વાદળો છવાયાં છે.

અમરેલીના રાજકમલ ચોકમાં ઘૂંટણ સમા વરસાદી પાણી ભરાયાં હતાં. તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ધોધમાર વરસાદ ચાલુ રહ્યો હતો. અમરેલી શહેરમાં પાંચ પાર્ટી પ્લોટમાં નવરાત્રિનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં પણ આ સ્થિતિ જોવા મળે છે જેને લઈને ખેલૈયાઓમાં પણ નિરાશા જોવા મળી રહી છે. બગસરા સહિત ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ વરસતા લોકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો હતો.

અમરેલી જિલ્લામાં તમામ જળાશયો ઓવરફ્લો થયા છે અને ઉપરવાસમાં વરસાદના કારણે જળાશયો ભરાઈ ચૂક્યા છે. જિલ્લાનો રાજુલા ધાતરવડી ડેમ-૨ ઓવરફ્લો થયો છે. ત્યારે ડેમ ઓવરફ્લો થતાં આસપાસના ૧૦ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. આસપસાના ખાખબાઈ, હિંડોરણા, લોઠપુર, વડ, રામપરા, ભચાદર, ઉંચેયા ગામને એલર્ટ કરવામાં આવ્યા છે.

રવિવારે પણ હવામાન વિભાગની આગાહીના પગલે ખાંભા શહેરમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ખાંભા શહેરમાં બપોર બાદ વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ધોધમાર વરસાદ વરસ્યો હતો.

વીજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ આ વિસ્તારમાં વરસ્યો હતો. ખાંભા શહેરના રોડ રસ્તા ઉપર વરસાદી પાણી ફરી વળ્યાં હતાં. ■

# રાજકોટ અગ્નિકાંડના ૪ આરોપીઓના જામીન રદઃ હાઈકોર્ટના દરવાજા ખખડાવવા પડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડના ૪ આરોપીઓના જામીન કોર્ટે રદ્દ કર્યા હતા, ગેમઝોનના માલિક અશોકસિંહ જાડેજા, રાજકોટ મહાનગરપાલિકાના પૂર્વ ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેર, પૂર્વ આસિસ્ટન્ટ ટાઉન પ્લાનિંગ ઓફિસર ગૌતમ જોશી અને રાજેશ મકવાણાએ જામીન માટે કોર્ટમાં અરજી કરી હતી, આ અરજી અંગે સોમવારે કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. બાદમાં જામીન મામલે કોર્ટે ચુકાદો સંભળાવ્યો હતો. ચારેય આરોપીને જામીન ન મળતા હવે તેમણે હાઇ કોર્ટના દરવાજા ખખડાવવા પડશે.

ચારેય આરોપીની જામીન અરજીની મુદતમાં આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર ગૌતમ જોશી અને રાજેશ મકવાણાની જામીન અરજી સામે તપાસનીશ દ્વારા સોગંદનામું કરવાનું બાકી હોવાથી ચારેય આરોપીની જામીન અરજીમાં ૨૫ મી સપ્ટેમ્બરની મુદત પડી હતી. અગ્નિકાંડમાં સંડોવાયેલા અને હાલ જેલ હવાલે રહેલા ચારેય આરોપીઓએ કરેલી જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષના વકીલોએ દલીલો કરી હતી. સરકારી અને આરોપીના વકીલની દલીલો કોર્ટ દ્વારા સાંભળવામાં આવી હતી. ચકચારી કેસમાં લાંબી દલીલો થતા કોર્ટ કાર્યવાહી મોડા સુધી ચાલી હતી. અગ્નિકાંડના ચાર આરોપીની જામીન અરજી પર સોમવારે કોર્ટે ચુકાદો સંભળાવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટ ગેમઝોન અગ્નિકાંડમાં બાળકો, મહિલાઓ સહિત ૨૭ લોકો જીવતા ભૂંજાઈ ગયાની અતિ ગંભીર ઘટના બાદ પોલીસે ગેમ ઝોનનાં માલિક અને મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ ઓફિસર અને ચીફ ફાયર ઓફિસર સહિત ૧૫ ની ધરપકડ કરવામાં આવી હતી. જેમાં ૪ આરોપીઓની ચાર્જશીટ બાદની જામીન અરજી મામલે સોમવારે ચુકાદો આવ્યો હતો. ■

# સોમનાથમાં મેગા ડિમોલિશનના અંતે ૧૦૨ એકર જમીન ખૂલી કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીર સોમનાથ જિલ્લામાં પ્રભાસ પાટણ અને સોમનાથમાં બે દિવસ પહેલાં મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું. ત્યારબાદ તંત્રએ ડિમોલિશનની કામગીરી બાદ તાર ફેન્સિંગ કરી દીધું હતું. સોમનાથ મહાદેવના મંદિર અને સર્કિટ હાઉસની પાછળ ૨ દિવસથી મેગા ડિમોલિશન ચાલ્યું હતું. ડિમોલિશન બાદ તંત્ર દ્વારા જમીન પર તાર ફેન્સિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. તંત્ર દ્વારા ૫૦ જેસીબી દ્વારા ગેરકાયદેસર દબાણો દૂર કર્યા હતા. લગભગ ૩૨૦ કરોડની કિંમતની આશરે ૧૦૨ એકર જમીનમાં ફેન્સિંગ કરવામાં આવી હતી.

બીજા દિવસે ડિમોલિશનની કામગીરીને પગલે સોમનાથથી ભીડિયા તરફ જતો રસ્તો બંધ કરી દેવામાં આવ્યો હતો. જમીન સમતળ કરવા માટે અને કાટમાળ ખસેડવા માટેની કામગીરીને પગલે રસ્તો બંધ રાખવાનો નિર્ણય લીધો હતો. આ ઘટનાના પગલે સમગ્ર વિસ્તારમાં કોઈ પણ પ્રકારની અનિચ્છનીય ઘટના ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

સોમનાથમાં અત્યાર સુધીની સૌથી મોટું ડિમોલિશન કરવામાં આવ્યું હતું, ૯ ધાર્મિક દબાણ એક સાથે તોડી પાડવામાં આવ્યા હતા. અન્ય ત્રણ ધાર્મિક સ્થળો, ૪૫ નાના-મોટા પાક્કા મકાનો પણ તોડી પાડવામાં આવ્યા હતા. આ સ્થળે કલમ ૨૨૩ લાગુ કરી ચાર વ્યક્તિઓનાં એકઠાં થવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ડિમોલિશન વહીવટી રેવન્યૂ, વીજ, પીડબ્લ્યુડી સહિતના સંબંધિત વિભાગોના અધિકારીઓ અને સ્ટાફને પણ સ્થળ ઉપર તહેનાત કરવામાં આવ્યા હતા. ■

# આસિસ્ટન્ટ ટ્રાફિક ઇન્સ્પેક્ટરે એસ.ટી.ના જ ડ્રાઈવરને જાહેરમાં થપ્પડ ઝીંકી દીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના સીમાવર્તી રાપર તાલુકાના પ્રાગપરમા રહેનારા અને રાપર-ભુજ રૂટની રાજ્ય પરિવહનની બસમાં ફરજ બજાવનારા ડ્રાઈવરને મોડી પડેલી બસ માટે સવારના પહોરમાં મીઠી નીંદર માણી રહેલા આસિસ્ટન્ટ ટ્રાફિક ઇન્સ્પેક્ટરને ફોન કરીને કરેલી પૂછપરછ ભારે પડી ગઈ હતી અને જાહેરમાં કથિત રીતે થપ્પડ ખાવાનો વારો આવતાં એસ.ટી. તંત્રમાં ચકચાર પ્રસરી છે.

જાણવા મળેલી વિગતો અનુસાર, રાપર ડેપોમાં ફરજ બજાવતા ડ્રાઇવર હરેશ દવે વહેલી સવારે ઉપડનારી રાપર-ભુજ બસની રાહ જોઈને ઉભા હતા પરંતુ આ બસ સમયસર ન આવતાં તેમણે પ્રથમ તે બસના ડ્રાઇવર અને કંડકટરનો સંપર્ક કરવા પ્રયાસ કર્યો હતો પરંતુ કોઈ જવાબ ન મળતાં તેણે ડેપોના આસિસ્ટન્ટ ટ્રાફિક ઇન્સ્પેક્ટરને ફોન કરી બસ ક્યારે આવશે તે અંગે પૃછા કરી હતી. ત્યારબાદ રાપરના બસ સ્ટેશન પર અચાનક આવી ચઢેલા એટીઆઈએ 'મારી ઊંઘ કેમ બગાડી, મને ગમે ત્યારે ફોન કરવો નહીં' તેમ અવાક બનેલા હરેશ દવેને કહી જાહેરમાં લાફો ઝીંકી દેતાં તેના વિરુદ્ધ ડેપો મેનેજરને લેખિતમાં ફરિયાદ કરાઇ છે.

બીજી તરફ, સામે પક્ષે આવો કોઈ બનાવ ન બન્યાની પ્રતિ ફરિયાદ એટીઆઈ દ્વારા કરાઈ હોવાનું અને આ મુદ્દાને તપાસ અર્થે વિભાગીય નિયામકને મોકલી અપાશે તેમ ડેપો મેનેજરે જણાવ્યું હતું. ■

# વાપી-શામળાજી હાઈવે માટે તાપી જિલ્લામાં જમીન સંપાદનઃ વળતર ન મળતા ખેડૂતોમાં રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વાપીથી શામળાજીને જોડતો નેશનલ હાઈવે નંબર ૫૬ તાપી જિલ્લામાંથી પસાર થવાનો છે. ત્યારે નેશનલ હાઇવે ઓથોરિટી દ્વારા સંપાદનની તમામ પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. પરંતુ જમીન ગુમાવનારા ખેડૂતો કે લોકોને આજદિન સુધી વળતર નહીં મળતા ફરી ખેડૂતો દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

તાપી જિલ્લામાંથી પસાર થનારો નેશનલ હાઇવે ૫૬ વાપીથી શામળાજીને જોડશે. આ હાઇવે તાપી જિલ્લાના ૨૮ ગામમાંથી પસાર થાય છે. જેમાં ૧૧૦૦થી વધુ ખેડૂતોની જમીન આ હાઇવેમાં સંપાદન થઈ રહી છે. નેશનલ હાઇવે ઓથોરિટી દ્વારા સંપાદનની તમામ પ્રક્રિયા વર્ષ ૨૦૨૨માં પૂર્ણ કરી દેવામાં આવી છે. પરંતુ જે લોકો આ હાઇવેમાં જમીન ગુમાવી રહ્યા છે તે તમામ લોકોને સરકાર દ્વારા આજ દિન સુધી એક પણ રૂપિયાનું વળતર ચૂકવવામાં આવ્યું નથી.

અગાઉ પણ ખેડૂતો દ્વારા વારંવાર તેની રજૂઆત કરવામાં આવી હતી. પરંતુ હજુ સુધી તેનો કોઈ નિકાલ નહીં આવતા ફરી ખેડૂતોએ તાપી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપીને તેમને વહેલામાં વહેલી તકે યોગ્ય વળતર ચૂકવવામાં આવે તેવી માગ કરવામાં આવી હતી. ■

# જામનગરમાં આધાર કાર્ડના નામે લોકો તંત્ર સામે નોંધારાંઃ આધાર કેન્દ્રો બંધ થતા લોકોને પરેશાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગરઃ શહેર અને જિલ્લામાં આધાર કાર્ડ કેન્દ્રો નિરાધાર બન્યા હોય તેવી સ્થિતિ પ્રર્વતી રહી છે. એજન્સીઓએ પગાર ન વધારતા કર્મચારીઓ કામગીરીથી અળગા રહેતા છેલ્લા ૧૦ દિવસથી શહેરના મહેસૂલ સેવા સદન કેન્દ્રમાં આધારકાર્ડની કામગીરી બંધ થતા લોકોને ધરમના ધક્કા થઈ રહ્યા છે.

જામનગર શહેરમાં સેકશન રોડ પર આવેલા મહેસૂલ સેવા સદનમાં એટીવીટી સેન્ટરમાં આધારકાર્ડ કેન્દ્ર કાર્યરત છે. જેમાં શહેર વિસ્તારમાં આધારકાર્ડની કામગીરી છેલ્લા૧૦ દિવસથી બંધ છે. આથી આધારકાર્ડ કેન્દ્રમાં કામગીરી બંધ રહેતા લોકોને ધરમના ધક્કા થયા હતા. આ બાબતની કોઈ જાણ કરવામાં ન આવતા ગરમીમાં લોકોને પગે પાણી ઉતર્યા હતા. આટલું જ નહીં લોકોના નાણાં અને સમયનો વ્યય થયો હોવાની ફરિયાદો ઊઠી છે.

આ બાબતે રજૂઆતો કરવા છતાં પગલાં ન લેવાતા સ્થાનિક લોકોમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે. તેનું પરિણામ એ આવ્યું છે કે જામનગર શહેર અને જિલ્લામાં હજારો લોકોના આધારકાર્ડ ક્યારે નીકળશે? તે પ્રશ્નનો જવાબ શોધી રહ્યા છે. બીજી બાજુ આધારકાર્ડ ન હોવાને કારણે આ હજારો લોકોના બાળકોના શાળા પ્રવેશ સહિતના મહત્ત્વના કામો અટકી પડ્યા છે અને આ હજારો લોકો અનેક પ્રકારની હાલાકીઓનો સામનો કરી રહ્યા છે. શહેરમાં આધારકાર્ડ બનાવવા માટેની જ્તે મુખ્ય કચેરી છે, ત્યાં પણ તાજેતરમાં દિવસો સુધી આધારકાર્ડ કામગીરી બંધ થવા પામી હતી.

# ભાવનગરમાં ઘોડાની અડફેટે વૃદ્ધનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ઢોરની અડફેટે મોતના બનાવ છાશવારે બનતા હોય છે, પરંતુ ભાવનગર શહેરના મહિલા કોલેજ સર્કલમાં જ્યાં ઘોડાગાડીવાળા ઊભા રહે છે ત્યાં એકાદો ઘોડો છૂટી ગયો હોવાથી ચાર પાંચ લોકોને ઇજા થઈ હતી અને આ ઇજા પૈકી ગંભીર ઈજા પામેલા ગોપાલભાઈ સોહરાનું નિધન થયું હતું. ભાવનગર શહેરમાં હમણાંથી સર્કલે સર્કલે ઘોડાવાળાઓ ઊભા રહે છે. અને બીજી બાજુ શહેરમાં મુખ્ય ત્રણ સર્કલ, ઘોઘાસર્કલ, સરદારનગર સર્કલ અને મહિલા કૉલેજ સર્કલમાં તંત્ર દ્વારા સર્કલના નવીનીકરણનું કામ અંદર ચાલુ હોય માલ સમાન ઠેર ઠેર હોય બહારની બાજુ વાહનોના આડેધડ પાર્કિંગને લીધે ટ્રાફિકનો પ્રશ્ન પણ વધ્યો છે ટ્રાફિકની સમસ્યા પણ સર્કલોમાં વધે નહીં તે જોવું જરૂરી છે. આ કાર્યવાહી સત્વરે કરવા લોકમાંગ ઉઠી છે. ■

# મોબાઈલ બંધ થતા વેપારીને ખબર પડી કે, હું છેતરાયો છું!

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખ્યાન મરે. આ કહેવત હવે તળાજા પંથકમા નવા સ્વરૂપે ચીટરો અપનાવી રહ્યાં છે. તળાજા શહેર અને પંથકમા મોબાઈલ સહિતની ખાસ કરીને ફાયનાન્સ ઉપર મળતી વસ્તુઓ ફાયનાન્સ ઉપર ખરીદી કરીને તેને સસ્તાભાવે વેચવાનો એક નવો સિલસિલો શરૂ થયો છે.

ભાવનગરના તળાજાના એક વેપારી સાથે બનેલી ઘટના ની મળતી વિગતો મુજબ વેપારીને તેનો જ એક પરિચિત પ્રમાણમાં મોંઘો કહી શકાય મોબાઈલ સસ્તામા વેચવાનો છે. રૂપિયાની જરૂર છે તેમ કહી પાંચ પંદર દિવસ વાપરેલ મોબાઈલ વેચી ગયો હતો. વેપારી પણ પચાસેક હજારની કિંમતનો મોબાઈલ ઘણો જ સસ્તામાં મળી ગયો હોવાનું માનીને તે હરખાઈ ગયા હતા. જોકે પછી આ મોબાઈલ ઓટોમેટીક બંધ થઈ ગયો! આથી વેપારીએ મોબાઈલના વ્યવસાયીને પૂછતાં જવાબ મળ્યો કે, લોક કરી દેવામાં આવ્યો છે. મોબાઈલ નો હપ્તો ન ભર્યો હોય જેતે ફાયનાન્સ કરતી કંપની કે વેપારી મારી શકે છે. આ બાબત વેપારીની જાણમાં આવતા આખરે પોતે નવા જ પ્રકારના ચિટિંગનો ભોગ બન્યાનું બહાર આવ્યું હતું.

ઇલેક્ટ્રોનિક વસ્તુઓ ના વેપારીના જણાવ્યા પ્રમાણે ઘણા એવા લોકો આવે છે કે એક દુકાનેથી ફાયનાન્સ મા વસ્તુ ખરીદી કરી હોય તે વસ્તુ પેકેપેક અન્ય દુકાનદાર ને સસ્તામાં વેચીને રોકડી કરીને રૂપિયાની જરૂરિયાત પૂરી કરી રહ્યો છે. ધીરે ધીરે દેવાના ડુંગર તળે આ રીતે યુવાધન દબાઈ રહ્યું છે. ■

# ગાંધીધામમાં પાનના ગલ્લામાં રાખેલી ₹૭.૫૦ લાખ ભરેલી થેલી ચોરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પૂર્વ કચ્છના ઔદ્યોગિક પાટનગર ગાંધીધામ શહેરમાં જૂની કોર્ટ પાસે આવેલી એક પાનની કેબિનમાં વેપારીએ મૂકેલી સાડા સાત લાખ રોકડાં રૂપિયા ભરેલી થેલી ગણતરીની બે-ત્રણ મિનિટમાં ભેદી સંજોગોમાં ચોરાઈ જતાં ભારે ચકચાર મચી છે.

આદિપુરમાં રહેતા અને જૂની કોર્ટ પાસે મિલન પાન સેન્ટર નામથી પાન મસાલાની કેબિન ચલાવતા ૫૯ વર્ષિય જયકિશન ભાનુશાલીએ જણાવ્યું હતું કે, ગત મંગળવારે સવારે બેન્કમાં નાણાં જમા કરાવવાના હોઈ ફરિયાદી લીલા રંગની થેલીમાં રોકડાં સાડા સાત લાખ રૂપિયા લઈને દ્વિચક્રી પર કેબિને આવ્યા હતાં. કેબિન ખોલી અંદરની સાઈડમાં રૂપિયા ભરેલી થેલી મૂકી હતી અને નિત્યક્રમ મુજબ બાજુમાં આવેલી નાસ્તાની દુકાને પાણી ભરવા ચાલ્યા ગયા હતા. પાણી ભરીને બે-ત્રણ મિનિટમાં પરત દુકાને આવી કેબિનની સાફ સફાઈ શરૂ કરતાં રોકડાં રૂપિયા ભરેલી થેલી ગૂમ થઈ હોવાનું માલૂમ પડ્યું હતું. ગાંધીધામ એ ડિવિઝન પોલીસે જાણભેદુનો હાથ હોવાની આશંકા સાથે ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે. ■

# માધાપરમાં બંધ રહેણાંકમાંથી ૪.૩૩ લાખની તસ્કરીથી ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃસીમાવર્તી જિલ્લા કચ્છમાં બેખોફ બનેલા તસ્કરોનો રંજાડ જારી રહેવા પામ્યો હોય તેમ ભુજના માધાપરમાં એક બંધ મકાનમાં ખાતર પાડીને એક લાખ રોકડ અને ઘરેણાં સહિત કુલે રૂા. ૪,૩૩,૦૦૦ની માલમતાની ચોરી થયાનો બનાવ સામે આવ્યો છે.

આ અંગે માધાપર પોલીસ મથકે અશોકકુમાર ચત્રભુજ ભાનુશાલીએ નોંધાવેલી ફરિયાદ મુજબ માધાપર નવાવાસમાં ન્યૂ પારસનગર ખાતે તેઓ તથા તેના નાના ભાઇ મયૂર સાથે રહે છે. તેના નાના ભાઇ મયૂર તેના પરિવાર સાથે મકાનને તાળું મારી મેડિકલના કાર્ય માટે બહાર ગયા હતા. બીજા દિવસે ઘરમાં સાફ-સફાઈ માટે ફરિયાદી ગયા ત્યારે મુખ્ય દરવાજાનાં તાળાં તૂટેલાં જોવા મળ્યાં હતાં.

અંદર તપાસ કરતાં રોકડા રૂા. એક લાખ ઉપરાંત સોનાનું મંગળસૂત્ર, એક ચેઈન, પાંચ વીંટી, ચાર જોડી કાનની બુટી, એક જોડી નઝરિયા, ત્રણ ઓમકાર અને ચાંદીના પાંચ જોડી સાંકળા અને એક કંદોરો સહિત કુલે રૂા. ૪,૩૩,૦૦૦ની મતાની ચોરી થઇ હોવાનું ધ્યાને આવ્યું હતું. હાલ માધાપર પોલીસે અજાણ્યા તસ્કર વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# ભચાઉ-સામખિયાળી ધોરીમાર્ગ પર બ્રેકડાઉન ટ્રકની પાછળ ટ્રેઈલર અથડાતાં ચાલકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃપૂર્વ કચ્છના ભચાઉ-સામખિયાળી વચ્ચેના છ માર્ગીય રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર સોમવાર સવારે વધુ એક માર્ગ અકસ્માતની જીવલેણ ઘટના સર્જાઈ હતી જેમાં રસ્તાની વચ્ચે ઉભેલા ટ્રકની પાછળ મોરબી તરફ જઈ રહેલું કન્ટેનર ટ્રેલર અથડાઈ પડતાં તેના ચાલકનું ગંભીર ઈજાઓના પગલે મોત નીપજ્યું હતું. ભચાઉ પોલીસ પાસેથી મળેલી પ્રાથમિક વિગતો મુજબ, ગાંધીધામથી મોરબી તરફ જઈ રહેલું ટ્રેઈલર વોંધ નજીક પહોંચ્યું ત્યારે આગળ ઉભેલી ટ્રક પાછળ ટકરાઈ જતાં મૂળ ઉત્તર પ્રદેશના રામદયાલ મેબુલાલ ચૌહાણનું ઘટના સ્થળે મૃત્યુ થયું હતું.

આ અકસ્માતના પગલે ભારે વાહનોની અવર-જવરથી સતત ધમધમતા રહેતા માર્ગ પર ટ્રાફિક અવરોધાયો હતો. ■